વીર સંવત્ ૨૪૮૩
વિ. સંવત્ ૨૦૧૩
ઈસ્વી સન ૧૯૫૭

પ્રત–૭૫૦

મુદ્રકઃ–શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ,
દાણાપીઠ–ભાવનગર.

શ્રી આંતરજ્યોતિ દ્વિતીય વિભાગ.

પ્રકાશકોનું વક્તવ્ય

[illegible]

સમજાવી શકે છે. અને ભા. ૧ માં 'પુરોવચન' લખીને સમજાવ્યું છે તેમ આ બીજા ભાગમાં 'શમુલ્લાસ' લખીને આ ગ્રંથમાં શું છે? તે વિગતથી સમજાવ્યું છે. એટલે આ પદ માટે અમે અમો વિશેષ લખતા નથી. પણ 'સમુલ્લાસ' (પ્રાક્કથન) [illegible]ક વાચી પછી ગ્રંથનું સંપૂર્ણ વાચન કરવા તરફ [illegible] ધ્યાન ખેંચીએ છીએ.

આ. શ્રી કીર્તિસાગરસૂરિ પોતાના લખેલા ગ્રંથો માટે તેમજ તેવાં કાર્યો માટે ધનિકો પાસેથી ફંડ મેળવવા માટેના પ્રયત્નો કરવાનું ઉચિત માનતા નથી, પણ તેઓશ્રીના શિષ્યો અને ગુણાનુરાગીઓના પ્રયાસથી [illegible] સહાય મળે છે, તેમ આ ગ્રંથમા મળી છે. આ બીજા ભાગ માટે પણ રૂ. ૧૪૪૦) મદદ તરીકે મળ્યા છે; જેની વિગત તેઓશ્રીના બે બોલવાળા લખાણમા આપેલ છે. આ રકમની ૩૦૦) નકલો (આ ગ્રંથની) તેઓશ્રીને અપાશે; જે તેઓશ્રી તેના સહાયકો તથા યોગ્ય વ્યક્તિઓને ભેટ આપશે; તથા મંડળના હાલના સભ્યોની સંખ્યા જોતા ૨૫૦ નકલો સભ્યોને ભેટ અપાશે. જ્યારે શેષ નકલો વેચાણ માટે રહેશે હજી ત્રીજો ચોથો વિભાગ પ્રકટ થાય તેટલી લેખ સામગ્રી આચાર્યશ્રી પાસે તૈયાર જણાય છે. ઇચ્છીએ છીએ કે મંડળ તે પ્રકટ કરી શકે અને તેનુ વધુ વાચન થાય તેમ કરવાની દરેક પ્રકારે અનુકૂળતા મેળવે

અધ્યાત્મ જ્ઞાન-યોગવિદ્યા-તત્ત્વચિન્તન તથા સદ્બોધના જે શૈલીના ગ્રંથો આ મંડળ પ્રકટ કરે છે તેવા તે તે શૈલીના ગ્રંથો પ્રકટ કરનાર પ્રાયઃ અન્ય સંસ્થા નથી. અને એ અર્થે પણ મંડળ સૌના સહકારની અપેક્ષા રાખે છે.

મંડળના દરેક ગ્રંથ વાચકના આત્માને જાગૃત કરનાર છે જેથી સ્વ-પરનું ભાન થઇ, સ્વકર્તવ્ય તરફ દોરી જનાર અને શાશ્વત સુખ મેળવવા સહાયક બનો એવી ભાવના છે.

મુંબઈ ૨
૩૫૭ કાલબાદેવી રોડ
૨૦૧૩ : વસંત પંચમી

મણિલાલ મો. પાદરાકર
ગૌતમભાઈ અ. શાહ
માનદ મંત્રીઓ

પ્રથમભાગને છપાવી બહાર પાડવામા શેઠ લલ્લુભાઈ કરમચંદ-ભાઈએ તથા કવિરાજ **મણિલાલ મોહનલાલભાઈ** તથા શા. **મંગળદાસ લલ્લુભાઈએ** જે પ્રેરણાપૂર્વક સહકાર આપેલ હતો તે મુજબ બીજા ભાગમા તેમણે પ્રેરણા તથા સહકાર આપેલ છે; તથા શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના **ઉપપ્રમુખ શા. ફત્તેહચંદ ઝવેરભાઈએ** પ્રુફોને સુધારવા તથા લખાણ તપાસવામા જે તસ્દી લીધી છે તે તેમની હૈયાની ભક્તિ સૂચવે છે; આ પ્રમાણે ત્રીજો ભાગ બહાર પાડવામા ભક્તિ કરશે. એવી આશા છે.

બીજા ભાગમાં આવેલી ગૃહસ્થોની મદદ.

૯૦૦) અનુયોગાચાર્ય પંન્યાસજી મહોદયસાગરજી ગણીવર્યના સદુપદેશથી શ્રાવકો તરફથી આવેલા.

૫૦) શા. મૂલજીભાઇ જગજીવનદાસ તરફથી

૫૦) શા કુલચંદભાઇ પ્રાગજીભાઇ તરફથી

૫૦) શા ગગલભાઇ દલછાભાઇની ધર્મપત્ની બેન કમલાબાઇ તરફથી

૫૦) ડાપડીઆ નહાલચંદભાઇ હુકમચંદભાઇ તરફથી, પાંજરાપોળ

૪૦) સદ્‌ગુણાનુરાગી મુનિમહારાજજી કર્પૂરવિજયજીના શિષ્ય તપસ્વી પંન્યાસ મનોહરવિજયજી ગણી તરફથી

૩૦૦) અનુયોગાચાર્ય પંન્યાસ મહોદયસાગર ગણીના ઉપદેશથી મેસાણા સુધારા ખાતા પેટી તથા સંઘ તરફથી આવ્યા.

ઉપર મુજબ રૂા. ૧૪૪૦) જેઓ તરફથી મળ્યા છે તેઓને તથા યોગ્ય સ્થળે આ ગ્રન્થની નકલો ભેટ અપાશે.

સં. ૨૦૧૩
માગશિર શુદિ ૧૧
મહેસાણા

આચાર્ય કીર્તિસાગરસૂરિ

समुद्धाम.

प्रभावरूपं सर्वेषां मिथ्यात्वप्रकाशितं ।
ज्ञानमयं परं ज्योति लोकालोकप्रकाशकम् ॥
निराकारं निराधारं निर्विकल्पं निरामयं ।
ज्ञानमनः परं ज्योति निरवधि निरञ्जनम् ॥

પરસ્પર એવી સંકળાયલી છે કે એકના વિના બીજીનો વિકાસ અધૂરો રહી જાય છે; જેથી બન્ને શક્તિઓ સાથે જ આવશ્યક છે; ચેતનાનો વિકાસ એટલે સમ્યગ્ શ્રદ્ધાનપૂર્વક જ્ઞાન મેળવવું અને વીર્યનો વિકાસ એટલે જ્ઞાન પ્રમાણે જીવન ઘડવું; જ્ઞાન અને ક્રિયા એ બન્ને એકાતો અર્થાત્ જીવનના છૂટા છૂટા છેડાઓ છે; એ બન્ને છેડાઓ ગોઠવાય તો જ ફળસાધક બને; અન્યથા નહિ; આ બાબતમા અંધ-પંગુ ન્યાય સુપ્રસિદ્ધ છે. જ્ઞાન ગમે તેટલું મેળવ્યું હોય પણ સમ્યક્ચારિત્ર સિવાયનું જ્ઞાન પાગળું છે; જેમ પાગળો માણસ ભલે દેખતો હોય પરંતુ પગ વિના બળતા અગ્નિ પાસેથી તે ઇષ્ટ સ્થાને જઇ શકતો નથી, તેમ જ્ઞાનીઓ જ્ઞાન બળે ભલે દેખતા હોય પણ તેઓ ચારિત્ર-ક્રિયારૂપ પગ વગર મોહજન્ય-કામ અને પરિગ્રહજન્ય-વાસનાઓના (Temptations) દાવાનળથી બચી મુક્તિ મુકામે જઇ શકતા નથી; જ્ઞાન-ક્રિયાની પરસ્પર મુખ્યતા અને ગૌણતા તો અવશ્ય રહેવાની; પૂ૦ ઉ૦ શ્રીમદ્ **યશોવિજયજી**એ પણ કહ્યું છે કે જળમા પેસી પગ ન હલાવે તારુ તે કેમ તરશે રે ! ખાસ કરીને જ્ઞાન મેળવવું તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનો વિષય છે અને તદનુસાર જીવન ઘડવું—એ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમનું કાર્ય છે.

જ્ઞાન મેળવવા માટે સાહિત્યની આવશ્યકતા ઊભી થાય છે; ભારતના સર્વ દર્શનોમા સાહિત્યનુ ઉચ્ચ સ્થાન છે; સાહિત્ય મનુષ્યને માનવતા શીખવે છે એટલું જ નહિં પણ નીતિ અને ધર્મને અનુસરતું સાહિત્ય બરાબર અધ્યયન કરવામા આવે, તેમા આવેલી શારીરિક, માનસિક ધાર્મિક, સામાજિક અને આધ્યાત્મિક સંપત્તિઓ મનુષ્ય પોતાના જીવનમાં સમન્વિત કરે અથવા દોષદૃષ્ટિ તજીને ગુણોનો આદર કરે તો મનુષ્ય સંસ્કારી બને છે; સંસ્કાર જીવનનું ઘડતર કરે છે, પ્રગતિના માર્ગે લઇ જઇ ધર્મબુદ્ધિ જાગૃત કરી મૈત્રી પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ ભાવનારૂપ આત્મિક શક્તિઓની **આંતર જ્યોતિ**ને પ્રકટ કરે છે અને પ્રાંતે અનેક શુભ સંસ્કારોથી સમૃદ્ધ થયેલો આત્મા પોતાના

પ્રકાશ છે તેથી જ આંતરજ્યોતિ નામ સાર્થક બને છે. હજી તો એમના એટલાં વિશાળ લખાણો છે અને વર્તમાનમા પણ લખ્યે જાય છે તે તપાસતાં–આંતરજ્યોતિના કદાચ પાંચ મોટા વિભાગો ક્રમે ક્રમે પ્રકાશિત કરવાનો મંડળને શુભ અવસર પ્રાપ્ત થાય !

પ્રસંગોપાત્ત કહેવાનું પ્રાપ્ત થાય છે કે શ્રીયુત **મંગલદાસ લલ્લુભાઈ** (ઘડીઆળી) કે જેઓ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સૌજન્યમૂર્તિ, આદીધારી અને સોભાવી મંત્રી લગભગ દશ વર્ષ થયા હતા, તેમનું કારતક ૧૯ ૯ તેપનમા વર્ષે આકસ્મિક અવસાન થવાથી મંડળે ઉત્તમ કાર્યકર ગુમાવ્યા છે અને તેમના અભાવથી ખોટ પડી છે; તેમને સ્મરણાંજલિરૂપે પ્રસ્તુત પુસ્તકમા તેમનુ સક્ષિપ્ત જીવન અને પ્રતિકૃતિ મૂકવામા આવી છે તે ઉચિત છે; અમો પણ આ પ્રસંગે તેમને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ અને શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે એમના અમર આત્માને શાંતિ મળો; સવારે તેઓશ્રી દેરાસરજીમા અમારી સાથે હતા અને બપોરે એક વાગે નશ્વર દેહ છોડીને ચાલી ગયા; એમને માટે આકસ્મિક બનેલા બનાવ માટે **વૈરાગ્યશતક**ની નીચેની ઉક્તિ આપણ સહુને ચેતવણી આપનારી છે.

जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह तुरमाणा ।
बहु विग्घो हु मुहुत्तो मा अवरण्हं पडिखेह ॥

અર્થાત્–" જે કાલે કરવાનુ હોય તે જલ્દી આજે કરો ! મુહૂર્ત પણ ઘણા વિઘ્નોવાળું છે જેથી બીજા પહોરનો પણ વિશ્વાસ કરતા નહિ ! "

મૃત્યુમાથી જીવન અને જીવનમાથી મૃત્યુ એ ઘટમાળ–પરંપરા અનાદિ કાળથી ચાલી આવે છે પરંતુ **મૃત્યુંજય કેમ બનવું** અથવા મૃત્યુ ઉપર વિજય કેમ મેળવવો એ ચાવી હાથ કરવાની માનવ જીવનમાં આવશ્યકતા છે; તે માટે સમ્રાટ્ **અશોક** પછી લગભગ ચારસો વર્ષ પછી અસાધારણ તત્ત્વજ્ઞાની રોમન સમ્રાટ્ **માર્કસ ઓરેલિયસ** થયેલા તેમના તથા વર્તમાન અસાધારણ પ્રતિભાશક્તિવાળા ભારતપ્રધાન

ખીસ્સાની ઘડીયાળ બગડવાથી તેને સુધારવા ઇચ્છા થતા તે ઉપર ચિત્ત લગાડયું અને રાત્રે ૧૦ થી ૧-૨ વાગતા સુધી ઘડીઆલો સુધારવા લાગ્યા-રીપેરીંગનું શીખી તેમા કેટલેક અંશે પ્રવિણતા મેળવી, અને ૧૯૨૪ મા ગીરગામ ઉપર દુકાન મેળવીને ઘડીયાળો રીપેર કરવાનું તથા નવી ઘડીઆળો વેચાણ કરવાનુ કામ શરૂ કર્યું; ૧૯૩૪ મા કાલબાદેવી ઉપર દુકાન કરી, જે હાલ પણ ચાલુ જ છે અને સવત ૨૦૧૩ ના (નવેમ્બર તા ૨ ૧૯૫૬) કાર્તક શુદ ૨ ના દિવસે સ્વર્ગવાસ પામ્યા

શ્રદ્ધાવાન્ પુરૂષનુ મૃત્યુ પણ નોંધવા યોગ્ય રીતે શાતિપૂર્વક જરા પણ ઉપાધિ વેઠ્યા વિના હાર્ટ ફેઇલથી થયુ

હમેશના નિયમ મુજબ-કાર્તક શુદ ૨ ને રવિવારે સવારે પોતાના મુકામેથી ભુલાભાઇ દેસાઇ રોડ-ના દેવકરણ મેન્સનમાના આ મંડળના ઉપપ્રમુખ **શ્રી ફતેહચંદભાઈ** સાથે મહારાજજીને પુસ્તકો આપવા માટે વાતચીત કરી બપોરે ત્યા જવા નિર્ણય કર્યો હતો દેરાસરે-પ્રભુપૂજા કરવા ગયા હતા, ઘેર આવી નવકારશીનુ પચ્ચખ્ખાણ પાળી દુધ વગેરે લઇને-વાલકેશ્વરના દેરાસરના દર્શનાર્થે પોતાના પત્ની સાથે નીકળ્યા-કાલબાદેવીના બસ સ્ટેન્ડ ઉપર ઉભા રહ્યા હતા; ત્યાથી જતા કેટલાક મિત્રોને મળ્યા; વાતો કરીને બસમા બેસી વાલકેશ્વર ગયા-વચલા દેરાસર ઉતરી દર્શન કર્યાં અને ચક્કર આવ્યા ગભરામણ થઇ-એટલે બેસી ગયા. ત્યા દર્શનાર્થે આવેલ ભાઇઓમાથી એકે પડોશમાથી ડોકટરને બોલાવ્યા ને ડોકટરે ઇન્જેકશન આપ્યું અને ટેક્ષીમા બેસાડી કાલબાદેવી ડાબોલકરવાડીમાં તેમના ઘેર મુકી ગયા દાદર ચડી શકે તેમ ન હોવાથી ખુરશીમા બેસાડી ઉપર ચડાવ્યા-તેમના ફેમીલી ડોકટરને બોલાવતા તેમને હાર્ટ ઉપર એટેક થયાનું જણાવ્યુ અને હરકીશનદાસ હોસ્પીટલમા લઇ જવા સલાહ આપી ૧૨ વાગે ત્યા લઇ ગયા; ચેતન જણાયું અને પોતાના પત્ની તથા મોટા પુત્રને કહે કે ઘેર જઇ જમી આવો. તેઓ ઘેર ગયા હોસ્પીટલમાં તેમના નાનાભાઇ ચંદુલાલ રહ્યા હતા; બીજાના ઉપર લઇ ગયા-સુવાડ્યા

મંડળને તેમની ન પુરાય તેવી ખોટ પડી છે. મંડળના પ્રમુખ શ્રી **કાંતિલાલ ઈશ્વરલાલના** પ્રમુખપણા નીચે સં. ૨૦૧૩ (કારતક શુદ ૯) ને સોમવારે ઉપર જણાવેલ ૨૫ સંસ્થાઓ તરફથી શોકસભા બોલાવવામાં આવી હતી તેમના સ્નેહીઓ અને તેમની સેવાના જાણનાર ભાઈઓથી કોનફરન્સ ઓફીસનો હોલ ચીકાર ભરાઈ ગયો હતો; ને અનેક શ્રીમાનો માટેની શોકસભાઓમાં થતી હાજરી કરતાં વિશેષ હોવાથી માત્ર શ્રીમંતોને જ નહી પણ સેવાભાવી-સેવકોની કદર કરવા તરફ જૈન સમાજનું વલણ થયું છે, તે બતાવતો હતો. મજકુર શોક સભામાં પસાર થયેલ દિલગીરીદર્શન ઠરાવ સાથે મંડળના મંત્રી તરીકેની સેવા માટે મંડળમાં તાજેતરમાં **આંતરજ્યોતિ ભા. ૨** જે ગ્રન્થ પ્રગટ થવાનો હોવાથી તેમના ફોટા સાથે ટુંક જીવન પ્રગટ કરવા ઠરેલુ; તે મુજબ આ નોંધ આપી અમોએ ફરજ બજાવવાનુ ઉચિત માન્યું છે-અંતે તેઓના આત્માને શાંતિ ઈચ્છવા સાથે આ જન્મના સંસ્કારો પ્રમાણે ભવિષ્યના ભવે મનુષ્યપણું પામે-જૈન કુળ મળે અને મેળવેલ જ્ઞાનથી વધારે જ્ઞાન મેળવી આત્મજ્ઞાનનો વધારે પ્રચાર થાય તેવું કાર્ય કરે તેમ ઈચ્છી વિરમીએ છીએ.

લી.

મણિલાલ મોહનલાલ પાદરાકર
ગૌતમલાલ અમુલખ શાહ

મંત્રીઓ

[illegible]

[illegible]

अंतरज्योति

[illegible]

પૂજ્ય ગુરુદેવની પ્રાર્થના.

" હે ગુરુદેવ ! તમારી પાસે આવનાર સાનુકૂલ કે પ્રતિકૂલ જનોને, તેમના અન્તરના અંધકાર ને ખસેડી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ આપ્યો; પતિતને પાવન કરી પ્રતિષ્ઠા વધારી. પશુતાની વૃત્તિઓને દેશવટો અપાવી માણસાઇમાં સ્થાપન કરી દિવ્યતાની લહાણ કરી; જૈનશાસનની ઉન્નતિ કેમ થાય તેના વિચારોમાં લગની લગાવી શકય પ્રયાસ કર્યો. તમારા ગુણો અલ્પશક્તિમાન્ એવો હું શુ કળી શકું ? પરંતુ મારા અન્તરનાં અજવાળાં કરવા માટે તમે ભૂલ્યા નથી. તે આપના સ્વર્ગગમન પછી માલુમ પડી કે અરે આત્મન્ ! આજ્ઞા પ્રમાણે વર્તન રાખ્યું નહી પણ હવે તમારી આજ્ઞા મુજબ શકય પ્રયાસ કરતાં ખબર પડી કે જે જે આજ્ઞાઓ કરતા તે આત્માના વિકાસ માટે કરતા; હાલમાં તેજ અનુભવ આવે છે. આટલી અલ્પ પ્રાર્થના સ્વીકારી મને કૃતાર્થ કરવા કૃપા દૃષ્ટિ રાખશો "

(આ૦ કીર્તિસાગરસૂરિ)



વિકાસ સધાય છે અને સંયમના સામર્થ્યથી જીવનું ઘડતર ઘડાય છે; માટે કર્મનિર્જરા કરવી હોય તો સમકિતપૂર્વક જ્ઞાનમાં મગ્ન બની બલ ફોરવી સંયમમાં સ્થિર રહેવું.

૨. આધિ-વ્યાધિ અને ઉપાધિની વિડંબનાઓથી મનુષ્યો, ભયગ્રસ્ત બને છે. તેઓને હઠાવવા વિવિધ પ્રયાસો કરે છે પણ તેઓના મૂલ કારણનું શોધન કરતા નથી, તેથી આધિ-વ્યાધિ વિગેરે ટળતી નથી. મૂલ કારણ જો કોઈ હોય તો પાંચ ઇન્દ્રિયોના વિષયની આસક્તિ છે; તેને દૂર કરવામાં આવે તો, વિડંબનાઓને આવવાનો અવકાશ મળે નહી; માટેજ વિષયની આસક્તિનો ત્યાગ કરવો જરૂરી છે. વિષયની આસક્તિનો હ્રાસ થતાં કષાયના વિકારો પણ અલ્પ થતા જાય છે. વિષય લોલુપતા અને કષાયની આસકિતને ગાઢ સંબંધ, અનાદિકાલીન છે. તે સંબંધને દૂર કરવો હોય તો વ્રત-જપ અને સમ્યગ્જ્ઞાન આદરી વિષયોની લોલુપતાનો ત્યાગ કરવો. જેટલા રોગ, પ્રાયઃ ઉત્પન્ન થાય છે તે બધા વિષયની લોલુપતાથી જન્મે છે. માટે રોગને ઉત્પન્ન થવાના મૂલ કારણ જેજે હોય તેને દૂર કરવા પ્રયાસ કરવાની જરૂર છે. શરીર રોગ રહિત હોય છે, ત્યારે ધાર્મિક ક્રિયામાં સારી રીતે સ્થિરતા થાય છે-આનંદપૂર્વક જીવન પસાર થાય છે

૩. વિષયની આસક્તિથી માનસિક શક્તિની સાથે શારીરિક શક્તિ પણ ઘવાય છે. તેથી ઉદાસીનતા-ઉદ્વિગ્નતા-આળસ વિગેરે દોષો ઉપસ્થિત થાય છે અને આર્ત-રૌદ્રધ્યાનના વિચારો આવ્યા કરે છે, જો આનંદ-અને ધાર્મિક ક્રિયાની

વિશ્વાસઘાતી છે માટે તેનો વિશ્વાસ રાખવા લાયક નથી-ક્યારે દગો દઇને ખસી જશે તેની ખબર નથી !

૧૦. સત્તા, સંપત્તિ અને સાહ્યબીને પ્રાપ્ત કરીને અરે શ્રીમંતો ! તમોએ શું, આધિ, વ્યાધિ અને વિવિધ વિડંબનાઓને હઠાવી છે; કે પાછળ પડી રહેલ મૃત્યુને હઠાવ્યું છે કે સ્વપરોદ્ધારક સારા કાર્યોમાં સ્વસંપત્તિનો વ્યય કરેલ છે કે આટલો ગર્વ કરી રહેલ છો ? ગુમાન કરનારનો ગર્વ સર્વત્ર રહેતો નથી માટે ક્ષમાને ધારણ કરવા પૂર્વક નમ્રતા, સરલતા અને સંતોષને ધારણ કરો, દેખાદેખીએ ભ્રમિત બની આત્મગુણઘાતી બનો નહીં. આત્મિક ઋદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિનો સુંદર અવસર મળેલ હોવાથી તેનો આવિર્ભાવ કરો, જેથી ગર્વ થશે નહીં; ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષને ધારણ કરો. આવા સદ્ગુણોથી, અનંત મહાભાગ્યશાળીઓ ઋદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિના સ્વામી બનીને અનંત સુખના ભોક્તા બનેલ છે. આત્મિક-માનસિક શુદ્ધતામાં સત્ય સુખ સમાએલ છે માટે અહંકારાદિનો ત્યાગ કરીને તેને પ્રાપ્ત કરો.

૧૧. અરે ભાગ્યશાલીઓ ! જ્યારે પ્રતિકૂલતા આવે, અગર વિડંબના આવી હાજર થાય ત્યારે નિર્ભય બનો; અને ધૈર્ય ધારણ કરીને તેઓને હઠાવો, હઠાવવાની તાકાત તમારામા છે જ. તેના પર વિશ્વાસ રાખો અને માયા-મમતાને નિવારો; તમારી હિંમત, માયા-મમતાએ દબાવી દીધી છે; તેને નિવારશો ત્યારે જ તે હાજર થવાની, માટે ચિન્તાઓ શોક-પરિતાપનો ત્યાગ કરીને ઉત્સાહને ધારણ કરો, આ જગતમાં

જયાંસુધી નમ્રતાને ધારણુ કરીને પ્રભુની આજ્ઞા મુજબ વર્તન થશે નહીં ત્યાંસુધી અહંકારની પ્રબલતા રહેવાની જ; અહંકારી બનેલ, પોતાના આત્માની અને અન્ય પ્રાણીઓની હત્યા કરવામાં-પીડાઓ ઉત્પન્ન કરવામાં કમીના રાખતો નથી. અહંકારી બલવાળાઓએ અને સત્તાવાળા-શ્રીમંતોએ, સ્વપરનું કેટલું કલ્યાણુ કર્યું ? તે ચાલુ વર્તમાન કાલમા તથા વ્યતીત થએલ કાલમા ઇતિહાસ દ્વારા તપાસો; કે જેથી માલુમ પડશે, કે પોતાની અને પરની સત્તા-સંપત્તિ અને સાહ્યબીનો હ્રાસ અને નાશ કરેલ છે, કોઇ પ્રકારે તેમને લાભ થયો જ નથી. માટે નમ્રતાને ધારણુ કરીને સમ્યગ્જ્ઞાનીઓના સમીપે આવી પ્રભુ આજ્ઞાના વચનોને શ્રદ્ધાપૂર્વક સાંભળો અગર શ્રવણુ કરીને વર્તનમાં મૂકો ! આ મુજબ વર્તન કરવાથી સદ્ગુણી બનશો; અને તે સદ્ગુણોના આધારે સાચા શ્રીમંતો બનશો.

૧૩. સાચા સમ્યગ્જ્ઞાનીઓને અહંકાર-અભિમાન અને મમતા-માયા હોતી નથી. તેથી જ વિરતિધર-મુનિવર્યો-ઉપાધ્યાય કે આચાર્યની સમીપે આવી નમ્રતાને ધારવાપૂર્વક આગમવાણીનું પાન કરીને સદ્ગુણી તથા ગુણાનુરાગી બને છે, અને આત્મવિકાસમા આગળ વધે છે; જ્યારે અહંકારી આત્મા-વિરતિધર મુનિવર્યોને દેખી ભડકે છે; રખેને ત્યાગનો ઉપદેશ આપી ખાવા પીવામાં-ભોગવિલાસમાં કાપ મૂકાવશે. અગર તેમની પાસે શું છે ? કે અમોને મન ગમતું મનોહર મળે ! અમારા કથન મુજબ તેઓ વર્તન રાખતા નથી, તો તેમની પાસે જવાની શી જરૂર ? આવા વિચારો કરી પોતાના અહંકારની પુષ્ટિ કરતા રહે છે. અને મમતામા મગ્ન બની

પણ જે વ્યસન પડેલ છે તેનાથી મુક્ત થવા માટે શકિતને ફોરવી શકતા નથી; અને સમયે સમયે રાગ-દ્વેષ અને મોહમાં મુંઝાતા રહે છે. માટે અરે ભાગ્યશાલીઓ ! મનુષ્યભવને પામી મિથ્યાત્વ-અવિરતિ વિગેરે જે કર્મબંધના કારણો છે, તેનો ત્યાગ કરવા પ્રથમ ભાવનાપૂર્વક પ્રયાસ કરવાની ખાસ જરૂર છે, કે જેના યોગે રાગ-દ્વેષ અને મોહના બંધનો તૂટે અને સ્વાધીનતા આવી હાજર થાય. માટે સર્વે કાર્યોને પડતાં મૂકી કર્મોના બંધનો મૂલમાંથી ખસે અગર ઢીલાં પડે એવા પ્રયાસો કરો જેથી ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ-ધીરજ-ઉદારતા આવતી રહેશે. જેઓ કર્મોના કારણોના બંધનો તોડે છે અગર ઢીલા કરે છે તેઓજ અનંત સુખ-સામર્થ્ય અને સમૃદ્ધિના ભોક્તા બને છે.

૧૫. અજ્ઞાનતા-એટલે જ્ઞાનાવરણીય કર્મના ઉદયે જેઓ અન્યજનોની ઠઠ્ઠા મશ્કરી કરે છે અને પાછા ખુશી ખુશી થાય છે, તેઓ પોતાની મશ્કરી કરાવવામાં નિમિત્ત બની પોતાની ઠઠ્ઠા મશ્કરી કરાવે છે; કોઇ પ્રાણીને તથા માણસોને દેખી અગર બોબડા-બહેરા-લૂલા લંગડા અગર અંગે ખોડ-ખાપણ દેખીને તેઓના ચાળા પાડી હાંસી કરવામા બાકી રાખતા નથી; પણ પોતાનામાં ખોડખાપણ વિગેરેને છતી આંખે દેખતા નથી. તેમની બુદ્ધિની બલિહારી કેવી ! **ઠઠ્ઠા મશ્કરી કરનારની જો બીજો તેની મશ્કરી કરે ત્યારે જોઇ લો,** ભાઇનો મિજાજ ! બાર ખાડી મિજાજ ચઢી જાય છે અને શુ કરી નાખું-આમ વિચાર કરવા મંડી પડે છે, જ્યારે કાંઇપણ ચાલે નહી ત્યારે ગાળો ભાંડી અગર મનમાં બળડીને

બેસી રહે છે; એક ભાઇને મશ્કરી કરવાની કુટેવ પડી હતી; જોકે તે વ્યાવહારિક કાર્યોમાં તેમજ બોલવામાં કુશળ પોતાને માનતો, તથા પૈસાદાર અને શોખીન હતો. તેની પત્ની રંગે શ્યામ હતી પણ બુદ્ધિમતી અને ઘરના કામમાં પ્રવીણ હતી છતાં ભાઇને આ સ્ત્રી ગમતી નહી. અને મનમાં વિચાર કરતો કે, જો આ બાયડી મરી જાય તો બીજી રૂડી રૂપાળી પરણું. આવા વિચારના યોગે મશ્કરી કરવાની ઇચ્છા થઇ અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, અરે ! આજ રાત્રીમાં મને એવું સ્વપ્ન આવ્યું કે, હું રાંડ્યો, આ સાંભળી તેની સ્ત્રી બોલી કે તમો શા માટે રાંડો ? હું રાંડું. આ પ્રમાણે ભાઇ તો સાંભળી જેમ તેમ બકવા લાગ્યા. રાંડ ? મને મરણ પામેલ ઇચ્છે છે અને મારી મશ્કરી કરે છે ? ત્યારે બાયડી બોલી તમો મને મરણ ઇચ્છો છો ? એટલે ભાઇ શાંત બન્યા.

૧૯. જે તમારું છે તેને સાચવો અને તેમાં વધારો કરો. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વેડફી નાખો નહીં. સંયોગે મળેલ વસ્તુઓને તમારી માનતા નહીં; માનશો તો પરિણામે પરિતાપ થશે. તમોએ સંયોગે મળેલ વસ્તુઓને પોતાની માનેલ હોવાથી અનંત વાર ઠગાયા છો કારણ કે નજરે દેખતાં તમારી પાસેથી તે ખસી ગએલ છે; ખરી વખતે જેનો ખપ હતો તે ખસી ગએલ હોવાથી સાચો સુખનો આધાર મળ્યો નહીં, માટે તમારી પોતાની સાચી વસ્તુઓ કઇ છે તેને ઓળખી-મેળવીને તેઓનું રક્ષણ કરો અને વધારો કરો. સત્ય અને સદાય સાથે રહેનાર આત્મિક ગુણો જેવાં કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. જો આ **ગુણો ક્ષાયિક ભાવે મળશે તો કદાપિ ખસી**

જશે નહીં; જો કે આ પાંચમા આરામા ક્ષાયિક ભાવ નથી તો પણ તેની ભાવનાપૂર્વક પ્રથમ આ ભવમા તૈયારી કરી હશે તો બીજા ભવમા એટલે શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં તે ભાવ મળી રહેશે; પછી તમોને ચિન્તા-વ્યાધિ વલોપાત રહેશે નહીં. આત્માનો વિકાસ સધાશે અને મોક્ષના સુખમાં મગ્ન બનશો; માટે તમારી સાચી વસ્તુઓને ન ઓળખી હોય તો ગુરુગમને ગ્રહણ કરીને ઓળખો, મેળવો અને સાચવો. તમારી દૃષ્ટિ આત્મિક ગુણો તરફ નહીં હોવાથી સંયોગે મળેલ વસ્તુને પોતાની માની બેઠેલા છો અને તેમા વધારો કરવા તનતોડ મહેનત કરી રહેલ છો તેમા તમને સત્ય સુખ મળે ક્યાંથી? ખોટાનો ત્યાગ કર્યા સિવાય સાચી વસ્તુઓ તરફ નજર પણ પડતી નથી માટે સમ્યગ્જ્ઞાનથી અસત્ય અને સત્યની પરીક્ષા કરો; તમારું તમારી પાસે જ છે, દૂર નથી. દૂર ભટકશો તો ધક્કા ખાવા પડશે.

૧૭. મોંઘેરા મનુષ્યભવને પામી મનુષ્યો, જો પશુ-પંખીની માફક ચાર સંજ્ઞાઓને છેવટના શ્વાસોચ્છ્વાસ પર્યંત છોડી શકે નહીં, તો મળેલા મનુષ્ય જન્મની સફળતા પ્રાપ્ત કરી શકે નહીં. સંજ્ઞાઓનો ત્યાગ કરવા માટે મનુષ્ય જન્મ પરમ સાધન છે; તે સાધનને જેમ તેમ વિષય કષાયોના વિકારોમાં વેડફી નાંખવું તે કર્તવ્ય નથી, કારણ કે વિષય કષાયોના વિકારોમા આસક્ત બનેલ મનુષ્યોને પુનઃ મનુષ્ય ભવ પ્રાપ્ત થવો દશ દૃષ્ટાંતે દુર્લભ છે વિષય કષાયમા આસક્ત બનેલ માનવો કદાપિ રાગ-દ્વેષ અને મોહનો ત્યાગ કરવામાં સમર્થ બની શકતા નથી અને રાગાદિકનો ત્યાગ કર્યા વિના આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા વિગેરેનો ત્યાગ કરી શકતા જ

નથી તથા તે સંજ્ઞાઓના ત્યાગના અભાવે ચારે ગતિમાં પરિભ્રમણના યોગે અસહ્ય યાતનાઓને ભોગવી બેહાલ દશામાં આવી ફસાય છે; માટે ચાર સંજ્ઞાઓનો ત્યાગ કરવો તે મનુષ્યોનું પ્રથમ કર્તવ્ય છે. જે ભાગ્યશાળીએ ચાર સંજ્ઞાઓનો ત્યાગ કરેલ છે અથવા ત્યાગ કરવા પ્રયાસ કરી રહેલ છે, તે જ મહાશયને સુખ-સમૃદ્ધિ અને સામર્થ્ય સ્વયમેવ આવીને ભેટે છે અને સદા પાસે ને પાસે હાજર રહે છે. દુર્ગુણો તો આપોઆપ ભાગી જાય છે અને સાચા સુખનો ક્ષણે ક્ષણે અનુભવ આવ્યા કરે છે, ત્યારે તે સંજ્ઞાઓમાં ફસાઇ પડેલાને એવો ક્ષણ જતો નથી કે જેમા સાચા સુખનો લવલેશ પણ હોય; માટે સાચા સુખના અભિલાષી જનોએ, આહારાદિક સંજ્ઞાઓને વશ કરવા બરોબર પ્રયાસ કરવાની આવશ્યકતા છે; આ સિવાય દુન્યવી સત્તા, સાહ્યબી કે સપત્તિ હશે તો પણ આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળશે નહીં અને ધાર્યા પ્રમાણે વિડંબનાઓ ખસશે પણ નહીં.

૧૮. શરીર-પુત્ર પરિવારાદિકની સંભાળ રાખવા વિવિધ ચિન્તા કરી તથા પ્રયાસો કર્યા, અને તે પ્રયાસોને કરતાં પાપનો પણ વિચાર કર્યો નહી; આ પ્રમાણે પાપારંભોને કરી કાયા-માયા-શરીરાદિને પોષી, હવે શરીરમા રહેલ આત્માની સંભાળ ક્યારે રાખશો ? અનાદિકાલથી માયા-મમતા અને અહંકારાદિકથી તિરોભાવે રહેલી આત્મસત્તાનો પ્રાદુર્ભાવ ક્યારે કરશો ? શરીર પુત્રાદિક, વિપત્તિ વેલાયે નરમ પડશે; અગર ખસી જશે; આવી પડેલા સંકટોમાં ભાગ પડાવશે નહીં. જો આત્માની સત્તાનો-શક્તિનો આવિર્ભાવ થયો હશે તો તે જ શક્તિ વિપત્તિ-વેદનાને દૂર ખસેડશે; ધૈર્ય-સહનતા-સમતાને

અર્પણ કરી સાચા સુખની સમજણ આપશે. સાચી વાત એ છે કે વિપત્તિ વેલાયે આત્મશકિતના માપની ખબર પડે છે; ભોગોપભોગમા આત્મસત્તા તથા શકિતના માપની ખબર પડતી નથી. માટે સાંસારિક સંબંધોની સંભાળને ગૌણ કરવા પૂર્વક આત્મશકિતનો વિકાસ કરવા પ્રયાસ કરવાની ખાસ આવશ્યકતા છે. આત્મવિકાસ અગર આત્મશકિતને જેઓ પ્રાપ્ત કરે છે, તે જ શરીર-પુત્રાદિનું પાલન કરવા સમર્થ બને છે; તેઓને સારા સંસ્કારો દ્વારા આત્મધર્મની પ્રધાનતા જણાય છે, તેમજ અન્યને ધાર્મિક વારસો આપી આત્મોન્નતિના માર્ગે પ્રયાણ કરાવે છે; એટલે જેઓની આત્મોન્નતિ થએલ છે, તેઓ સ્વપરના ઉદ્ધારક બની મોક્ષ સુખના અધિકારી બને છે. જ્યારે માત્ર શરીર-ધન-પુત્રાદિકની સંભાળમાં મગ્ન બનેલ મનુષ્ય, પોતાની તથા સ્વજન વર્ગની આત્મોન્નતિમાં અનેક પ્રકારના વિઘ્નો ઉપસ્થિત કરી, અધોગતિનું ભાજન બને છે.

૧૯. જૈન શાસનને પામેલ ભાગ્યશાલી તો આમ માને કે, ચાર સંજ્ઞાઓ અમોને ઠગી રહેલ છે. એ ઠગારીઓને ક્યારે દૂર ખસેડું, અને મારી સાચી સંપત્તિ અને સત્તાને ક્યારે પ્રાપ્ત કરૂં ? આવો વિચાર દરરોજ કર્યા કરે છે; તે ચાર સંજ્ઞાઓએ કેટલી બધી મારી સત્તા વિગેરે દબાવી નુકશાન કર્યું ! આવો વિચાર દરરોજ કરવાથી તે સંજ્ઞાઓને હઠાવવાનું સામર્થ્ય જાગ્રત્ થાય છે. અને તેઓના ઉપર કાપ મૂકાય છે. આવો વિચાર રાગ-દ્વેષ અને મોહમાં મુગ્ધ બનેલને ક્યાથી આવે ? તેથી જ તેઓ ચાર સંજ્ઞાઓની પરાધીનતાની બેડીને દૂર કરી શકતા નથી અને તેઓમાં ફસાઇ જીવન પૂર્ણ

કરે છે. આ પ્રમાણે જીવન પૂર્ણ થતાં બીજા જન્મમા પણ તે પરાધીનતાની બેડીને સ્વયં તોડવા સમર્થ બનતા નથી. કારણ કે તેઓ શરીરની અને ઘરની શોભાને વધારવામાં સુખની માન્યતા ધરાવતા હોય છે, તેથી તે સંજ્ઞાઓનો ત્યાગ કરવા અસમર્થ બને છે. ચાર સંજ્ઞાઓની પરાધીનતાને તે મુગ્ધજનો સાચા સુખના સાધનો માની બેઠેલ છે; અને આવી માન્યતા ઘર ઘાલીને બેઠેલી હોય ત્યાસુધી તેઓને દૂર ખસેડવાના વિચારો પણ ક્યાંથી આવે ? આવા મનુષ્યો, ચાર સંજ્ઞાઓનું પોષણ કરવા કંકાસ-કુસંપ-અદેખાઇ-નિન્દા તિરસ્કારાદિકને કરવામા બાકી રાખતા નથી. વિષય કષાયોના વિકારોમા અધિક અધિક ફસાઈ, સુખાભાસને પણ ગુમાવી બેસે છે. ભોગોપભોગમાં જો ભાન રહે નહીં તો વિષય કષાયના વિકારો જોર પકડીને દેવને પણ પાગલ બનાવે છે તો માનવીઓને પાગલ બનાવે તેમાં નવાઇ નથી માટે ભોગોપભોગમા મુગ્ધ બનવું નહીં, અને સ્વજીવનનો આદર્શ સામે રાખવો. **ભોગોપભોગ માટે સ્વજીવન નથી, પણ તેઓના પર કબજો મેળવવા માટે છે.**

૨૦. ભોગોપભોગથી આ ભવ અને પરભવ બગડે છે, અને ત્યાગથી આ લોક અને પરલોક સુધરે છે. જો ભોગોપભોગને સ્વજીવનનું ધ્યેય માનશો તો તેની પરાધનીતાની બેડી કદાપિ તુટશે નહી. આ લોકમા ચિન્તાઓ-વ્યાધિઓ અને વિડંબનાઓને હઠાવવા અથાગ પ્રયાસ કરશો તો પણ હઠશે નહી; હઠશે તો મમતાનો ત્યાગ કરવાથી, સ્વ-

જીવનના ધ્યેયને પહોંચી સત્ય સુખના ભોક્તા બનાશે. જ્યાં સુધી ભોગોપભોગમા આસક્તિ રહેલ છે ત્યાં સુધી તેના ત્યાગની ભાવના પણ થવી દુર્લભ છે અને ત્યાગ સિવાય ચિન્તાઓ તથા વ્યાધિઓ અલ્પ થવી પણ દુ:શકય છે; માટે ભોગોપભોગમાં આસક્તિ છે તેને ઓછી કરવા ભાવનાપૂર્વક પ્રયાસ કરવાની જરૂર છે. **ભોગોપભોગ હાજર હોય તો પણ ત્યાગના આદર્શને ભૂલવો નહીં.** જે ભૂલે છે તે ચારેય ગતિમા પરિભ્રમણ કરીને અસહ્ય યાતનાઓના ભોગ બને છે. ભોગથી પરલોક-આ લોક સુધરતો નથી અને ત્યાગથી આ ભવ અને પરભવ બગડતો નથી, કારણ કે આ લોકના ત્યાગના સંસ્કારો પરલોકમા સાથે આવે છે; એટલે પરલોકમા ભોગોપભોગમા આસક્ત બનાતું નથી પણ ત્યાગની ભાવના જાગે છે, બાહ્ય તથા અભ્યંતર તપમા તત્પર થવાય છે, અને તેના યોગે શારીરિક-માનસિક અને આત્મિક શક્તિનો આવિર્ભાવ થતો રહે છે. પાંચવ્રતો અને બાર વ્રતોનું પાલન સુગમતાથી તેમજ સરલતાથી બની શકે છે; તેમજ રાગ-દ્વેષ અને મોહ ઓછો થતો જાય છે. માટે સાચા સુખના અર્થીઓ ? જો સાચું સુખ મેળવવું હોય તો ભોગોપભોગમા આસક્ત બનો નહીં, અને તમારો જે ત્યાગ ધર્મ છે તેની બરોબર આરાધના કરો.

૨૧. કપટ રહિત જે મહાશય, દેવગુરુ અને ધર્મને પોતાના પ્રાણો માને છે અને તેમની આરાધનામાં સર્વસ્વ માને છે તેની આત્મશક્તિ સારી રીતે પ્રગટ થાય છે; પણ દંભ રાખીને આરાધના કરનાર આત્મશક્તિનો વિકાસ કરી શકતો નથી, માટે જો આત્મશક્તિનો તેમજ અનંત ઋદ્ધિ, સિદ્ધિનો

અનંત શુદ્ધિનો આવિર્ભાવ કરવો હોય તો કપટ-દંભનો ત્યાગ કરવો તે પ્રથમ કર્તવ્ય છે. કપટ કરવાથી વ્યાવહારિક કાર્યોમા પણ પુનઃ પુનઃ વિઘ્નો ઉપસ્થિત થાય છે. **જનતામાં કપટીનો વિશ્વાસ રહેતો નથી.** ભલે પછી તે કપટી, મધુરાં વચનો બોલી મનોરંજન કરે અને વિશ્વાસને બેસાડવા માટે વિવિધ યુક્તિઓ યોજે પણ સર્વ વૃથા થાય છે, તો પછી તે આત્મધર્મને-આત્મતત્ત્વને કેવી રીતે મેળવી શકે?

૨૨. અર્પણતા વિના અહંકાર અને મમતા-અદેખાઈ-નિન્દા વિગેરે દોષો દૂરે ખસતા નથી, અને આત્મવિકાસના આવિર્ભાવ થવાનો અવસર અને અવકાશ ઉપલબ્ધ થતો નથી, જે કોઈ ભાગ્યશાલીએ આત્મવિકાસ સાધેલ છે, તેમણે દેવગુરુ અને ધર્મમા અર્પણતા સાધીને અહંકાર અને મમતા વિગેરેના વિકારોનો ત્યાગ કરેલ છે જ, પછી જ આત્મશક્તિનો આવિર્ભાવ થયો છે, આ સિવાય ભવપરંપરાનો નાશ થતો નથી, અને અસહ્ય વેદનાઓ પણ હઠતી નથી. માટે સમજુ જનોએ સાચા સુખનો લહાવો લેવા માટે કપટ રહિત બની અર્પણ થવું જોઇએ. જો કે પ્રથમના એવા સંસ્કારો પડેલા હોવાથી કપટ-દંભને દૂર કરતા કષ્ટ લાગશે. વિચારોનું પરિવર્તન કરતા મુઝવણ થશે, પણ ભીતિને ધારણ કરવી નહીં લોકો ભોળો અને ગમાર પણ કહે તો પણ સત્યથી પાછું હઠવું નહીં. અરે સમગ્ર જગત્ ખીજે તો પણ સરલતાનો ત્યાગ કરવો નહીં; તો જ આત્મિક શકિતનો-આત્મિક વિકાસનો લાભ મળી શકશે.

૨૩. સરલતાથી જ દિવ્ય ચક્ષુ ખુલે છે, અને દિવ્ય વિચારોનો પ્રાદુર્ભાવ થાય છે એટલે સરલતાથી જીવનનું ઘડતર

સુંદર બને છે; સરલતાની સાથે સાચી નમ્રતાનો સમવાય સંબંધ છે; જ્યાં સરલતા છે ત્યાં સત્ય નમ્રતા હોય છે જ. **સ્વાર્થ સાધવાને કોણ નમ્ર બનતો નથી? પણ આ નમ્રતામાં અને સરલતાજન્ય નમ્રતામાં ઘણો તફાવત છે.** આ સરલતાજન્ય નમ્રતામાં કષાય વિષયાદિકને આવવાનો અવકાશ નથી, પણ ઉપશમ ભાવ આવી હાજર થાય છે; જ્યારે સ્વાર્થ જન્ય નમ્રતામાં વિષય કષાયાદિના વિકારોનું પોષણ હોય છે; તેથી જ આત્મોન્નતિનું પતન થયા કરે છે. માટે **સરલતા-નમ્રતામાં નિર્બલતા નથી પણ શૂરવીરતા સમાએલ છે;** શૂરવીર જે હોય તે જ આ ગુણોને મેળવવા સમર્થ બને છે, અને તેના યોગે સંયમનું ખરેખર પાલન કરવા ભાગ્યશાલી બને છે, આત્મશકિત પણ આવીને હાજર થાય છે; પછી તેને સ્વાર્થી નમ્રતા કે સરલતા કરવાની રુચિ હોતી નથી તે તો સમજે છે, કે આ પ્રમાણે વર્તનમા પતન છે; માટે કોઈ પણ લાલચમાં લુબ્ધ બનતા નથી, અને પોતાના આત્માના ધર્મના માર્ગે વિચરી રહેલ હોય છે. સ્વાર્થને માટે સરલતા અને નમ્રતા તો રાખવી પડે છે જ. પણ તેનાથી આત્મવિકાસ સધાતો નથી પણ આત્મોન્નતિ માટે રાખેલ સરલ અને નમ્રતા તો ઉત્તરોત્તર આત્મવિકાસમા સુંદર સાધન બને છે; માટે આધ્યાત્મિક યોગમાં અગર ધાર્મિક ક્રિયાઓમાં નમ્રતા અને સરલતા અનિવાર્ય છે. નમ્ર અને સરલ મહાશયને દુન્યવી આટીઘુંટીઓ સ્વયમેવ ઉકલી જાય છે; એટલે તે માટે તેને કાવાદાવા યુકિત પ્રયુકિત કરવી પડતી નથી, કેટલાક અજ્ઞજનો નમ્ર-સરલને ભોળો અને મૂર્ખ કહે છે તે તેમની ભૂલ છે, ભોળો અને મૂર્ખ તે જ કહેવાય કે

જે વિષય-કષાયના વિકારોમાં વારે વારે ફસાય અને કપટ, દંભ કરીને કાયા-માયામાં અધિક માનતો રહે. સરલ, તો, રાગ-દ્વેષને મારતો રહે છે તે ભોળો મૂર્ખ કેમ કહેવાય?

૨૪. **મારો આત્મા અનાદિકાલથી કર્મો વડે લિપ્ત છે ત્યાંસુધી સ્વપ્ને પણ સત્ય, શાંતિ, જે ચાહું છું, તે મળવી અશક્ય છે.** જ્યાંસુધી ઘાતી કર્મો-જેવા કે, જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય, ઘર કરીને બેઠા છે ત્યાંસુધી સુખ શાંતિ માટે જીવન પર્યંત દુન્યવી પદાર્થોને મહા મહેનત કરીને મેળવીશ, તો પણ જન્મ-જરા અને મરણાદિક દુઃખો ટળશે નહીં, માટે મારે ગુરુગમદ્વારા તે **ઘાતી કર્મોને હઠાવવા માટે પ્રથમ પ્રયાસ કરવાની જરૂર છે.** આ પ્રમાણે જીવાત્મા સમજે છે, ત્યારે તેને કર્મોને હઠાવવાની ભાવના જાગે છે અને ભાવના પ્રમાણે શ્રદ્ધાનું બલ વધતાં આત્મિક ગુણો-જેવાં કે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર તરફ વલણ થાય છે, તેના યોગે અહંકાર-મમત્વનો હ્રાસ થતો રહે છે; અહંકાર-મમતાનો વેગ ઓછો થાય છે ત્યારે જ વિનય-સરલતા-સંતોષ અને ક્ષમા વિગેરે સદ્ગુણોને આવવાનું સ્થાન મળે છે. અહંકારાદિનો અભાવ થયા સિવાય વિનય-સરલતા વિગેરે સદ્ગુણો પણ આવે ક્યાથી? અને ગુણો સિવાય સત્ય શાંતિ મળે પણ ક્યાંથી? માટે અરે સત્ય સુખના અર્થીઓ! **સાચી સુખ શાંતિ જોઇતી હોય તો પ્રથમ પોતાના આત્માને જાણો,** કે મારો આત્મા હાલમાં કઈ સ્થિતિમાં છે? કેવું જીવન જીવી રહેલ છે? સુખ મેળવવા માટે કેવા સાધનો મેળવી રહ્યો છે? આત્માના ગુણોનો વિકાસ

યૌવન, નદીના પુરની માફક ઉતરી જાય છે અને જરા રાક્ષસી હાજર થાય છે, સમુદ્રના જલની ભરતી અને ઓટની માફક યૌવન ચપલ અને ક્ષણ વિનાશી છે અને તેના ફેણની માફક જીવન રહેલું છે—આવી સ્થિતિ છે. છતા ધર્મને મુગ્ધ મતિ કરતો નથી તો પછી શાંતિ મળે કયાંથી!

३०. सागराश्च न मे भारा, न मे भाराश्च भूधरा।
कृतघ्नाश्च महाभारा, महाविश्वासघातकाः॥

વિશ્વાસઘાતકો પૃથ્વીને મોટામાં મોટા ભારરૂપ છે.

गंधेन हीनं कुसुमं न भाति, दंतेन हीनं वदनं न भाति।
सत्येन हीनं वचनं न भाति, पुण्येन हीनः पुरुषो न भाति॥
वने रणे शत्रु जलाग्निमध्ये, महार्णवे पर्वत मस्तके वा।
सुप्तं प्रमत्तं विषमे स्थितं वा—रक्षन्ति पुण्यानि पुराकृतानि॥

असंख्याः परदोषज्ञा, गुणज्ञाश्चैव केचन।
स्वयमेव स्वदोषज्ञा—विद्यते यदि पंचषाः॥

इन्दुं निन्दति तस्करो गृहपतिं जारः सुशीलं खलं,
साध्वीमप्यसती कुलीनमकुली नूनं जरं तं युवा—
विद्यावंतमनक्षरो धनपतिं नीचश्चरूपोज्ज्वलं,
वैरूप्येन हतः प्रबुद्धमबुधः कुष्ठीनिकुष्टंजनः॥

કહી કહી થાકે ગુરૂ કહેલું ન કાન ધરે,
કોણ કરે બોધ શિષ્ય હોય ન કહ્યાગરો;
ભરી ભરી રાખીને જરી જરી જાય જલ,
કોણ ભરે પાણી એવી કાણી વીણી ગાગરો,

ખોદી ખોદી ખાતર નાંખીને ખૂબ ખેડ તોય,
અન્ન ન ઉઠેરી આપે લવણના આગરો
દાખે દલપતરામ હાલી માથા ફૂટ કરી,
કોણ કરે એવો ઉંઘ વેચીને ઉજાગરો.

*

નાઠે ન મૂકે ભૂખ, દુઃખ નાઠે નવ જાયે,
નાઠે ન મૂકે ભોગ, રોગ નાઠે પણ થાયે;
નાઠે ન મૂકે તાવ, પાપ નાઠે નજ જાવે,
નાઠે ન રહે લાજ, ચોર કે હાકમ લૂટે;
કદી નાઠે મોત મૂકે નહી, પ્રસવ્યો ત્યાંથી પાસ છે
સામળ ભટ્ટ સાચુ કહે નામ તેનો નાશ છે.

૩૧. વસ્ત્રાભૂષણનો અંગ ઉપર ઠઠારો કરવો તે ઠગાવા જેવું છે. ઠઠારાથી શોભા વધતી નથી અગર કોઇ પણ સદ્ગુણને આવવાનો અવકાશ પણ નથી. છતા મનુષ્યોને અંગ ઉપર વસ્ત્રાભૂષણનો ઠઠારો કરવો અધિક પસંદ પડે છે આવા ઠઠારાથી કોઈ વખતે જોખમ આવી પડે છે ચોરોને આવો ઠઠારો અધિક આકર્ષણ કરે છે. સાદાઈમા જે શાંતિ અને નિર્ભ-યતા રહેલી તે ઠઠારામા નથી. **ઠઠારો ઠગારો થાય નહી તે માટે ઉપયોગ રાખો.**

૩૨. માંદો માણસ, મિત્રોને કહે છે, કે હું બે મહિને ઘરમાંથી બહાર આવ્યો; ઘણો લાભ લેવાનો હતો તે લઈ શકયો નહી; અને ખરચ અને કરજ વધારે થયું. પરંતુ આ ભાઇ એક વાત ભૂલે છે કે માતાના ગર્ભમાથી નવ માસે બહાર

આવ્યો અને વીશ વર્ષનો યુવાન થયો છતા આત્મિકલાભ લેવાયો નહી; પુણ્યનો વ્યય તથા કર્મનું કરજ અધિક થયું, તેની વિચારણા પણ કરતો નથી. અને દુન્યવી લાભ માટે ચિન્તાતુર બને છે, આ કેવી લાભ લેવાની ધગશ ? લાભ **લેવાની સાચી ધગશ હોય તો સમજણા થયા પછી પ્રમાદમાં અને આળસમાં વખત કેમ ગુમાવાય** ? આળસ અને પ્રમાદથી ઉત્તમ સાધનો મળ્યાં પણ લાભ લઇ શકાયો નહી, તેથી તો ખરચ તથા કરજ વધતાં આગળ વધી શકાશે નહીં અને પાછળ પડવું પડશે, માટે કર્મના કરજને દૂર કરવા તથા તે કરજ વધે નહી તે માટે પ્રયત્ન કરવાની ખાસ અગત્યતા છે; કર્મના પડદા જ્યાંસુધી આડા પડ્યા છે ત્યાંસુધી આત્મશકિતનો આવિર્ભાવ થતો નથી. જો તે પડદાને ખસેડવામા આવે તો આધિ–વ્યાધિ અને વિડંબનાઓ દૂર ખસે. એક સિદ્ધ યોગી પાસે પારસમણિ હતો પણ તેની જરૂર પડતી ન હોવાથી લોહની દાબડીમાં રાખી ગુપ્ત સ્થલે રાખતો, પોતાના શિષ્યને પણ બતાવતો નહી. કારણકે તેની જાણ થયા પછી શિષ્ય તો શું પણ દરેક માણુસોને લેવાની ઇચ્છા થાય અને ક્યારે રાત્રીમા ઉઠી ગળું દબાવીને લઈ લે, તે કહી શકાય નહીં; માટે ગુપ્ત રાખી, તે પારસમણિની ડબ્બીને કોઇને પણ બતાવતો નહી; તે ડબ્બી બતાવવામા ભયંકર કંકાસ વિગેરે દોષો રહેલા છે તેમ સમજી કોને આપવો તે વિચારણા દરરોજ કરતા, પણ કોઇ લાયક દેખાતો નહી. વખત જતાં પોતાના જ એક શિષ્યને પ્રતિબોધ આપવા લાગ્યા. તેના યોગે તે શિષ્ય લાયક બન્યો તેથી આ યોગીની ચિન્તા ઓછી થઇ અને પોતાનું

સર્વદા દુખની જંજાળમાંથી મુક્ત થવા પ્રથમ પ્રયાસ કરવાની જરૂર છે. દુન્યવી પદાર્થોથી દુખો ટળશે, આ માન્યતામાં નરી ભ્રમણા માલુમ પડે છે. જો દુન્યવી પદાર્થોથી દુ:ખો ટળતા હોય તો દુનિયામાં શ્રીમંતો દુખી દેખાય નહી. પણ તપાસ કરતાં માલુમ પડે છે કે તેઓ આધિ–વ્યાધિની વેદનામાં સપડાએલ હોય છે. દુખોમાથી છૂટવા માટે માનવીઓ, ઘણી દવાઓ લે છે પણ તે દવાઓ અલ્પકાલ દુ:ખોનો પ્રતિકાર ...ીને દૂર ખસી જાય છે–સુખને આપવા સમર્થ બનતી નથી. ... સુખને આપવા સમર્થ, જો કોઇ હોય તો, જ્ઞાન–દર્શન ...ની સમ્યગ્ પ્રકારે આરાધના જ છે.

...ાં જે દમન ચાલી રહ્યું છે તે પારકાનું–
...ાય નહીં સાચું દમન તો આત્મદમન છે
...મખે ફરમાવે છે કે, अप्पामेव दमेयव्वो
એટલે આત્માની સાથે અનાદિકાલથી
...–મમકાર અને આસક્તિ અને અહં-
દમવા લાયક છે અને દમીને દૂર કરવા
...મતા અને આસક્તિ વિગેરે દોષોએ આપણું
છે. ચારેયગતિમા પરિભ્રમણ કરાવી અસહ્ય-
...સાવ્યા છે; આ ...મન–આત્મશક્તિને હણી
...ર છે. આટ ... પારકાએ કર્યું નથી
...ાવ્યા ન ... કાને ભૂકી અહંકાર-

કરી તેઓનો પરાજય કરો. કારણ, વિષય અને કષાયના વિકારોએ; તમોને તથા વિશ્વને ભ્રમણામાં ફસાવેલ હોવાથી આત્મિક શકિત-આત્મજ્ઞાન-આત્મ રમણતામાં તમોને પ્રેમ લાગતો નથી; અને તે વિકારોના વેગમાં અકર્તવ્ય ને કર્તવ્ય માની બેઠા છો. અશ્રાવ્ય ને શ્રાવ્ય માન્યું, અપેય ને પેય, અને અખાદ્ય ને ખાદ્ય માની તેમાંજ આસકિતને ધારણ કરી છે; માટે તે વિકારોને બરોબર ઓળખી દૂર કરવા પ્રયાસ કરો અને તેઓના ઉપર વિજય મેળવી સ્વ સત્તાને સ્વાધીન કરો, વિશ્વના પ્રાણીઓ ઉપર વિજયને પ્રાપ્ત કરવાથી, વિષય કષાયોના વિકારો ઉપર વિજય, કદાપિ મેળવાશે નહી, અને દમન કરાતા તથા દબાતા-લૂંટાતા જીવન પસાર કરવું પડશે.

૩૫ **માણસો, પોતાના તાબા વિનાની વસ્તુઓ** ઉપર કાયમના સુખનો આધાર રાખી અનહદ ચિન્તાઓ પૂર્વક પ્રયાસો કરે છે. પ્રયાસો કરતા જ્યારે ઇષ્ટ વસ્તુઓ પ્રાપ્ત થાય છે ત્યારે એવી માન્યતા ધરાવે છે કે, આ મળેલી વસ્તુઓ કાયમ રહેશે અને સુખની ઈચ્છા સઘળી પૂર્ણ થશે, સંકટોને આવવાનો અવકાશ મળશે નહીં પરંતુ જ્યારે એવા એવા પ્રસગોને આંટીઘુંટી આવતા તે ઇષ્ટ વસ્તુઓનો વિયોગ થાય છે, ત્યારે ધારણ કરેલી સુખની અભિલાષાઓ નષ્ટ પામતા વિવિધ વિલાપો કર્યા કરે છે, પણ સમજવું જોઇએ કે, પોતાના તાબાની વસ્તુઓ પર—સ્વાધીન વસ્તુઓપર—વિશ્વાસ રાખી સુખ માટે પ્રયાસો કર્યા હોત તો વિલાપો અને પરિતાપ કરવાનો વખત આવત નહીં; પરંતુ સ્વાધીનતા વિનાની વસ્તુઓપર સુખનો વિશ્વાસ રાખીને પ્રયત્નો કર્યાં, તો પછી પરિતાપ વિગેરે થાય તેમાં શી

નવાઈ? નીતિ ન્યાય અને ધર્મની આરાધના કરવી તે સ્વાધીન છે: તેમાં વિશ્વાસ-શ્રદ્ધા રાખવાથી કદાચ કષ્ટ સહન કરવું પડે તોપણ પરિણામ સુંદર આવે છે. ઇષ્ટ વસ્તુઓનો વિયોગ થતા પણ પરિતાપ થતો નથી અને વિલાપો પણ થતા નથી. સમજુ જનો તો તાબા વિનાની વસ્તુઓ ઉપર વિશ્વાસ રાખતા નથી. પણ વિશ્વાસ-ધારણ કરતા હોય તો નીતિ તથા સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્રમા જ; તેથી તેમને ચિન્તાઓ વિડંબનાઓ અને વ્યાધિઓ બહુ સતાવતી નથી. તાબા વિનાની વસ્તુઓનો સ્વભાવ એવો છે કે, તેઓની ઇચ્છા કરવામા ચિન્તા, તે કેવી ઉત્તાપથી મિશ્રિત, અને પ્રાપ્ત કરતાં અનેક પ્રયત્નો અને તેમાં સંકટો તથા વિઘ્નો, તેનો ભોગવટો કરતાં પણ જો આસક્ત બનાય તો, પાપોની સાથે પરિતાપ અને જ્યારે ખસી જાય ત્યારે બેહાલ દશા, આવો સ્વભાવ હોવાથી તેવી વસ્તુઓ ઉપર કોણ વિશ્વાસ ધારણ કરે? માટે ડાહ્યા અને સમજુ માણસો દુન્યવી વસ્તુઓને મેળવતાં ધર્મને તથા નીતિ ન્યાયને ભૂલતા નથી. સાથે રાખીને જ તેવા સાધનો મેળવે છે.

૩૬ **ધર્મ તે, કે જે, આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરપૂર જન્મ-જરા અને મરણની પરંપરામાંથી બચાવી સાચી સાહ્યબી, સત્તા અને સંપત્તિ, આરોગ્યાદિક અર્પણ કરીને રક્ષણ કરે.** આ સિવાય જગતમા વિવિધ પ્રકારના ધર્મોની પ્રવૃત્તિ છે, પણ જ્યા સુધી જન્મ-જરા અને મૃત્યુ વિગેરેના સંકટો-વિડંબના સર્વથા ટળતી નથી, ત્યાં સુધી સત્ય ધર્મ કેવી રીતે કહી શકાય? જે ધર્મથી મોહ મમતા રાગ-દ્વેષ-અદેખાઇ ઉત્પન્ન થાય અને વધતી રહે તે કદાપિ

सत्येनोत्पद्यते धर्मो, दयादाने न वर्धते,
क्षमया च स्थाप्यते धर्मः क्रोधलोभाद्विनश्यति ॥

૩૭ દાન સુપાત્રે દેવાથી ઉત્તમ ભોગો મળે છે, અને પ્રભુ પૂજાથી રાજ્ય મળે છે અને અનશન કરવાથી ઇન્દ્રપણું મળે. પરંતુ જો તેમાં જ્ઞાનની સાથે તપસ્યા કરવામાં આવે તો સંવર નિર્જરા થાય છે, અને મોક્ષના અનંત સુખ મળે છે, માટે દયા–દાન–પૂજા વિગેરે ધાર્મિક કાર્યો કરનારે તપસ્યા કરવી જોઇએ ચાર પ્રકારના ધર્મની આરાધના કરનાર ભાગ્યશાલીએ મિથ્યાત્વનો ત્યાગ કરી સત્યની આરાધના શ્રદ્ધા સહિત કરવી તે શ્રેયસ્કર છે. દાન દેવાથી લક્ષ્મીની મમતા ઘટે છે. અહંકાર ઘટવાથી દયાની વૃદ્ધિ થાય છે. તથા શીયળ-બ્રહ્મચર્યનું પાલન કરવાથી પાંચ ઇન્દ્રિયો તથા માનસિક વૃત્તિઓ કબજામા આવે છે, શારીરિક શકિત વધે છે અને તે શારીરિક શકિત, આત્મિક બળને વધારવામાં ઘણો સહકાર આપે છે. શારીરિક તથા આત્મિક બળવાળા મહાશયો ક્ષમાને ધારણ કરવામાં સમર્થ બને છે તપસ્યા કરવાથી શીયલનું સારી રીતે રક્ષણ થાય છે અને અસાધ્ય કાર્ય સાધ્ય બને છે. તન–મન–અને વચન નો વિકાર ટળતો રહે છે અને સત્ય ધર્મની પ્રતિષ્ઠા થતા કામ–ક્રોધ–લોભ અહંકારાદિક ખસવા માંડે છે. આ સિવાય કામાદિકના વિકારો ટળતા નથી અને શાંતિ મળતી નથી. દયા-દાન-પૂજન બ્રહ્મ-ચર્ય તપાદિકનું રક્ષણ કરવા માટે અને તેઓની દ્રઢતા માટે મૈત્રી–પ્રમોદાદિક ભાવનાઓ તથા અનિત્યાદિક બાર ભાવનાઓ ભાવવી જોઇએ. ભાવના સિવાય કરેલ ક્રિયાનું રક્ષણ થતું નથી તેમ દ્રઢતા થતી નથી માટે જ ભાવના તે પણ ધર્મ બતાવેલ છે.

૩૮ માણુસોને મ્હોટાઈ મેળવવાની ઘણી તાલાવેલી હોય છે; તેમજ ગામમાં-શહેરમાં તેમજ રાષ્ટ્રમાં પ્રતિષ્ઠા-આબરુ કેમ વધે તે માટે ઘણો પ્રયત્ન કરતા માલુમ પડે છે. પરંતુ મહત્તા-પ્રતિષ્ઠા-પ્રસિદ્ધિ કેવા પ્રકારે મળે તેનું જ્ઞાન, નહીં હોવાથી ઉન્માર્ગનો આધાર લઇ જો અધિકારી હોય તો પોતાના હાથ નીચેના માણુસોને તથા અન્ય માણુસોને સહજ પ્રતિકૂલતા આવતાં, બીન અપરાધીને પણ તેં અપરાધ કર્યો છે, આમ જણાવી તેઓને દમદાટી દઈ દબાવી રાખવામા મ્હોટાઇ માની મનમાં મકલાય છે; તથા જો ધનાઢ્ય હોય તો ધનના કેફમા ધર્મનો ત્યાગ કરીને વિષય ભોગમાં, મોજમજાહ માણવામાં આબરુ પ્રતિષ્ઠાને માનતા હોય છે. અહંકાર-મમતાના આવેશોમાં તેઓ પ્રસિદ્ધિ માનતા હોવાથી કોઇ સજ્જન કહે કે, તમોને સારી સત્તા-અધિકાર મલ્યો છે, તો તે દ્વારા ગામ-નગર માણુસોને, તેઓના અપરાધની-ભૂલોની માફી આપી આગળ વધારવા ઉન્નતિના માર્ગે ચઢાવવા પ્રયાસ કરશો તો અધિકાર જે મળ્યો છે તે શોભાસ્પદ બનશે અને મહત્તા, સ્વયમેવ આવીને ઉપસ્થિત થશે. આ પ્રમાણે સાભળતાં જ અધિકારીને ગુસ્સાનો પાર રહેતો નથી, અને શીખામણ આપનાર ઉપર ડંખ રાખી તેને હેરાન-પરેશાન કરવાનો લાગ, વારેવારે જોતાં હોય છે; અન્તે પોતે દુ:ખી બને છે અને બીજાઓને સંકટમાં ફસાવે છે. આ પ્રમાણે મહત્તા જો મળની હોય, તો લુચ્ચા-લફંગા અને ગુંડાઓ જગતમાં ફાવી જાય, અને જ્યાં ત્યાં અન્યાય-અનીતિનું સામ્રાજ્ય પ્રવર્તે, પણ તે મુજબ બનવું અશકય છે. ધનાઢ્યોને કોઇ કહે કે તમારું ધન, તમોને પુણ્ય યોગે પ્રાપ્ત થએલ છે,

માટે પુણ્યમાં-સાત ક્ષેત્રોમાં વાવો અને પ્રાપ્ત થએલ ધનાઢ્યતાનો લ્હાવો લઈને ધનની સફલતા સાથે સાર્થકતા મેળવો. આ પ્રમાણે સાંભળી તે ધનાઢ્યો કહે છે કે, તમારી પાસે જે ધન રહેલ છે, તેને સાત ક્ષેત્રોમા વાપરી પછી અમોને શીખામણ આપવા આવો; તમોને કહેવાનો અધિકાર નથી. આવાઓને પ્રસિદ્ધિ અને પુણ્ય કયાથી થાય ?

૩૯ **સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્રમાં રમણુતા કરનાર, આત્માનંદીના ગુણોને જાણનાર કોઈક વિરલ આત્મજ્ઞાની હોય છે.** અદેખાઇથી ભરેલા અને અહંકાર-અભિમાનથી ભરેલા કયાથી જાણી શકે ? કેટલાક પંડિતો સારા અને ખોટાનો વિવેક કરવામા કુશળ હોય છે. પણ ઇર્ષ્યાને લીધે પોતાના કરતાં અધિક ગુણવાનોને દેખી, તેઓની અધિક પ્રશસાને સાભળી મનમાં અદેખાઈને ધારણ કરવા પૂર્વક દુભાય છે. મારા કરતા તેઓની-તે ગુણવાનોની પ્રશંસા લોકો કેમ કરતા હશે ? શું, અમો જ્ઞાનમા, વિદ્વતામા ઓછા ? આ પ્રમાણે અદેખાઇને ધારણ કરતા હોવાથી તે પંડિતો ભલે હોય પણ આત્મજ્ઞાનીને ઓળખી શકતા નથી પોતાની વિદ્વત્તામા રહેલી ઇર્ષ્યાની મલિનતાને ટાળી શકતા નથી અને આત્માના ગુણોનો વિકાસ કરવામાં બેનશીબ રહે છે; તથા જેઓ ધનાદિક વડે સમર્થ છે તેઓને તો ગર્વ-અહંકારે ઘેરેલા હોવાથી, મનમા અભિમાનને ધારણ કરી વિચારે છે કે, તે આત્મજ્ઞાનીઓ મારી પાસે દોડતા આવશે, મારે તેમની જરૂર નથી-આ મુજબ અભિમાનના યોગે જે આત્મવિકાસમાં સદ્ગુણો જોઇએ તે મેળવી શકતા નથી, અને અહંકારગ્રસ્ત હોવાથી તેઓ સમ્યગ્જ્ઞાનીને

પાપનો ઉદય થતા નિમિત્તો પામીને દુઃખ-પરિતાપાદિક ઉપસ્થિત થાય છે. એવા પાપનો ઉદય થતા દુઃખી થવાય છે. તે વખતે પોતાનો કોઇ તિરસ્કાર કરે ત્યારે અધિક પરિતાપ થાય છે; આમ સમજી **સમયજ્ઞ મનુષ્યો દુઃખીને દિલાસો આપે છે પણ કટુ વચનો સંભળાવતા નથી.** માટે દુઃખી માણુસે ડાહ્યા અને સમજુ માણુસ પાસે જઇને દુખની બીના કહેવી, પણ જેવા તેવા પાસે દુઃખની વાત કહેવી નહીં, કારણુ કે, તેવા માણુસો દુઃખની વાત સાંભળતાં દિલાસો આપશે નહીં અને અધિક ચિન્તા-પરિતાપ અને ક્લેશ થાય તેવો માર્ગ દર્શાવશે. અને હાંસી કરશે; માટે **વાત કહેવામાં પણ માણુસની લાયકાત જોવી પડે છે. દુઃખને દૂર કરવાના જે ઉપાયો બતાવતા નથી અને દિલાસો પણ આપતા નથી તેઓની પાસે જવાથી શો લાભ?** મહાવીરસ્વામીની આજ્ઞાઓ પ્રમાણે જે વર્તન રાખતા નથી, અને રાગ-દ્વેષ-મોહના વિકારોમાં જે ફસાઇ પડેલા છે તેઓને દુઃખો આવીને હાજર થાય છે; તે વખતે કોઇ સજ્જન સન્માર્ગને દેખાડે તો અડધું દુઃખ તો ઓછું થવા સંભવ છે. જિનેશ્વર દેવની આજ્ઞા મુજબ વર્તન કર્યા સિવાય દુઃખો ઓછા થતા નથી અને સત્ય સુખ શાતિનો માર્ગ પણ સુઝતો નથી, અને સમજાતો નથી. માટે દુખને ટાળવાની તથા સત્ય સુખને પ્રાપ્ત કરવાની અભિલાષા હોય તો જિનાજ્ઞા મુજબ વર્તન રાખો. દુખ-પરિતાપાદિક આવશે જ નહીં અને કોઇની પાસે દિલાસો અગર તે તે વિડંબનાઓને ટાળવા માટે ઉપાયો પુછવાનો અવસર આવશે નહીં. સર્વજ્ઞ જિનેશ્વરોની આજ્ઞા મુજબ

શ્રદ્ધા પૂર્વક વર્તન કરવામાં એવી તાકાત છે કે, દુઃખોને—ચિન્તાઓને અને વિડંબનાઓને આવવાનો અવકાશ મળતો નથી.

૪૨ પરોપકારી કાર્યોમાં નિષ્ફલ થએલાની તથા ધાર્મિક ક્રિયામાં પાછળ પડતા માણસોની સજજનો હાંસી કરતા નથી કે, તેમને નિરાશ કરતા નથી, પણ તેઓને ઉત્સાહ આપી અને ઉચિત સહકાર આપીને આગળ વધારે છે. અને તેઓને મધુર વચનો દ્વારા કહે છે કે, તમોને અડધી ફત્તેહ–સફલતા મળી છે માટે નિરાશ થશો નહીં. અને આરંભેલ કાર્ય પડતું મૂકશો નહી. જે માણસો નિરાશ બનીને યોગ્ય કાર્યોને પડતા મૂકે છે તે માણસો આત્મવિકાસમા આગળ વધતા નથી તેમજ તેઓને યોગ્ય સહકાર મળતો નથી. અને પ્રમાદને આવવાનો લાગ મળતો રહે છે. આળસુ–નિરાશને કોણ સહકાર આપે? આ પ્રમાણે કહીને યોગ્ય સહકાર આપીને આગળ વધારે છે. પણ નિરાશ બનેલને ઠપકો આપી તું કાર્ય કરવાને લાયક નથી, આમ કહીને પડતા ને પાટુ મારતા નથી પરંતુ પોતાની ફરજ બજાવી સ્વપરની ઉન્નતિ કરે છે. ત્યારે અદેખાઇથી ભરેલા માણસો અન્ય જનોએ કરેલા સત્કાર્યોમા વારે-વારે ભૂલો કાઢી ઠપકો આપી તેઓને નિરાશ બનાવી ઉત્સાહ વિનાના બનાવે છે. અને પોતે જાતે તે સારા કાર્યો કરવામાં અનેક પ્રકારનાં બાના બતાવી ખસી જતાં વિલંબ કરતા નથી. આવા માણસોમા માણસાઇ પણ ક્યાથી હોય! માટે સ્વપરનું કલ્યાણ કરવું હોય તો. પરોપકારાદિક કાર્યો કરનારને ઉત્સાહ આપી આગળ વધારો, થએલી ભૂલોને સુધારી, અગર તેઓની પાસે સુધરાવી ઉત્સાહ આપો, અને સાથે સાથે

સહકાર આપવામાં તૈયાર રહો, પણ ખસી જાઓ નહીં. આ પ્રમાણે વર્તન રાખવાથી લાભ થશે પણ નુકશાન થશે નહીં, અને જાહેરાત વિના પણ પ્રસિદ્ધ બનશો. સત્કાર્યો કરનારને તથા સહકાર આપનારને આપો આપ મહત્તા આવીને મળે છે. શકિત છતા સત્કાર્યોમા વિલંબ કરવો તે આળસુ બનવાની નિશાની છે, તેથી પ્રમાદ આવતો રહે છે. માટે તથા પ્રકારની શકિત ન હોય તો સહકાર આપવાપૂર્વક પ્રશંસા કરો, અગર મનમા અનુમોદના કરીને ભાવના ભાવો કે, સારા કાર્યો કરવાની શકિત મળો. તમારી ભાવના મુજબ શકિતનો પ્રાદુર્ભાવ થશે.

૪૩ **પુણ્યોદયથી વિપત્તિ વિડંબનાઓ આવતી નથી. પણ દુઃખો આવતા હોય તો, પાપોદયમાં.** દુનિયામા દુખી પ્રાણીઓ અધિક પ્રમાણમા હોય છે, સર્વથા સુખી તો વિરલ દેખાય છે. માટે જ્યારે દુઃખ, વિડંબના આવે ત્યારે તમારા કરતાં અધિક દુઃખી માણસોને દેખી વલોપાત કરતા નહીં; અને ભાવના ભાવજો કે, **કરેલા પાપકર્મોના ફ્લો દરેક પ્રાણીઓને ભોગવવા પડે છે. તદ્ભવમાં મોક્ષમાં જનાર મહાશયોને પણ ભોગવવા પડે છે. તો મને દુઃખનો વખત આવી લાગે તેમાં શું આશ્ચર્ય ?** આ પ્રમાણે ભાવના ભાવવાથી અડધું દુઃખ તો ઓછું થવાનું અને જે બાકી રહેલ છે તેને સહન કરવાની શકિત જાગ્રત્ થશે; પછી આવેલ દુઃખનું જોર ચાલશે નહીં–આપો આપ ખસી જશે. અને જેઓ વલોપાત–પરિતાપ કરી રહેલા છે તેઓની પાસે જશે માટે દુખના સમયે પોતાના કરતાં અધિક દુઃખીને દેખી આવેલ દુખને નિવારો; અગર પાપના ઉદયના નિવારણ માટે

ધાર્મિક ક્રિયાઓમાં શ્રદ્ધાપૂર્વક તત્પર બનો. વલોપાત-પરિતાપ કરવાથી દુખો-વિડંબનાઓ કદાપિ ટળતી નથી. ટળશે પણ નહી. દુખ-સંકટો પસંદ પડતા ન હોય તો, અગર તેઓની ભીતિ લાગતી હોય તો, પ્રથમથી પાપોના કારણો સેવો નહી. નીતિ-ન્યાયના માર્ગે ગમન કરો, તે મુજબ વર્તન કરવાથી દુખો આવશે નહીં. તેવા કારણો સેવ્યાં તો દુઃખ હાજર થાય; તેમાં શોક પરિતાપ કરવો તે અધિક દુઃખને લાવવાનો ઉપાય છે. માટે પ્રથમજ પાપો કરવા નહી. અને નીતિને સાથે રાખી ધાર્મિક ક્રિયાઓ કરવી. **જગતમાં કયા પ્રાણીઓને સંકટો આવતા નથી—મહાન્ તીર્થંકરોને પણ ઉપસર્ગ પરિ-સહોને સહન કરવા પડયાં છેઃ** તે વખતે તે મહાશયોએ શોક સંતાપાદિક કર્યા નથી. પણ ભાવનાઓને ભાવી તે દુખોને સહન કરીને નિવારવાની તાકાત મેળવી છે, તેથીજ તેઓ, પરમાનંદના લ્હાવા લેવા ભાગ્યશાલી બન્યા છે. તમે પણ તેમના માર્ગને અનુસરી, ભાગ્યને વધારી, કર્મોને નિવારી, આનદમાં ઝીલો.

૪૪ **સુંદર સંસ્કૃતિનું તથા સદ્દગુણોનું મૂલ કારણ જો કોઈ હોય તો સંયમ ગુણ છે.** એટલે ધૈર્ય, ગભીરતા, નમ્રતા, સરલતા, સહિષ્ણુતા, નિરભિમાનતા, અમમત્વ વિગેરે સદ્ગુણોને આપોઆપ આવવાનો અવકાશ મળે છે, અને તે આવેલા સદ્દગુણો, કામ, ક્રોધ, ઇર્ષ્યા-અદેખાઇ વિગેરેના દુર્ગુણોને હઠાવવા સમર્થ બને છે. આ કારણથી સંયમની આરાધનાની દરેક માનવ કે દાનવને આવશ્યકતા છે. વ્યાવહારિક કાર્યોમાં પણ શક્ય સંયમ સિવાય સુખશાંતિની પ્રાપ્તિ થવી અશક્ય છે સંયમ વિનાના માનવીને ભલે શ્રીમંત શેઠ અગર ચક્રવર્તી કે

આબરૂ રાખવા માટે આત્મઘાત કર્યો, પણ આબરૂનું ને દેહનું લીલામ થવાપૂર્વક મનુષ્યજન્મને હાર્યો, માટે શાસ્ત્રકાર કહે છે દરેક પ્રસંગે સંયમને ભૂલતા નહી. મનુભવમાં સારી રીતે ધર્મની અને આત્મવિકાસની આરાધના થતી હોવાથી જ તે મનુભવ અતિશ્રેષ્ઠ માનવામા આવ્યો છે. આવા ઉત્તમ મનુષ્યભવમા, પશુતાના સંસ્કારોનું પોષણ થાય, અને વધારવા માટે પ્રયાસો કરાય તો પશુપણાના સંસ્કાર યોગે પશુપણામાં જન્મ ધારણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. માટે મનુભવની સાર્થકતા તથા સફલતા કરવા માર્ગાનુસારીના પાંત્રીસ બોલોને હૃદયમાં પરિણામ પમાડવા કોશીશ કરવાની ખાસ જરૂર છે; સંક્ષેપમાં આટલું કરશો તોપણ મનુષ્યજન્મમાં માણસાઇ આવશે. અને સાથોસાથ દિવ્યતાનો આવિર્ભાવ થશે. જે તમોને દુઃખ-પીડા-વિપત્તિ અને વિડંબનાઓ વહાલી નથી અને તેઓને હઠાવવા દરરોજ પ્રયાસો કરશો અગર કરો છો તે દુઃખ-પીડા વિગેરે અન્ય પ્રાણીઓને, મનુષ્યને કદાપિ આપવાનો વિચાર કરશો નહી. કદાચિત્-એવા વિચારો આવતા હોય તો પોતાના દુઃખ-વિપત્તિના જનક જાણી સદ્ભાવના તથા વિવેકના આધારે દૂર કરશો. કારણ કે અન્યપ્રાણીઓને તેમજ મનુષ્યોને વિપત્તિ કે વિડંબનાઓને આવવા માટે કરેલા દુષ્ટ વિચારો વડે મનમાં મલિનતા આવીને ઉપસ્થિત થયા વિના રહેતી નથી. અને મલિનતા યોગે પીડાઓને ઉત્પન્ન કરનારમાં સુખશાતિ હોય ક્યાંથી ? બીજાઓને પીડા યાતના-વિડંબનાઓમાં સપડાવી, અમોને સુખશાંતિ મળશે, એમ માનવામાં તમારી મ્હોટી ભ્રમણા છે, એટલે સુખશાંતિ બદલે તત્કાલ અગર અન્ય વખતે કે અન્ય ભવમ

વિપત્તિ-વિડંબનાઓ વિગેરેના સંયોગો તથા નિમિત્તો પ્રાપ્ત થવાના. માટે સુખશાતિને દરરોજ ચાહો છો અને ઇચ્છી રહેલા છો તો અન્ય પ્રાણીઓને પણ સુખશાતિ આપવાના વિચારપૂર્વક કષ્ટને સહીને પણ તેઓના પ્રતિકૂલ બનો નહી. પ્રતિકૂલ બનવાથી અનુકૂલતા પણ આવે ક્યાંથી? માટે વચન-વાણી દ્વારા અન્ય જનોને સન્માર્ગે વાળો, તેઓને આશ્વાસન આપી તેઓના કષ્ટોને નિવારો, જિનેશ્વરની વાણીરૂપી પાણીનું પાન કરાવી તેમજ અનાદિકાલીન મિથ્યાત્વનો ત્યાગ કરાવી, હેય-જ્ઞેય અને ઉપાદેયની સારી રીતે સમજુતિ આપી સમ્યક્ત્વરૂપી અમૃતમાં સ્થિર કરો પણ તેઓને ઉન્માર્ગે-સંસારની આધિ-વ્યાધિઓના માર્ગે વાળો નહી, અને સમ્યક્ત્વમા રહેલી શ્રદ્ધા ઉડી જાય તેવુ વદો નહી.

૪૫ અન્ય જનોને સન્માર્ગે વાળવાથી-સમકિતમાં સ્થિર કરવાથી કર્મોની નિર્જરા થાય છે, નિર્જરા થવાથી આત્મોન્નતિ સધાતી રહે છે. અને પરમપદની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અનુકૂલતા આવી મલે છે, માટે વાણીના પ્રભાવે દરેક પ્રાણીઓની ઉન્નતિ માટે પ્રયત્ન કરો. તથા માનસિક શક્તિઓ પણ તમોને પુણ્ય પ્રભાવે તેમ જ નિર્જરાના યોગે સારી રીતે મળી છે, તેથી સદ્‌વિચારો કરો અને વિવેકદ્વારા સર્વે પ્રાણીઓ સુખી રહે તેમ કરો. તેમની અજ્ઞાનતા-ભ્રમણા ભૂલો તથા વિડંબનાઓ-વિપત્તિઓનો નાશ થાય, અને સત્ય સુખ શાતિમા ઝીલે, આવા સુંદર વિચારોનો પ્રવાહ મનમા વહેરાવો; આ પ્રમાણે માનસિક. વાચિક અને કાયિક શક્તિઓનો સદુપયોગ કરવાથી આત્મોન્નતિમાં અને સમાજોન્નતિમા ઘણો લાભ થાય

છે. પરંતુ મન વચન અને કાયાની શક્તિઓને વિપરીત માર્ગે વાળવાથી પોતાની શક્તિની હાનિ થાય છે. માટે મળેલા મોઘેરા મનુષ્યભવની સફલતા કરો. કોઇ એક ભાગ્યશાલી પાસે ઘણું ધન હતું તેથી યુવાસ્થામા સ્વદારા સંતોષનો ત્યાગ કરી વ્યભિચારી બનીને સ્વશક્તિનો તથા ધનાદિનો નાશ કરી પાગલ જેવો બન્યો. ઘરમા પતિવ્રતા પત્નીને,–શીખામણ આપતાં ગાળો ભાંડવાપૂર્વક માર મારે છે, જેથી ગામમાં તિરસ્કાર પાત્ર બન્યો. કોઇ પ્રકારે સહકાર નહી મળતો હોવાથી બહુ દુઃખી થયો. પણ ઘણો દુઃખી થએલ હોવાથી ઉપાશ્રયમાં જઇને એક આચાર્યને સુખી થવાનો માર્ગ પુછયો. આચાર્ય મહારાજે કહ્યું કે, **સુખી થવાનો માર્ગ એ છે કે માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓને કાબુમાં રાખી સંયમની આરાધના કરવી જોઇએ.** તેને કાબુમાં ન રાખવાથી અને સંયમની આરાધના નહી કરવાથી દરેક પ્રકારના દુઃખ આવી હાજર થાય છે. તારી પાસે પુણ્યોદયે સારી મિલ્કત હતી અને ગામમાં આબરૂ પણ સારી રીતે ઝામી હતી પણ સંયમની આરાધના નહી કરવાથી આવી દુઃખદાયી અવસ્થા તને પ્રાપ્ત થઇ છે. ધન-તન અને મનની શક્તિઓ વૃથા ગુમાવીને હાલમાં અત્યંત કષ્ટ સહન કરી રહ્યો છે; માટે અદ્યાપિ તે શક્તિઓને સન્માર્ગે વાળવાનો અવસર છે, સુખી થવાનો આ માર્ગ સનાતનનો છે; માટે વ્યભિચાર વિગેરેને નિવારી સંયમની આરાધના કર ધનાદિકનું રક્ષણ થશે અને ગએલ આબરૂ મળવાની સાથે સન્માનપાત્ર બનીશ, તેમજ શારીરિકાદિ શક્તિઓનું રક્ષણ થશે. અને તે શક્તિઓમાં સંયમનું પાલન હોવાથી

સાધનો માટે દોડધામ-પરિતાપ-ચિન્તાઓ કરો છો અને પાપ-સ્થાનકોને પણ સેવીને મેળવવા માટે મથો છો પણ તે સાધનો તો અત્યંત સંકટો વિપત્તિઓ અને વિડંબનાઓના-દુઃખોના કારણો-નિમિત્તોને ઉપસ્થિત કરે છે અને કરશે, માટે શાશ્વત-સર્વદા સર્વથા અને સર્વત્ર અનંત સુખની અભિલાષા હોય તો દુન્યવી વિદ્યા વિગેરેને મેળવીને પણ અનંત સુખના સાધનોને ભૂલો નહી. સત્ય સાધનો મળતાં સત્યાનંદ આવવાનોજ છે પણ દુનિયામાં અંતવાળા સુખને મેળવવા માટે માણસો મથતા હોવાથી સત્યાનંદનો આસ્વાદ કયાંથી પ્રાપ્ત થાય ? ખાવા-પીવામાં મોજમજામાં વિષયોમાં જેવો પ્રેમ છે, વિશ્વાસ છે તેવો સત્ય સુખ મેળવવામાં પ્રેમ-શ્રદ્ધા રાખશો તો આધિ-વ્યાધિ ઉપાધિની વિડંબના રહેશે નહી.

ખાવા પીવામાં આનંદને માનનાર એક બ્રાહ્મણ, લાડુના ભોજનમાં અત્યંત પ્રેમવાળો હતો, લાડુનું નામ સાંભળતાં માંદો પડ્યો હોય કે કુવા-ખાડામાં પડ્યો હોય તોપણ એક-દમ ઉત્સાહમા આવી ઉભો થતો અને કુદકારો મારીને બહાર આવતો. એકદા એવું બન્યું કે, એક યજમાને, આ બ્રાહ્મણને જમવા માટે આમંત્રણ આપ્યું, તે બહુ ખુશી થયો અને બપોરે પણ ઘરમાં ભોજન લીધું નહી, અને સાંજરે યજમાનના ઘેર જઇને લાડુઓ આકંઠ ઉડાવ્યા. લાડુઓમાં એલચી કેશર વિગેરે મસાલા નાંખેલ હોવાથી ઘણો રસ પડ્યો તેથી પાણી પીવાની પણ જગ્યા રહી નહી. પણ જમી રહ્યા પછી તરશ લાગી. પાણી પીધું અને અકળામણ એવી આવી કે લેશમાત્ર ચેન પડયું નહી. પાચન કરવા માટે વગડામાં જઇને ભમવા લાગ્યો, ગામમાં

ભોગે તેને નિર્માલ્ય બનાવ્યો છે. રાજાને પણ ખાત્રી થઇ કે,
**જગતમાં વિષયભોગ અને ચિન્તાઓ માણસોને બલહીન
બનાવે છે.** આ પ્રમાણે પહેલાં કહી ગએલ શેઠને કોઇ વખતે
પત્ની પરિવારથી અને કોઇ વખતે વ્યાપાર-વ્યવહારાદિકના નિમિત્તો
મળતાં ચિન્તાનો બોજો વધવા લાગ્યો. એકદા શેઠ વિચાર કરે
છે કે પુત્રાદિક પરિવારે તો, ચિન્તાઓ વધારી પણ ઓછી કરી
નહીં અને શકિત પણ ઓછી થવા લાગી છે. માટે દરેક મમતોનો
ત્યાગ કરી આત્મકલ્યાણાર્થે કાઇક સાધી લઉં, આમ વિચારી
સદ્‌ગુરુદ્વારા શાસ્ત્રજ્ઞાન મેળવી અનાસકતપણે તે શેઠ રહેવા લાગ્યા.
સર્વે સંયોગો અનિત્ય અને વિયોગવાળા છે. આમ વિવેક
લાવી ધર્મસાધન કરવા લાગ્યા. ત્યારે જ શોક પરિતાપ ચિન્તા-
દિક ઓછા થવા લાગ્યા અને પોતાના ધનનો સદુપયોગ કરવા
લાગ્યા. તેથી સુખ શાતિને આવતાં વિલંબ થયો નહી માટે
શાસ્ત્રકારો કહે છે કે શસ્ત્રાદિક વિદ્યાઓ તમારી પાસે ધનાદિકના
સાધનો હોતે પણ ચિન્તાઓને ચૂરશે નહી. **ચિન્તાઓને
ચૂરનાર તો, શાસ્ત્રવિદ્યા છે.**

૫૦. શાસ્ત્ર-આગમનું ગુરુગમદ્વારા જ્ઞાન લેવાથી
વ્યાવહારિક કાર્યોમા મલિનતા આવતી નથી અને તે કાર્યોમા
પાપનો બંધ અલ્પ થાય છે, મનની મલિનતાની શુદ્ધિ થતી
રહે છે. તેથી સંસારમાં ઐક્ય, નિખાલસતા, પાપભીરુતા, ઇચ્છા
નિરોધ-પાંચ ઇન્દ્રિયો ઉપરનો કાબુ વિગેરે માર્ગાનુસારીના ગુણોનો
નિવાસ થાય છે. તથા સર્વે પ્રાણીઓ તરફ મૈત્રીભાવના-પ્રમોદ
અનુકંપા અને માધ્યસ્થ્ય આવતા ધર્મના પાયાઓ સુદૃઢ બને
છે મોટા અપરાધીઓ, ચોરીના કરનારાઓ તથા વ્યભિચારીઓ

શાસ્ત્ર-આગમની વાણીને શ્રવણ કરવાથી શુદ્ધ બની પરમાર્થને સેવવા સમર્થ બન્યા છે. શાસ્ત્રનું જ્ઞાન, અમૃત કરતા અધિક પ્રભાવવાળું છે. અમૃત તો મરતાંને એક વાર બચાવે છે. પણ શાસ્ત્ર શ્રવણ તો ભવોભવ મરણને પામતા મનુષ્યોને, પશુ-પંખીઓને પણ અમરત્વ અર્પે છે. અમૃતને સમુદ્રમાથી ઉત્પન્ન થએલું સાહિત્યકારો કહે છે. પણ આ **શાસ્ત્રજ્ઞાનરૂપી અમૃત તો કેવળજ્ઞાની તીર્થકરોના શ્રીમુખેથી ઉત્પન્ન થએલ** છે. તો પછી અધિક પ્રભાવશીલ કેમ ન હોય ! પુણ્યયોગે પ્રાપ્ત થએલી ઠકુરાઇ સદાય સર્વથા ટકતી નથી, પણ શાસ્ત્રજ્ઞાનના આધારે પ્રાપ્ત થએલ ઠકુરાઇ સદા અને સર્વથા ટકી રહે છે. જગતમા વ્યાધિઓની દવાઓ મળી રહે છે, પણ ભવોભવના દુ:ખો, જેવાં કે જન્મ જરા-મરણાદિકની દવા મળવી જ અશક્ય છે. પણ શાસ્ત્રજ્ઞાન કરવાપૂર્વક તેમા કહેલ કાયદાનો અમલ કરવાથી ભવોભવના-જન્મ-જરા-મરણાદિકના દુ:ખો-સંકટો યાતના-વિડંબના વિગેરે મૂલમાથી નાશ પામે છે સાચી દવા શાસ્ત્રજ્ઞાન કરીને તે પ્રમાણે વર્તન કરવું તે છે. વ્યાધિની દવા પ્રમાણે વર્તન કરવાથી વ્યાધિ મટે તે પ્રમાણે જન્મ મરણાદિક દુ:ખોની દવા પ્રમાણે વર્તન કરવાથી જન્માદિકના દુ:ખો ટળવાનાજ. માટે એક માણસની માફક, વ્યાધિ અને જન્માદિકની વિપત્તિને મૂલમાંથી ટાળવા માટે પ્રયત્નશીલ બનો, પ્રમાદ કરો નહી-સાંસારિક સુખના સાધનો હોતે પણ. એક શેઠને અનેક વ્યાધિઓ અને આધિઓ વળગેલી હતી. અને શેઠનું મન્તવ્ય-એવું હતું કે. સાંસારિક વિષયના સાધનોથી આધિ-વ્યાધિ વિનાનું સુખ પ્રાપ્ત થશે પણ તેઓ દ્વારા ઉલ્ટી વિડંબનાઓને

સ્થાન મળ્યું તેથી અન્યજનોને કહેવા લાગ્યા કે, મને ચિન્તાઓ અને વ્યાધિઓ વળગી છે. તો આપણે શું માનવું? ચિન્તા વ્યાધિઓ, તે શેઠને વળગી છે કે શેઠ, ખુશી થઇને તેઓને પકડી રહ્યા છે? વૈષયિક સુખના સાધનમાં વિડંબનાઓ વિપત્તિઓ-અને ચિન્તાઓ ભારોભાર ભરેલી છે; આ પ્રમાણે સમ્યગ્‌જ્ઞાન હોત તો અન્યજનોને કહેત નહી કે અમોને તે વળગેલ છે. સમ્યગ્‌જ્ઞાન વિના અજ્ઞાનતાના યોગે આવું વિપરીત બોલીને મનુષ્યો, અધિક શોક સંતાપાદિક વડે દુઃખી થાય છે. આ પ્રમાણે માયા મમતા પણ તમને વળગી નથી પણ તમે તેને વળગ્યા છો.

અત્યંત રાગને લઇને તમો જ માયા, મમતાને વળગી રહ્યા છો, તેથી કારમા કર્મોને દૂર કરવાના સાધનો તરફ શ્રદ્ધા-પ્રેમ થતો નથી. મુનિવર્યો, આગ્રહપૂર્વક કર્મોને હઠાવવાનો સન્મર્ગ દર્શાવે, ત્યારે શરમથી સ્વીકાર કરો; પણ પાછા જગતના ઝેરી વાયરાની અસર થતાં, વિષય સુખના સાધનોમાં પ્રેમ ધારણ કરો છો તેથી માયા મમતાએ તમોને જ પકડી રાખ્યા છે. તેવી માયા મમતામાં પ્રેમ ધારણ કરવાથી, કેટલી આધિ-વ્યાધિ અને વિડંબનાઓ ખસી? એક ભીખારણ ગામમાંથી રોટલાના ટુકડાઓ માંગી લાવીને કોઇ સ્થળે ખાતી હતી. તે માર્ગે થઇને ગમન કરતાં રાજાને દયા આવી. તેને સમજાવી અંત પુરમા જુદા મહેલમાં રાખી અને ખુબસુરત હોવાથી રાણી બનાવી. તેને ખાનપાન સાથે શૃંગારવામાં ખામી રાખતો નહીં છતાં તે ભીખારણ ઉદ્વિગ્ન રહેવા લાગી. આનંદપૂર્વક દિવસો ગુજારતી નથી. રાજા વારે વારે બોલાવે તો પણ મૌન રહે, આથી રાજાને ચિન્તા થઈ અને

બુદ્ધિધન પ્રધાનને પૂછયું-કે આ રાણીને મનગમની વસ્તુએ આપું છું. ખાનપાન વિગેરેમા ખામી પડવા દેતો નથી. છતાં રાણી દીવેલ પીધાં જેવું મુખ ધારણ કરીને મૌન રહે છે-હર્ષથી જવાબ આપતી નથી માટે શો ઉપાય કરવો ? પ્રધાને કહ્યુ કે જાતે ભીખારણને તમે દયા લાવીને રાણી બનાવી પણ ભીખ માગવાના સંસ્કારો ગયા નહી. ભીખ માગ્યા વિના તેને ચેન પડતું નહી હોય. પ્રથમના પડેલા સંસ્કારો, ઉમદા વસ્તુઓ ઉપસ્થિત થાય તોપણ પોતાનો ભાવ ભજવ્યા વિના રહેતા નથી. અભક્ષ્ય-અનંતકાય વસ્તુઓને ખાનારાઓની આગળ ઉમદા મેવા મીઠાઇને ધરવામા આવે તોપણ અભક્ષ્ય અને અનતકાય વસ્તુઓમા તેમની ઇચ્છા થવાની, ઉપવાસ-આબીલાદિ તપસ્યા કરી હોય તો છીંકણી વિના જેમ ચેન પડતું નથી, તેમ પ્રથમના બુરા સંસ્કારોથી સારા સાધનો પાસે હાજર હોય તો પણ તેઓને આનદ થતો નથી. માટે તેણીને ભીખના ટુકડા વિના ચેન પડશે નહી; આ પ્રમાણે પ્રધાનનું કથન સાભળી મહેલમાં રહીને ભીખ માગે તેવી ગોઠવણ કરી. પછી તે રાણી, ભીખ માગતી જાય અને ટુકડા ખાતી જાય અને મનના હરખાતી રહે આ પ્રમાણે દુનિયામા રહેલા માનવીઓ યાચના કરવામા, ભીખ માગવામા ટેવાએલા છે, તેઓને સત્ય-સુખને આપનાર અને અનંતભવોના અંકુરોને કાપનારા સાધનો પસંદ પડતા નથી તેનું કારણ પ્રથમના એવા એવા સંસ્કારો છે, આવા બુરા સંસ્કારોને ખોટા-દુખદાયક, જો માનવામાં આવે અને અતિશય બલને ફોરવીને ખસેડે તો બને એમ છે

માટે મમતા-માયાના સાધનોમા જે રાગ રહેલો છે તેને ખસેડવા પ્રયત્નશીલ બનો. પછી આધિ-વ્યાધિ ઉપાધિ ઓને ઉત્પન્ન કરનાર અહંકાર-માયા-મમતાને આવવાનું સ્થાન મળશે નહીં.

૫૧. આત્મિક-માનસિક અને કાયિકશક્તિ અને શુદ્ધિ માટે પ્રથમ ઉપાય જો કોઈ સાચો હોય તો બ્રહ્મચર્યનું પાલન છે. જો કે, રસાયણ વિગેરે લેવાથી કાયિક શક્તિ વધે છે અગર આવી મળે છે પણ આત્મિક અને માનસિકશક્તિમાં મલિનતા આવીને ભળે છે. તેથી વિષયના વિચારો અને વિકારોમાં વેગ આવતા આત્મિકશક્તિને દબાવી દે છે. માટે શક્તિ લાવવા માટે દુન્યવી દવા કરીને પણ બ્રહ્મચર્ય, દ્રવ્ય અને ભાવે પાલવું તે હિતકર અને શ્રેયસ્કર પણ છે. દ્રવ્ય અને ભાવથી બ્રહ્મચર્યનું પાલન કરનારમા વિવિધ લબ્ધિઓનો પ્રાદુર્ભાવ થતો હોવાથી તે મહાભાગ વિષયકષાયના વેગોને તથા વિચારોને હઠવાવા સમર્થ બને છે. કોઇ પ્રકારનો ભય રહેતો નથી, જે સાત પ્રકારનો ભય, શાસ્ત્રકારે કહ્યો છે તે કોને સતાવી પીડાજનક નિવડે કે જેણે દ્રવ્ય અને ભાવથી બ્રહ્મચર્યનું પાલન કર્યું નથી તેને જ; માટે આલોક-પરલોક-આદાન-અકસ્માત્ વિગેરે સાત ભયને નિવારવો હોય તો સાચું બ્રહ્મચર્ય પાળવા પ્રયત્નશીલ બનવાની આવશ્યકતા છે કોઇ વખતે બ્રહ્મચર્યના ભંગમા ફસાઇ પડેલા હો, તોપણ કપટકલાને કેળવી બ્રહ્મચર્યનું રક્ષણ કરો. શ્રી સુદર્શન શેઠ, કપિલાના ફંદામાં ફસાઇ પડ્યા પણ તરત ચેતી ગયા, અને કહ્યું કે નામર્દ છુ, આ પ્રમાણે સાંભળી કપિલાએ તેનને ખસવા દીધા, આ યુક્તિ

કહેવાય. આવી અવસરે યુક્તિઓ કરીને પણ બ્રહ્મચર્યના ભંગનો બચાવ કરો. શક્તિ અને શુદ્ધિને પ્રાપ્ત કરો.

૫૨. બ્રહ્મચર્યભંગના જે જે નિમિત્તો અને સંયોગો છે, તેઓથી દૂર ખસશો ત્યારે જ રીતસર બ્રહ્મચર્યને પાળવા સમર્થ બનશો; અત્યારના કાળમા જે જે પહેરવેશ છે, જે જે ખાનપાનના સાધનો છે, તે પ્રાયઃવિકારો કરનાર હોવાથી તેવા ખાનપાનાદિમા મોહને ધારણ કરો નહી અને નીતિપૂર્વક ધાર્મિકકાર્યોમાં ધ્યાન રાખો. તેથી સ્વપરનું કલ્યાણ કરવામા તમે સમર્થ બનશો અને ત્યારે તમારી બુદ્ધિ જ આત્મિક-માનસિક અને કાયિકશક્તિનો ઘાત થાય તે પ્રસંગે તમોને સારી રીતે સહકાર કરવાપૂર્વક તમારી શક્તિનું રક્ષણ કરશે સ્વપરની કલ્યાણકારિકા બુદ્ધિ પણ બ્રહ્મચર્યના રક્ષણ કરવાથી ઉત્પન્ન થાય છે. જેણે રીતસર બ્રહ્મચર્યનુ પાલન કર્યું નથી તે વ્યક્તિ, સહન કરવામા પાછો હઠે છે. ગણુગમના વિચારો સાભળતા-તથા બીજાના તેવા શબ્દોનું શ્રવણ કરતા એકદમ ક્રોધાતુર બની સ્વપરનું અહિત કરવા તત્પર બને છે. માટે ક્રોધાદિકને હઠાવવાનો ઈલાજ બ્રહ્મચર્યનું પાલન કરવું તે છે. એક શેઠ, નોકર-પરિવાર ઉપર સહજ વાતવાતમા ગુસ્સો કરીને ગાળો દેવામા પાછા હઠતા નથી કારણ કે રીતસર બ્રહ્મ-ચર્યની તેમનામા ખામી હતી. એકદા સમયજ્ઞ સેવકે શેઠને કહ્યું કે શેઠજી-મને વધ-બાજરી આપો તેનાથી ઘઉં ઉપજ કરવા છે. શેઠે કહ્યું કે વધ બાજરીથી ઘઉં ઉત્પન્ન થતા હશે? સેવકે કહ્યુ કે, ગાળો દેવાથી-ગુસ્સો કરવાથી શેઠ [illegible] સમજતુ હશે [illegible]

તો બ્રહ્મચર્યને પાળીને શકિતને વધારી સહન કરો તો તમોને
ગુસ્સો થશે નહી અને શાંતિમાં રહેશો.

૫૩ **વ્યાવહારિક કાર્યો એવા હોવા જોઇયે કે નિવૃત્તિના આનંદમાં ઝીલાવે** અને મમતા-અહંકારના કેફને ઉતારે.
સજ્જનો, વ્યવહારના કાર્યોને પ્રવૃત્તિ કહે છે તે પ્રવૃત્તિ, જો
નિવૃત્તિવાળી ન બને તો પ્રાણીઓ પોતાના આયુષ્યને સંપૂર્ણ
તયા ભોગવી શકે નહી, અને આર્ત-રૌદ્ર ધ્યાનના વિચારો
કરતા અકાળે મરણ પામી દુર્ગતિનું ભાજન બને. આ કારણથી
શાસ્ત્રકારો સ્વમુખે પણ કહે છે કે, વ્યાવહારિક કાર્યોમાં રાચ
માચી રહેશો અને નિવૃત્તિનું સાધ્ય નહી રાખો તો મનુષ્ય
ભવમાં જે માણુસાઈ અને દિવ્યતાને પ્રગટાવવાની છે, તે
બદલે પશુતાને આવવાનો અવકાશ મળશે; પશુતામાં તો સ
પરને હિતકારક વિવેક અને વિચાર હોય કયાથી? ભલે પછી
દશપ્રાણો અને છ પર્યાપ્તિ-શક્તિઓ મળેલી હોય, ભલે મનુષ્યો
કરતાં શારીરિક બલ વધારે મળ્યું હોય કે ખાવા પીવાનું અધિક
હોય તોપણ વિચાર-વિવેક વિના તે સઘળુ વૃથા છે મનુષ્યો,
સદ્વિચાર અને વિવેક દ્વારા માણુસાઇ અને દિવ્યતાનો પ્રાદુર્ભાવ
કરવા સમર્થ છે પણ પ્રવૃત્તિમા જ સાચા સુખની જેઓમાં
માન્યતા હોય, તેઓ તો શોક ચિન્તા પરિતાપાદિક સિવાય અન્ય
સ્વપર કલ્યાણુકારક માર્ગ કયાંથી પ્રાપ્ત કરી શકે? તમોને
આ બીનાની ખબર તો છે જ કે દરરોજ અહોનિશ ખાવા
પીવાની પ્રવૃત્તિ કરો છો પણ જો તેની નિવૃત્તિ-નિકાલ થાય
નહી તો શુ થાય? ઝાડે ફરવા ન જાઓ તથા માત્ર-પેશાબને
રોકી રાખો તો, કેવી સ્થિતિ અને વિડંબના થાય! પેટમાં

બને માટે દરેક મનુષ્યોએ તેમજ વિદ્વાન્ વકતાઓએ ઉપદેશ આપતી વખતે તેમજ સામાન્ય વાતોમાં પણ રીતસર ઉપયોગ રાખીને સ્વ વચનો પર કાબુ રાખવો આવશ્યક છે. વિદ્વત્તાની સાર્થકતા અને સફલતા, કોઈપણ પ્રાણીઓનું હિત સધાય, સન્માર્ગે ગમન કરી સ્વપરનું કલ્યાણ સાધી શકવા સમર્થ બને તેવો ઉપદેશ આપવામા છે, નહી કે મનોરંજન કરીને પરિણામે અનેક સંકટોમાં વિપત્તિઓમાં સપડાય.

૫૬. પોતાની વાણીને જેમ તેમ ફેંકે રાખતો માનવી, ઘરમાં પણ અનેક પ્રકારનો કંકાશ, ઝગડા-કલેશાદિને ઉભા કરીને શાતિમાં દખલ કરવાપૂર્વક પોને પણ દુઃખી દુઃખી બને છે એટલે ઘરમા શાંતિનું વાતાવરણ બગાડી નાખે છે તેમાં કોઇને લાભ થતો નથી. યદ્વા તદ્વા બોલનારો, પોતાનુ કામ પણ સાધી શકતો નથી તો પરનું કાર્ય કયાથી સાધી શકે? એક બ્રાહ્મણ પોતાને વિદ્વાન માનતો તેથી બોલવામા બાકી રાખતો નહી. હિતકારક છે કે પીડાજનક છે, તેનો વિચાર કર્યા વિના ફાવે તેમ બોલવામા જ બહાદુરી માનતો હતો એક વખતે મુસાફરીએ નીકળ્યો એક નાના ગામડામા આવી ક્ષુધા લાગવાથી ચોખા અને દાળ માંગી લાવીને એક વૃદ્ધા ડોસીને કહ્યું કે, મને આની ખીચડી બનાવી આપશો. કૃપાળુ વૃદ્ધાએ " હા " કહીને ચોખા દાળને પાણીમા પલાળવા માટે નાખ્યા. એટલામા ખાટલામા સૂતેલા દીકરાને દેખીને વૃદ્ધાને પુછવા લાગ્યો કે આ દીકરો તમારો છે? વૃદ્ધાએ કહ્યુ. મારો નથી પણ મારા દીકરાનો દીકરો છે મારો પુત્ર તો પરદેશ કમાવા માટે ગએલ છે અને પંદર પંદર

અનંત સુખ સ્વયં આવી મળે; દેવના ભવમાં તો પ્રાપ્ત થએલી પુણ્યકમાણી ખોવાની છે અને પાછું કર્માનુસારે અન્ય ગતિમા ભટકવાનું છે. કાંતો પશુપંખીના ભવમાં, કાં તો સ્થાવર પૃથ્વી પાણી–વનસ્પતિના ભવમા; આવા ભવોમા સુખશાંતિ હોય ક્યાથી ? કારણ કે પશુપંખીઓના ભવમાં તેઓને સદ્વિચાર અને દીર્ઘદર્શિતા હોતી નથી તો પછી વિવેક ક્યાથી હોય ?

૯૦. સ્થાવર પૃથ્વી–પાણી અને વનસ્પતિના ભવમાં તો પડતા સંકટોને હઠાવવાની શકિત જ હોતી નથી; ફકત માનવભવમાં દરેક દુઃખોને હઠાવવાની શક્તિઓ રહેલી છે. આવા મોંઘેરા માનવભવને મેળવીને સર્વ સકટોને તથા વિપત્તિઓને, વિઘ્નોને, વિડબનાઓને દૂર કરવા માટે પ્રયત્ન કરો. શકિતઓને પ્રાપ્ત કરીને જો પ્રમાદમા પડયા તો પાછુ વિડંબનાઓ ભોગવવાનુ આવી બન્યુ. આ માનવ ભવમા સર્વ સંકટો–વ્યાધિઓને હઠાવવાના સાધનો મળી શકે એમ છે. પ્રથમ મનુષ્યભવ તમોને મળ્યો છે તેથી મકલાવા કે મસ્તાન થવા જેવું નથી; કારણ કે જે સાધન સામગ્રી તમોએ પુણ્યોદયે પ્રાપ્ત કરેલી તેને જો વિષય વિલાસમા વાપરી અને ક્રોધાદિકમા તેનો દુરુપયોગ કર્યો તો મકલાવાને બદલે માર પડવાનો જ, માટે તે પ્રાપ્ત થએલી શકિતઓની સફલતા–સાર્થકતા કરવા માટે વીતરાગના વચનો–આજ્ઞાઓને ચિત્ત દઇને સાભળો; તેથી તમોને વીતરાગની વાણીમાં શ્રદ્ધા જામશે. જે અહિંસા–સંયમ અને તપને વાણીમા તથા વર્તનમા ઉતારી ઉપદેશ આપે છે–તે વીતરાગ કહેવાય છે. જેઓ સર્વથા સર્વત્ર અને સર્વદા મન વચન અને કાયામા અહિંસા–સંયમ

૬૪. **ચિત્ત સ્વસ્થ-સ્થિર હોય છે ત્યારે સદ્વિચારો સ્ફુરે છે.** બીજાઓ ઉપર જીત મેળવવા કરતાં મન પર જીત મેળવી શાંતિ જાળવવી તે અધિક હિતકર અને કિંમતી છે. કારણ કે બીજાઓને પરાજિત કરીને પણ શાંતિ મેળવવી અગર આવવી અશક્ય છે. શાંતિ મેળવવા માટે જો પ્રયાસ કરતા હો તો આ ઉપાય અતિ ઉત્તમ છે.

શાંતિમા વિક્ષેપ ન પડવા દેવો, તે પોતાના હાથની વાત છે; અને જીતને મેળવ્યા પછી શાંતિ રહેવી તે પોતાના હાથની વાત નથી. કારણ કે પરાજિત થએલ શત્રુ બની શાંતિમા વારે વારે વિક્ષેપ પાડવા પ્રયાસો કર્યા કરવાના.

આપણી શાંતિનો શત્રુ જો કોઇ હોય તો, આપણે પોતે જ છીએ. જો પોતે શાંત હોય તો બીજાઓ વિક્ષેપ કરવા સમર્થ બનતા નથી. શાંતિમાં વિક્ષેપ પાડનાર આપણી મમતા અને વિષય વાસના છે; માટે તેઓને પ્રથમ જીતવા પ્રયાસ કરો.

૬૫. **જ્યાંસુધી ઇચ્છાઓ, આશાઓ અને તૃષ્ણાઓ જોર કરી રહેલ હોય, ત્યાંસુધી યાચકપણું-ભીખારીપણું ટળતું નથી.** અને આત્માને સત્ય શાંતિ મળતી નથી. દેવલોકની સાહ્યબી મળે, કે ઇન્દ્ર મહારાજાની સંપત્તિ મળે તો પણ જ્યાંસુધી તૃષ્ણા જોર કરી રહેલ હોય ત્યાંસુધી આત્મસ્વરુપ પણ પરખાતું નથી.

૬૬. **તમારે લોકના નાયક બનવું હોય તો આશાઓને નિવારી** નિસ્પૃહતાને મેળવો, બીનપ્રયાસે લોકો તમોને પગે

પરંપરાને વધારનારી લાગતી હોય તો, ઇચ્છાઓને જ્ઞાનવડે નાબુદ કરો.

ઇષ્ટ વસ્તુ મળતાં માનવી હર્ષઘેલો બને છે અને તેનો વિયોગ થતા શોક પરિતાપ કરીને પાગલ બને છે. તેથી મળેલી વસ્તુઓનો લાભ ઉઠાવી શકતો નથી.

૬૯. વ્યાવહારિક જ્ઞાન, ધન સંપત્તિ-સત્તા આપે છે. પણુ આત્મજ્ઞાન આપતું નથી, તેથી સત્ય સુખની પ્રાપ્તિ થતી નથી. પણુ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તો વ્યાવહારિક કાર્યોમા ભાન ભૂલાય નહી, આનંદ રહે અને મુંઝવણુ ટળે. આત્મિકજ્ઞાન, આત્માના ગુણોને સ્પર્શે છે અને વ્યાવહારિક જ્ઞાન, શરીરને સ્પર્શે છે.

૭૦. ઇચ્છાઓ સાધનને સાધ્ય મનાવે છે, તેથી સત્ય સાધ્યથી વિમુખ બનાય છે; સત્ય સાધ્ય તો ઇચ્છાઓના ત્યાગમાં છે, ઇચ્છાઓવડે સત્ય વસ્તુ-આત્મિકજ્ઞાન ઉત્પન્ન થતું નથી માટે દુન્યવી ઇચ્છાનો ત્યાગ કરવા પ્રયાસ કરવાની જરૂર છે.

૭૧. છૂટા પડેલા મોતીઓને ગુણોના-સૂત્રથી પરોવવામાં આવે તો માળા બને છે, અને કંઠમા પહેરી શકાય છે; છૂટી પડેલી ઇટો-વળીઓ વિગેરે પદાર્થોને એકઠા કરીને જેમ કારીગરો મહેલ બનાવે છે, તે પ્રમાણે સમ્યગ્જ્ઞાનીઓ માનસિક પ્રવૃત્તિઓને તેમજ કાયિક-વાચિક પ્રવૃત્તિઓને આત્માના ગુણોમાં એકત્ર કરીને મોક્ષ મહેલને તૈયાર કરી અનંતકાલ પર્યંત આનંદમા રહે છે કોઇ પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિ

૭૮. પરમાત્માને પ્રેમથી આમંત્રણ આપશો તો તે પરમાત્મા દૂર નથી. પરંતુ તમારી પાસે છે, તે જરૂર આવીને મળશે. પરંતુ જેવો પ્રેમ, દુન્યવી પદાર્થોમા છે, તેવો પ્રેમ પરમાત્મામાં રાખશો તો જ આવીને ભેટશે દુન્યવી પદાર્થોના પ્રેમના ત્યાગમા જ પ્રભુ પરખાય છે

૭૯. જીવન, દુઃખદાયી-દુઃખજનક છે, છતા તેનો ત્યાગ આપણે કરી શકતા નથી. તેથી માલુમ પડે છે કે જીવન જીવવા જેવું છે પણ કેમ જીવવું તે આવડતું નથી, તેથી તે જીવન દુખદાયી, દુખજનક નીવડે છે. માટે પ્રથમ **જીવતાં શીખો.**

૮૦. કાળી બાજુ જોનાર, કાળું થોડું હોય, પણ વધારે દેખે છે. ધોળું બહુ હોય છતા તે બાજુ ઉલ્લુની માફક જોતો નથી, તેથી બધે યે કાળું કાળું, કલ્પે છે, પણ જો ધોળી બાજુએ નજર કરે તો તેનો આ દોષ રહેવા પામે નહી. જેવી નજર હોય તેવું ભાસે છે માટે ધોળા ઉપર નજર રાખો. આનદ આવશે અને દોષ દૃષ્ટિ રહેશે નહી. માટે ગુણો જોવાની ટેવ પાડો.

૮૧. મહાપુરૂષોએ જે આત્મસાક્ષાત્કાર કર્યો છે તે એકદમ કુદકે ને ભૂસકે કર્યો નથી. તેઓ એકદમ પૂર્ણતાને પામેલા નથી, અને સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું નથી; પરંતુ તેઓ વિવિધ પ્રકારના ઘોર પરિસહ-ઉપસર્ગોને સહન કરીને અનંત ઋદ્ધિ-સિદ્ધિ-શુદ્ધિ પામ્યા છે.

પુરુષોત્તમોને માથે ઘોર અતિ આફતો શું નથી આવી ?

અને ઓછી થાય છે. તેથી સારી સામગ્રી હોતે પણ સુખશાંતિ રહેતી નથી. માટે વસ્તુરૂપની વિચારણા કરીને વિકલ્પો અને સંકલ્પોને હઠાવવા પ્રયાસ કરવાની ખાસ જરૂર છે.

વિકલ્પો અને સંકલ્પોથી જ સંસારમા વિષય કષાયના વિકારોનો વેગ વધે છે અને જે સુખશાંતિ હોય છે તે અલ્પ થાય છે, આર્તધ્યાન, રૌદ્રધ્યાન આવીને સ્થાન જમાવે છે માટે તેઓને દૂર કરવામા જ હુશીયારી છે.

૧૦૨. પ્રત્યેક પ્રાણીઓ તથા અચેતન વસ્તુઓ પોતાના સ્વભાવે ગુણ અને દોષને અર્પણ કરે છે. લીમડાની પાસે જઈને કહો કે, તું કડવો કેમ? અને આંબાની પાસે જઈને પુછો કે તારા મીઠા ફલ કેમ? આનો જવાબ સ્વભાવમાં જ આવશે. માટે ધર્મીજનોએ પણ પોતાનો દયાધર્મ આત્મધર્મ ભૂલવો ન જોઇએ.

૧૦૩. આત્મશુદ્ધિનો કે આત્મિકવિકાસમાં આગળ વધવાનો માર્ગ જો કોઇ હોય તો આહારનો જય આસન તથા નિદ્રાનો જય, શરીર-વચન અને મનનો જય, તીવ્ર વૈરાગ્ય-અપ્રમાદ-એકાંતતા તથા પરમેષ્ઠિ ગુણોનું ધ્યાન છે.

અલ્પાહાર-અલ્પનિદ્રા, અલ્પવિહાર, પ્રમાણોપેત ભાષા, નિયમિત કામ-કાર્ય, આ મનને તથા ઇન્દ્રિયોને વશ કરવામાં અનન્ય સાધનો છે. આ સાધનો સિવાય જેઓ માનસિક વૃત્તિને વશ કરવા પ્રયાસ કરે છે, તેઓ ફલીભૂત થતા નથી.

૧૦૪. આ જન્મનો પ્રબળ પુરુષાર્થ, પૂર્વકર્મોને

હઠાવે છેઃ માટે ઉદયમાં આવેલા કર્મોના વિપાકોને દેખીને હતાશ થવું ન જોઇયે, પણ તેઓને વિફલ કરવા પ્રબલ પુરુષાર્થને ફોરવવો જોઇએ; તેથી ઘણા કર્મો ખરવા માંડે છે.

૧૦૫. દુઃષમ કાલ, તત્વજ્ઞાની ગુરુનો વિરહ, પૂર્વ કર્મના ઉદયને વિફલ કરવાની અશક્તિ, સત્સંગનો અભાવ, પુદ્‌ગલાનંદી અને ભવાનંદીનો ગાઢ પરીચય આ સર્વે અધઃપતન પામવાના કારણ કહી શકાય.

૧૦૬. આત્મગુણોમાં રમણતા કરવી; જડ ચૈતન્યની ભિન્નતા કરવી, તે સમ્યગ્‌જ્ઞાન અને ચારિત્ર સિવાય બનવું અશક્ય છે, જ્યાંસુધી જડ ચૈતન્યની ભિન્નતા થાય નહી ત્યાંસુધી સંસારમાં પરિભ્રમણ કાયમ રહે છે.

આફ્તોના પ્રસંગો આવે તો પણ તે આફતો નાશ પામી સુખ મળે છે; આ વાતને સમ્યગ્જ્ઞાનીઓ જાણતા હોવાથી અશુભના ઉદયે અને શુભોદયે મુંઝવણુમાં પડતા નથી. અને સમ્યગ્ પ્રકારે આવેલી આફ્તોને સહન કરી લે છે.

અનીતિના માર્ગે ગમન કરનારાને બાહ્યદૃષ્ટિએ જોનારા, સુખી માને છે; પરંતુ આન્તરદૃષ્ટિએ જોનારા તત્ત્વજ્ઞાનીઓ તેઓને દુઃખી થવાની તૈયારી કરતા હોય તેમ માને છે; કારણુ કે અનીતિના માર્ગે ચાલનારા ભવિષ્યમા કેટલા સુખી થયા છે?

અનીતિના માર્ગે ચાલનારાઓને સુખી દેખીને મનમાં મુંઝાવું નહી. કારણ તેઓ દુખની ગર્તાઓ ખોદી રહેલ હોય છે; માટે દુઃખ પડે તો પણ સદાચારનો ત્યાગ કરવો નહી. પણ તેવા પ્રસંગે ધર્મની આરાધનામાં અધિક દઢ થવું જોઇએ.

કડવા મૂલ, મધુરા મૂલની માફક એકદમ તાત્કાલિક ફલને આપતા નથી પરંતુ જયારે વખત આવે છે ત્યારે કડવા મૂલથી કડવા ફલો આવવાના જ. મીઠામૂલથી મધુરા ફલ બેસવાના જ; કડવામૂલથી કદાપિ મધુરા ફલ આવશે નહી.

૧૦૯. સદાચારની આરાધના કરનાર, પૂર્વકર્મોદયે દુખી દેખાય, પરંતુ આન્તરદૃષ્ટિએ તો સુખશાતામાં હોય છે. કારણુ કે તેઓ જાણે છે કે જે અશુભ કર્મ બાધેલ છે તે ઉદયમા આવેલ છે, તે ભોગવ્યા વિના છૂટકો નથી તેથી તેઓ આનંદપૂર્વક આવેલ દુખને સહી લે છે, અને ધર્મારાધના કરતા હોવાથી-શુભોદયે ભવિષ્યમા આનંદમા રહેવાના, એટલે તેઓને ઉભય દૃષ્ટિએ આનંદ છે. પરતુ જેઓ ધર્મની-સદાચારની આરાધના કરતા નથી, તેઓને બાહ્યદૃષ્ટિ અને આન્તર-

દૃષ્ટિએ ભવિષ્યમાં સંકટો આવીને ઘેરો ઘાલવાના; માટે ધર્મનું પાલન કરો.

૧૧૦. જગતના મનુષ્યો ઝેરને તથા અનીતિને ખરાબ કહે છે; અને દુઃખદાયી પણ માને છે, પણ ઝેરનો ત્યાગ જલ્દી કરે છે અને અનીતિને હોંશે હોંશે સેવે છે; તે ઉપરથી માલુમ પડે છે-કે તેઓને દુઃખ, વહાલું લાગતું હશે, નહીતર અનીતિનો કેમ ત્યાગ ન કરે-કરે જ. મોહથી ઘેરાએલાઓને અનીતિ વહાલી લાગે છે; જેઓને મોહ મમતાનો ત્યાગ છે, તેઓને અનીતિ ભૂરી લાગે છે. માટે ભવિષ્યનો વિચાર કરીને મોહ મમતાના ત્યાગપૂર્વક અનીતિને દુઃખદાયી માની તેનો ત્યાગ કરવા નિરન્તર કટીબદ્ધ બનવું, તે જ હિતકર છે અને શ્રેયસ્કર પણ છે.

૧૧૧. મનુષ્ય, પોતાના મનમાં ધારે છે, તેવો તે થઈ શકે છે; દેવ થવું હોય તો દેવ જેવો બની શકે. માણસાઇ-ગંભીરતા-ધીરતા-નિરભિમાનતા-નિઃસ્પૃહતા-નિર્ભયતા વિગેરે સદ્ગુણોથી અલંકૃત થઈ દેવના જેવા સુખને ભોગવી શકે છે; તેમજ હલકી કોટીનો બનવું હોય તો તે બની શકે છે; એટલે પશુવૃત્તિ-અહંકાર-અભિમાન-ઈર્ષ્યા-દ્વેષ વિગેરે દુર્ગુણોને સેવી હલકી કોટીનો બને છે.

વર્તમાન કાલમાં મનુષ્યોને જે અવસ્થા પ્રાપ્ત થઈ છે, ઉત્તમ કે અધમ દશામાં જે રહેલા છે. તે તેઓના વિચારથી પ્રાપ્ત થએલ છે. એક રીતે તપાસ કરીએ તો માલુમ પડે છે કે મનુષ્યનું જીવન બગીચા જેવું છે તેમાંથી જો ઘાસ-રોપાઓ વિગેરે નકામા ઉત્પન્ન થએલ હોય તો, તેઓને દૂર કરવાથી

ઉત્પન્ન થએલ જે સુગંધીદાર પુષ્પોને આપનાર વેલડીઓને સારી રીતે પોષણ મળે–અને ઘણા પુષ્પો ઉતરે, તે પ્રમાણે મનુષ્ય જીવનરૂપી બગીચામાંથી ખોટા અને ખરાબ વિચારોને દૂર કરવાથી આત્મગુણોરૂપી પુષ્પોને સારી રીતે પુષ્ટિ મળી રહે; અને આત્મા પોતે ઉન્નત બની સ્વપરનું કલ્યાણ સાધી શકે.

જેમ બીજમાથી વૃક્ષો અને વેલડીઓ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે મનુષ્યોના પ્રત્યેક કાર્યોનું બીજ તેઓના વિચારો છે. ખરાબ વિચારોથી કાર્ય સારૂ થતું નથી તેમજ સારા વિચારોથી કાર્ય ખરાબ બનતું નથી, માટે ખરાબ વિચારોને તપાસીને ખંતપૂર્વક દૂર કરો; પ્રત્યેક કાર્યો સુંદર બની રહેશે; પરિણામ વિપરીત આવશે નહી.

૧૧૨. કાર્ય, એ કરેલા વિચારનું પુષ્પ છે અને સુખ દુઃખ તેનાં ફળો છે. આ પ્રમાણે મનુષ્ય, પોતાની વાવણી પ્રમાણે તેના કડવા મીઠાં ફળોને મેળવી–ભોગવી શકે.

દરેક પ્રાણીઓની ઉત્પત્તિ, તે કોઇની બનાવટ નથી. પણ મન, વચન અને કાયાના કર્માનુસારે તે થઈ છે તેમજ સૂક્ષ્મ કે સ્થૂલ વસ્તુના સંબંધમા જે રીતે કાર્ય કારણનો નિયમ લાગુ પડે છે તે પ્રમાણે, ગુપ્ત વિચારોનો કાર્ય કારણ સંબંધ ચોક્કસ હોય છે, કારણ વિના કાર્ય કદાપિ બનતું નથી. એટલે વિચારો તે કારણ છે.

ઉમદા–દિવ્ય જીવન આપણુ બને તે આપણા વિચારોનું પરિણામ છે. સુંદર વિચાર વિના સદ્વર્તન થતું નથી, સદ્વર્તન વિના દિવ્ય જીવન બનતું નથી, અને દિવ્ય જીવન સિવાય સત્ય સુખશાન્તિ ઉપલબ્ધ થતી નથી. જો સત્ય સુખ–

૧૪૧. લક્ષ્મી-સાહ્યબી-તથા સંપત્તિ વિગેરે જે અનુકુલ સામગ્રી મળી છે તે તમારા મુખને દેખી મળી નથી. પણ પૂર્વ પુણ્યોદયે મળી છે, આમ સમજીને પ્રાપ્ત થએલ લક્ષ્મી વિગેરેનો પરોપકારમાં ઉપયોગ કરવો-અગર સાતક્ષેત્રોમાં તેનો સદુપયોગ કરવો તે ડહાપણ છે, અને તેઓનો ઉપયોગ સદુપયોગ ન કરતાં મમતા રાખી તેમાં જ ચોટી રહેવું, કોઇને કાંઇ પણ પરોપકારાર્થે દેવું નહી, તે ડહાપણનું દેવાળું કહાડવા બરોબર છે.

બીજાની પાસેથી લેવામાં જે આનંદ પડે છે તેવો આનંદ બીજાઓને દેવામાં આનંદ આવવો જોઇએ તે ડહાપણની-કુશળતાની નિશાની છે. આશંસા રહિત દાન દેવાથી ઉભય પ્રકારે લાભ થાય છે, નિર્જરા થાય અને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

૧૪૨. પોતાની શક્તિ પ્રમાણે લીધેલો પરિશ્રમ તથા ઉપાડેલો ભાર, લાભદાયક નીવડે છે; પણ અધિકતાયે લીધેલ પરિશ્રમ-અને ભાર હાનિકારક થાય છે; તે પ્રમાણે કર્મનો અધિક ભાર, આત્મિક શક્તિને હાનિકારક બને તેમાં આશ્ચર્ય નથી.

જગત્માં કેટલાક લૂલા લંગડા-પાંગળા-બહેરા-મુંગા-અંધ-દીન-હીન દેખાય છે, તેનું કારણ સારી રીતે તપાસીએ તો માલુમ પડે છે કે-તેઓએ આ ભવમાં અને પરભવમાં કર્મોનો ભાર અધિક ઉપાડેલ હોવાથી આ સ્થિતિ થએલી છે. આપણે અનુભવીએ છીએ કે અધિક ભાર ઉપાડનારની શક્તિ અલ્પ થવાથી કેટલા લૂલાં-લંગડા વિગેરે બનીને દુઃખદ સ્થિતિ

અનુભવી રહેલ હોય છે, તે જો ધર્મરૂપી ઔષધ લે તો સાજા અને સંપત્તિમાન બને અને સુખી થાય.

૧૪૩. પોતે જ પેદા કરેલ પુણ્ય અને પાપરૂપી રોકડું નાણું લઇને જીવાત્મા પરલોકમાં જાય છે; અને ત્યાં તે નાણા પ્રમાણે સુખ દુઃખને અનુભવે છે; માટે સુખ-શાતાનો અનુભવ કરવો હોય તો પુણ્યરૂપી રોકડ નાણાને સંઘરી પરલોકે ગમન કરવું.

પુણ્યોદયે જ પ્રાણીઓને આશ્ચર્ય પમાડે એવા સુંદર અને અતિ મહત્ત્વના સંયોગો આપોઆપ આવીને મલે છે; ત્યારે મનુષ્યોએ સમજવું કે આ સર્વ મનોહર સંયોગો મલ્યા છે-તે મારૂં મુખ દેખીને મલ્યા નથી પણ પુણ્યોદયે પ્રાપ્ત થએલ છે માટે લાવ! લાવ! આત્મકલ્યાણ સાધી લઉં પુણ્યોદય ખતમ થયા પછી કાંઇ નહી બને.

૧૪૪. મરણ કરતાં મમતા અતીવ દુઃખદાયી છે કારણ કે મમતા જ ચારેગતિમા પ્રાણીઓનું ધર્મધન છીનવી લઇને રખડાવે છે અને વિવિધ આધિ-વ્યાધિ અને ઉપાધિના બંધનોમા સપડાવે છે; એટલે મરણ કરતાં મમતા બહુ દુખ-દાયક હોઇને તેને દૂર કરવા પ્રયાસ કરવાની જરૂર છે, જો દુન્યવી પદાર્થોની મમતાનો ત્યાગ થાય તો જન્મ-જરાના પણ કષ્ટો ટળે અને પરમ સુખ મળે.

મમતાએ વિવિધ લાલચો બતાવીને પ્રત્યેક પ્રાણીઓને એવા સપડાવ્યા કે નરકની ગોદમાંથી હજી પણ નિકળવાનો વખત આવ્યો નથી-અને અનંત દુઃખો ભોગવી રહ્યા છે, ત્યાં

કોઇ પણ સહકાર આપનાર અગર દુઃખમાં ભાગ પડાવનાર મળતું નથી; ભલે પછી પોકારો પાડે કે દુ:ખથી ઉછળો.

૧૪૫. સંસારરૂપ જેલને મહેલ માનનારની કદાપિ મમતા ઘટતી નથી; અને અનંતકાલ સંસારરૂપ જેલમાં રહેવું પડે છે; ત્યાં કોઇપણ તેમાંથી મુકત કરાવનાર મળતું નથી; માટે સંસારરૂપી જેલ ને મહેલ ન માનતા તેને કેદખાનું કે જેલ માનો.

જેલને જેલ તરીકે માનનારને તેમાંથી મુકત થવાની ભાવના જાગે છે-તેમાં પડી રહેવાની ઇચ્છા પણ થતી નથી. પરંતુ તેમાંથી નિકળવાનો પ્રયાસ વારે વારે થાય છે. જો તે જેલને મહેલ માનશો તો નીકળવાની ઇચ્છા થશે નહી અને તેમાં અનેક પ્રકારની વેદનાઓ સહન કરવી પડશે; માટે આ મિથ્યાત્વને ટાળો અને સુખનું ભાજન બનો.

કોઈ પણ અનંત સુખનો અનુભવ કરનાર, અરિહંત ભગવાનોએ તેમજ સિદ્ધ ભગવાનોએ મમતાના યોગે મળેલ જેલનો ત્યાગ કર્યા સિવાય મોક્ષ મહેલ મેળવેલ નથી, તો પછી જેલમાં પડી રહેતાં તમોને મહેલ કેવી રીતે મળશે ?

જેલમાં પડી રહીને કષ્ટો ભોગવવા છે કે તેનો ત્યાગ કરીને સત્ય સુખ મેળવવું છે ? તેનો અન્તઃકરણથી વિચાર કરો, અને ત્યાગ કરવા ઉપાયો કરો !

તમો એમ માનતા હશો કે આ જેલ જીર્ણ થશે ત્યારે આપોઆપ નીકળાશે. ત્યાંસુધી મહેલમાં લહેર કરીશું; પણ આ માન્યતા તમારી ભૂલ ભરેલી છે. કારણ કે આ જેલ એવી છે

ન્ત્ય છે, અગમ્ય છે. અક્કલ ત્યાં પહોંચી ન શકે એવો છે. મનુષ્યની અક્કલ કેટલી? એક માનસરોવરમાં મહાલનારો હંસ, ખાબોચીઆમાં રહેલ દેડકાની પાસે આવ્યો. દેડકાએ પૂછયું-તમો ક્યાં રહો છો, હંસે કહ્યું કે અમો માનસરોવરમાં વસીએ છીએ. દેડકો કહેવા લાગ્યો, તમો રહો છો તે માનસરોવર, હું રહું છું એવા સ્થલ જેવું છે! હંસે કહ્યું કે તું રહે છે, એ સ્થલ કરતાં મહાન્ છે. કેટલું મહાન્-તારી બુદ્ધિમાં, અક્કલમાં ન આવે તેટલું છે. તારી અક્કલ ખાબોચીઆ જેટલી છે. કારણ કે, આ ખાબોચીયાથી તું દૂર ગયો નથી, જેથી મહાન્ વસ્તુઓની તને ખબર પડે નહી. આ પ્રમાણે મનુષ્યની અક્કલ ખાબોચીઆ જેટલી છે. અરિહંતનો પુણ્યપ્રભાવ અચિન્ત્ય-અગમ્ય છે. ત્યા મનુષ્યની અક્કલ ચાલી શકે નહી.

૧૫૬. વ્યાધિ, રોગોએ શરીરની બરબાદી કરી છે. તેના કરતાં અનંતગુણી વિષય અને કષાયોએ કરી છે. માટે શારીરિક રોગો દૂર કરવા જે ઉપાયો કરાય છે, તેના કરતા વિષય કષાયને કાઢવા વિશેષ ઉપાય કરો.

૧૫૭. વિશ્વ, એટલે વિચિત્રતા-વિવિધતાનો ભંડાર- જગત્માં ઉત્પન્ન થતી અને નાશ પામતી પ્રત્યેક ઘટના, વિશ્વના વિચિત્રપણાનો-વિવિધતાનો ખ્યાલ આપે છે. દુનિયાનો ઇતિહાસ એટલે કર્માધીન બનેલ પ્રાણીઓની જુદી જુદી કથાઓ. આ જીવન કથાઓ, કર્મની ગતિ કેવી કારમી અને વિચિત્ર તેમજ ગહન છે, તેનું દર્શન કરાવે છે. અનાદિકાલથી એક એક જીવને આશ્રીને સંખ્યાતીત કથાઓ જ્ઞાનીઓ કહી શકે છે, જે સાંભળતાં પ્રાણીઓને વૈરાગ્ય ઉત્પન્ન થાય.

વૈરાગ્ય અને વિવેક સંપન્ન અધિક અધિક પ્રમાણમા જેમ માનવી થતો જાય, તેમ તેમ કર્મજનિત ઘટનાઓના રહસ્યનો ઉકેલ પામતો જાય છે. પછી એ પોતાની જીવનયાત્રા માટે સંક્ષોભ અનુભવે છે અને જીવનયાત્રાને નિયંત્રિત કરવા પ્રયત્ન કરે છે. પોતાના વૈરાગ્ય-વિનય અને વિવેકનો એવો ઉપયોગ કરે કે જેથી સ્વપરને ઉપયોગી બને.

વૈભવ વિલાસને જીવનની સાર્થકતાનો એક અને અનુપમ ઉપાય માનતા હોવાથી માનવીઓ, માણુસાઇને ગુમાવી અતિ નિષ્ઠુર અને નિર્ઘૃણુ બને છે ત્યારે આત્માની ઉન્નતિના વિચારો કરી શકતો નથી.

માનવતાની ફોરમ પ્રકટતાં, ગમે તેવા પણ માનવીનું હૈયું સ્વાભાવિક રીતિએ સુંદર લાગણીઓનું ધામ બને છે, નીચમા નીચ કર્મોમાં પણ સંયોગવશ પ્રવૃત્ત થએલાઓ, કોઈ તેવા પ્રસંગે સદ્‌બુદ્ધિને પામી જાય છે, જેથી તે માનવીઓ પ્રથમ કરતાં ઉત્તરકાળમા વિશેષ ઉચ્ચ બની જાય છે.

૧૫૮. વચનથી બંધાતા વેર-ઝેર કાંઈક જુદા પ્રકારના છે, સાપ-વીંછીના ઝેર, મંત્ર અને ઔષધથી ઉતરે-પરંતુ વચનનું વિષ, મંત્ર-ઔષધથી ઉતરતું નથી. આ વિષનું ઝેર ઉતારવાનો ઉપાય, બહારથી આવતો નથી-પોતાની પાસે હોય છે. **નમ્રતા** ધારણુ કરીને પ્રિયવચનોથી જલ્દી ઉતરી શકે છે, પ્રિયવચનો વદવા જેટલી જ તસ્દી લેવી પડે એમ છે-સાપ વીંછીના ઝેરને ઉતારવા માટે દૂર દૂરતર જઇને તેના ઉતારનારને શોધવા પ્રયત્ન કરવો પડે પણ વચનના

સ્થાન પ્રાણીઓને એટલું બધું દુઃખ પડે છે કે જેથી તેઓ નિરન્તર મૂર્છાગત રહે છે. ખાન-પાન-વિગેરેનું પણ ભાન રહેતું નથી. ખાય એવું, પીવે એવું, કે બોલે એવું કે જે પોતાના પ્રાણોનું તેમજ શરીરનું-જ્ઞાન ધ્યાનનું ઘાતક બને; પોતાને અગર પરને અનેક પ્રકારનાં સંકટોમાં-યાતનાઓમાં સપડાવે. વિષય કષાયાક્રાંત થએલ જન, પોતાના હિતને જાણી શકતો નથી, તેથી અરઘટ્ટ ઘટી ન્યાયે આ સંસારમાં જન્મ-મરણના ઘડાઓ ભરે છે અને ખાલી કરે છે. વિષય કષાયથી દબાએલ આત્મા છે, છતાં જો હિંમત લાવી તેને ખસેડવાનો માર્ગનો-સાધનનો ઉપયોગ કરે તો તે બધા દબાણો ખસવા માંડે; અને અનુક્રમે તદ્દન સ્વતંત્રતાને પ્રાપ્ત કરે. પણ વિષયમાં અધિક રસ પડતો હોવાથી તે અલ્પ કરવા શક્તિમાન્ બનતો નથી, તેથી વિવિધ પીડાઓથી પીડિત બનવું પડે છે.

અશક્તિથી પીડાતો માનવી, સેંકડો રૂપીયાનો વ્યય કરીને વૈદ્યની પાસેથી રસાયણાદિ દવા લઈને અશક્તિને દુર કરી તાકાતને પ્રાપ્ત કરશે; પરંતુ જે કામ વાસનાએ અશક્તિને ઉભી કરી તે કામ વાસનાને નહી હઠાવતાં વિષય સેવનમાં સાર્થકતા માની તેમાં અધિક રસવૃત્તિ ધારણ કરતો હોવાથી પુનઃ અશકત બને છે.

૧૬૮. પુન્યના આધારે, અનુકૂલ સાધનો મળે, અને કર્મની નિર્જરાથી શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ થાય, પુણ્ય કરતાં ચારિત્રની કિંમત અનંતગણી છે. શુદ્ધ આત્મ-રમણતા, તે ચારિત્ર છે અને આત્મરમણતારૂપ ચારિત્રથી

બુદ્ધિ અને વાણી ઝળહળે છે. ઉદાહરણ—એક શહેરમાં શેઠે જાજરૂનું મકાન, માર્ગ ઉપર બાંધેલ હોવાથી એક માણસે રાજાની પાસે ફર્યાદ કરી; રાજાએ શેઠને બોલાવીને તે જાજરૂના મકાનને કાઢી નાંખવા હુકમ કર્યો-શેઠે તે વખતે હા કહી, પરંતુ ઘેર આવીને સંડાશને કાઢી નાંખવામાં બહુ હાનિ અને ઉપદ્રવ જાણી કાઢી શકયો નહી-વળી નૃપે ફરી આજ્ઞા કરી-શેઠે નૃપને સંડાસને કાઢી નાંખતા જે જે આફત આવતી હતી તેની દલીલો પૂર્વક બીના સમજાવી, પરંતુ નૃપ સમજ્યો નહી. તે વખતે પણ હા કહીને શેઠ ઉભા થઇને નમન કરી પોતાના ઘેર આવ્યા; પરંતુ જાજરૂને કાઢયું નહી. રાજાને ખબર પડતાં જલ્દી શેઠને બોલાવી ભર સભામા રાજા ધમધમાવવા લાગ્યો-અને જેમતેમ બોલી ધિક્કારવા લાગ્યો. તમો ગધેડા છો. તમો આવા છો, વિ. વાક્બાણોને સાંભળી કડવાશને પી જઇને તથા ગમ ખાઇને એક વચન કહ્યું. મહારાજા તમો કહો છો તે સઘળું ઠીક પણ તમો અમારા બાપજી છોને. દીવાને કહ્યું કે મહારાજા, આ શેઠ કેવા પાકા છે. તમોને બાપુજી કહીને તમોને પણ ગધેડા બનાવે છે. નૃપ સમજી ગયો કે વધારે બોલવામા મજા નથી; એમ સમજી હસાહસ કરીને શેઠને રજા આપીને તેની બુદ્ધિની તારીફ કરવા લાગ્યો. આ પ્રમાણે શાંત માનવી બોલે એવું કે અન્યને બોલવાનો પ્રસંગ આવે નહી અને પોતાનું કામ સિદ્ધ થાય.

૧૭૦. કોઈપણ દુઃખદ પ્રસંગે થએલ પોતાની ભૂલ સમજાય તો ક્રોધ-આક્રોશ-કે આક્રંદન થાય તો તે ઓછા પ્રમાણમાં થાય અગર તે દુખ સહન કરી લેવાય છે. કોઇના

ઉપર ઈર્ષ્યા–રીસ ચઢતી નથી. ઉદાહરણ તરીકે, સડક-રોડ ઉપર ચાલતાં, પડેલાં કેળાના છોતરા ઉપર પગ આવવાથી લપસી જતાં પગમાં તેમજ કટીમાં ઈજા થાય–તે પ્રસંગે પોતાની ભૂલનો ખ્યાલ આવતા તે ઈજાને માનવી સહન કરી લે છે. ચૂપચાપ રીતે ઇજા પીડા થતી હોય તોપણ ચાલવા માડે છે. બાળકો પણ રમતા રમતા પડી જાય અને પીડા થાય એવું વાગે તોપણ હસતાં હસતાં ઉભા થાય છે પણ રડતા નથી કારણકે પોતાની ભૂલ પોતાને માલુમ પડે છે. પરંતુ જ્યારે પોતાની ભૂલોનો ખ્યાલ નથી હોતો ત્યારે ક્રોધાદિક કરીને ઘણી પ્રતિકૂલતા કરે છે. વિવિધ અથડામણોમાં આવતાં મગજ ગુમાવી, તનધનની હાનિ કરી બેસે છે.

૧૭૧. વસ્તુને યથા સ્વરૂપે જાણવા-ઓળખવાની ખાસ જરૂર છે. વસ્તુને ઓળખ્યા પછી એની સાથે સંબંધ કેટલો રાખવો, ક્યાસુધી રાખવો અથવા રાખવો કે નહી તેનો નિર્ણય થઇ શકે છે. વસ્તુને ઓળખ્યા વિના તેને અંગે નિર્ણય થઇ શકે નહી અને કરવામાં આવે તો ટકી શકે નહી; વસ્તુ-ઓને ઓળખીએ ત્યારે અત્યાર સુધી આપણે જે જે ભૂલો તથા અપરાધો કયા કારણથી કર્યા અને સંકટોમા આવ્યા તેની સમજણ પડે છે. કેમ નાચ્યા ? અને કોણે નચાવ્યા, તેનો ખ્યાલ આવે છે. આપણે શા માટે બીજાઓ સાથે ઝગડ્યા ? લડાઇ-કંકાસ કર્યા તેમજ કયા કારણે પોતે ત્રાસ પામ્યા અને બીજાઓને ત્રાસ આપ્યો. તેમજ અન્યોની ખુશામત કરી–ખોટી વાહવાહ કરી, વિગેરેની સમજણ પડે છે. દુકાને આવેલ ગ્રાહકોને ઓળખ્યા પછી દગબાજને પૂર્ણપણે જાણી શકાય

છે અને તેનાથી સદાય ચેતતા રહેવાય છે. આકૃતિમાં ઘણો તફાવત પડતો નથી. પણ ગુણો અને દોષોમાં બહુ તફાવત હોય છે. પણ સમજવામાં ન આવે તો ગ્રાહકનો દેખાવ કરીને આવેલ ઠગ, ધોળે દિવસે અને છતી આંખે લૂટી જાય છે, માટે વ્યાપારી ઘણી સાવધાની વ્યાપાર કરતાં રાખે છે, તેવી રીતે જીવનની સફલતાને લૂંટનાર કોણ કોણ છે, તેને પરખી લેવા જોઇયે; પરખી લીધા પછી તેના પ્રત્યેનો આદર અલ્પ થાય છે અને નાશ પામે છે.

૧૭૨. અધિક લાભ મળતો હોય તો લાંચ ખાનાર, દલાલી લેનારને તથા તેવા ઉઠાઉગીર ગુમાસ્તાને તેમજ પુત્રાદિકને નિભાવી લે છે; તેઓને પોષણ આપવું પડે છે ઉદાહરણ **તરીકે** એક મોટી પેઢીના શેઠ ઘણો વ્યાપાર કરતા હોવાથી તેમણે ચાર પાચ ગુમાસ્તાઓને સારા પગારો આપીને રાખ્યા હતા; તેમાં એક ગુમાસ્તો બહુ કુશળ હતો તેથી દુકાનની સર્વ વ્યવસ્થા, તેને શિરે શેઠે નાખી. કોઈ કારણ પ્રસંગે શેઠ, પોતાના વતનમા ગયા. ત્યાર પછી પેલા ગુમાસ્તાએ પેઢી સારી રીતે ચલાવી અને તરતી કરી. એક પ્રસંગ એવો આવ્યો કે એક સુંદર માળો બે લાખ રૂપૈયા આપીને વેચાતો લીધો તેમા પચાશ હજાર રૂપૈયા ખાઈ ગયો. ચાર ગુમાસ્તાઓને કાંઈ પણ ન મળવાથી શેઠના ઉપર લાંચ ખાધાની બીના લખી મોકલી. આ કુશળ ગુમાસ્તો જાણી ગયો. તેથી વેચાણ લીધેલ માળાના ચાર લાખ આપનાર શેઠને ઉભો કર્યો. શેઠ, વતનથી આવીને પેઢીમા તપાસ કરી તો માલુમ પડી કે પચાશ હજારનો ગોટાળો થયો છે. મુનીમને બોલાવીને પૂછ્યું અને મુનીમે પણ સત્ય કહ્યું

પણ સાથે કહ્યું કે શેઠજી, પચાશ હજાર મેં ખાધા પણ હાલમાં તે વેચાણ લીધેલા માળાના ચાર લાખ ઉપજે છે; જો તમારે વેચવો હોય તો લેનાર એક શેઠ. ચાર લાખ આપીને લેવા તૈયાર છે. શેઠે વિચાર કર્યો કે છ લાખની કિંમતનો તે માળો હશે તો પેલો શેઠ ચાર લાખ આપવા તૈયાર થયો હશે-માટે ભલે મુનિમ-પચાશ હજાર ખાઇ ગયો. પણ તેમાં હાનિ થઈ નથી પરંતુ લાભ છે. એમ સમજી શાંત રહ્યા અને ચાર ગુમાસ્તા વિલા પડ્યા.

૧૭૩. જગતમાં ડાહ્યા કહેવાતા માનવીઓની તપાસ કરીએ તો ઘણા ખરા મનના વિકારોને વશ બનેલ હોય છે. કોઈ સલાહ લેવા લાયક લાગતા હોય છતાં પોતાના ધન-સંપત્તિના મદમા રહેલ હોય છે. કોઇ લોભને વશ હોવાથી સત્ય સલાહ કે સૂચના આપતાં ખંચવાય છે. કોઇ મનોહર સુંદરીના પાસમાં પડેલ હોવાથી જગતનાં જીવોની મનોવેદના કે યાતનાઓ જોવાની તેઓની મનોવૃત્તિ જાગ્રત્ થતી નથી. કોઇ "મરી ગયાના" પોકારો પાડતા હજારો રૂપૈયાનો વ્યય કરી શરીરની દવા કરાવતા હોય છે. કોઇ ખોટા દંભમાં મગ્ન હોય છે. કોઇ ધમાલમાં-ઘમંડમાં રાચી માચી રહેલ હોય છે; કોઇને તો ક્રોધ-ગુસ્સો આવતા વાર લાગતી નથી, કોઈ સામાની વાત સાંભળી મશ્કરી કરવામાં પાવરધા હોય છે. કોઇ બીકણ બીલાડા હોય છે, તેમજ વાતવાતમાં, "છીંક ખાધે છીંડું પડ્યું" માનનાર હોય છે. કોઇ વળી ઉપરથી સભ્ય જણાતા હોય પણ તેના જીવનનો અભ્યાસ કરતાં, તેના પરિચયમાં આવતાં અતિ તુચ્છ-ક્ષુદ્ર અને પામર જેવા માલુમ પડે છે. આવા માનવોમાં

આત્મજ્ઞાન-સમતારસના ઝરણાં ક્યાંથી હોય ? એ ગમે તેટલું ભણેલા હોય ગમે તો ગ્રેજ્યુએટ થએલા હોય, વિશ્વવિદ્યાલયની મહાન્ પદવીઓ લીધેલ હોય, ન્યાયાસન પાસે અક્કલને ચક્કરમાં નાખી દે એવી દલીલ કરનારા હોય, મુત્સદ્દીગીરીમાં સામાને થાપ ખવરાવનારા હોય, પણ તેઓ આત્મધર્મમાં પાછળ હોય છે

૧૭૪. અપકારી ઉપર પણ ઉપકાર કરવો અને ઉપકારનો બદલો વાળવામાં તૈયાર રહેવું; તિરસ્કાર-ધિક્કારના વચનો સાભળતાં મનમા ગ્લાનિ લાવવી નહી. તેમજ મારનાર ઉપર વેરભાવ રાખવો નહી. પરંતુ તેઓનું કલ્યાણ કેવા પ્રકારે કરૂં, આવી ભાવના રાખવી તે ધર્મ છે. **સંત પુરુષ તો ચંદનની માફક સજ્જનતાનો પોતાનો સ્વભાવ મૂકતા નથી,** ચંદનને કોઇ કાપે, ઘસે અગર કોઈ પૂજન કરે તોપણ સુગંધ આપીને સામાને ખુશ કરે છે. તે મુજબ સત પુરુષને કોઇ ધિક્કારે, તિરસ્કારે, ગાળો ભાંડે અગર માર મારે તોપણ અન્યનું બુરૂં ચિન્તવતા નથી. પણ ભલું કેમ થાય, તે પ્રમાણે વર્તન રાખે છે. તેઓમા મૈત્રી ભાવના પરોપકાર વૃત્તિ-સુશીલતા-સરલતા પ્રિયહિતવચનતા-દાક્ષિણ્યતા-વિનય અને ત્યાગ વિગેરે સદ્ગુણો સ્વાભાવિક હોય છે. તે સદ્ગુણોને શુભોદયે-સુખની વેળાયે તેમજ અશુભોદયે સંકટની વેળાએ, સંતો ત્યાગ કરતા નથી, પરંતુ તેવા પ્રસગે વધારે હિંમત રાખીને સ્થિર થાય છે. સૂર્ય, ઉદયકાલે અને અસ્ત સમયે શું ગ્લાનિ દેખાડે છે ? નહી. તેમજ સર્વ સમયે સંત પુરુષો પોતાની ગુણપ્રભાને મૂકતા નથી. તેઓ દરેક પ્રાણીઓના સંસર્ગમા આવતા છતાં પણ ગુણોને ગ્રહણ કરીને જ આનંદ માને છે. અનુપયોગથી કદાચિત્ દુર્ગુણો તરફ

દૃષ્ટિ પડે તો, તેવી દૃષ્ટિને પોતાના સદ્‌ગુણોદ્વારા પાછી ખેંચીને નિર્મલ કરે છે, અને આવી પડેલા દોષને દૂર કરે છે. હંસને દુધમા અધિકપ્રેમ હોવાથી પાણીને શું પડતું મૂકતો નથી? અને શું દુધને પીતો નથી? હરગીજ દુધ પીવે છે.

૧૭૫. તત્ત્વજ્ઞાની સજ્જનની, અકર્કશવાણી-હિત-મિત અને પથ્ય વચન, તથા પરગુણોનું ગ્રહણ-અનુકુલ વર્તન, તે મંત્ર વિનાનું વશીકરણ છેઃ તેથી તેમની પાસે અણબોલાવ્યાં પણ પ્રાણીઓ આવીને સેવા કરે છે, અને હજાર ગુણી સ્તુતિ કરે છે, અને લાખ ગણો સ્નેહ રાખે છે. કારણ કે તેમનો સ્વાભાવ અન્ય પ્રાણીઓ કરતા કોટી ગુણો ઉત્તમ હોય છે.

તેઓ, દુઃખદાયક પ્રસંગોમાં પણ સ્વદોષોને જ જોનારા હોવાથી બીજાઓ પ્રત્યે તેઓની વૈરવૃત્તિ હોતી નથી. તેઓને અહિંસા રગોરગ-હાડોહાડ પરિણામ પામેલ હોય છે. તેથી કેને શત્રુ માનવા અને કેને મિત્ર માનવા? આવી વૃત્તિથી જાગ્રત્‌ હોય છે.

શિર પડે કે બંધન થાય, લક્ષ્મી આવે, કે મળેલી ચાલી જાય, સન્માન સત્કાર થાય કે તિરસ્કાર થાય, કોઇ પ્રશંસા કરે કે નિન્દા કરે, મરણ આજ આવે કે કલ્પાન્તે આવે તો પણ કરેલી વ્રતોની પ્રતિજ્ઞાથી ચલિત થતા નથી હિંમત હારીને કરવા લાયક કર્તવ્યોનો ત્યાગ કરતા નથી અને કેશરીયા કરીને પોતાના લીધેલા વ્રતોની રક્ષા માટે મોહ-મમતા સાથે ઝુઝે છે. એક ડગલું પણ ફરીને પાછા હઠતા નથી. સિંહનું બચ્ચું નાનું હોય તોપણ ગર્જના કરી કુંભસ્થલે મારેલી ફાળથી ફાડતું

નથી, સાથે આવનાર જો કોઇ હોય તો, મનવચન-અને કાયાવડે આરાધેલ સુધર્મજ છે.

૧૯૦. એક-બે, સંખ્યાતા, અસંખ્યાતા તેમજ અનંતા જીવો-ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. તે જન્મ અને મરણ દરમ્યાન કરેલા કર્મોના વિપાકો, પોતેજ ભોગવે છે. ચારગતિમાં-ચોરાશી લાખ યોનિમા અસહ્ય યાતનાઓને ભોગવે છે.

૧૯૧. એક વ્યક્તિ પાપોને કરે છે, અને પાપો કરીને પ્રાપ્ત કરેલ ધન-વૈભવાદિ બીજાઓ ભોગવે છે. ભોગવનારાઓ તે પાપના ભાગી બનતા નથી, પણ પાપને કરનારાઓ પાપથી લેપાયમાન થાય છે.

વિવિધ આરંભો કરીને પોષેલું શરીર પણ ભૂમિમા પડયું રહે છે. બાંધવો વિમુખ બને, ત્યારે ધર્મ, આગળ આવીને સહાયદાતા થાય છે.

૧૯૨. મનુષ્યોએ અજરામરની માફક જ્ઞાન અને તેના અર્થને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇયે; તેમજ આજેજ મૃત્યુએ મને પકડયો છે એમ માની ધર્મની આરાધના કરવી જોઇયે.

ધન-યૌવન-રૂપ-રામા-વિગેરે અનિત્ય સંયોગો છે, અધિકાર-બલ ઠકુરાઈ-દેવતાઈ પણ શાશ્વત નથી. મૃત્યુ, સમયે સમયે, આયુષ્યરૂપે કોળીયો કરી રહેલ છે, માટે ધર્મનો સંચય ક્ષણ પણ વિલંબ કર્યા સિવાય કરવો જોઇયે. બે ઘડીમાં આરાધેલ ધર્મ, પરલોકમાં પરંપરાએ પરમસુખ આપે છે, તો પછી યાવજ્જીવ

સમ્યગ્ આરાધેલો ધર્મ, પરમસુખ આપે તેમાં નવાઇ શી ? માટે આળસને મૂકીને ધર્મને આરાધવો જોઇયે.

આ લોકમાં જીવિત અસ્થિર છે. અસ્થિર ધન તથા યૌવન છે પુત્ર પરિવાર પણ સ્થિર નથી. આત્મજ્ઞાન સિવાય અન્ય વસ્તુઓ પણ નશ્વર છે એમ સમજી આત્મસ્વરૂપમા સ્થિર થવું યોગ્ય છે.

૧૯૩. જ્ઞાનીઓ, કષ્ટ આવે ત્યારે, દેવું ચૂકવું છું, આમ સમજતા હોવાથી તેમને કષ્ટ માલુમ પડતું નથી. અન્ય જીવો અલ્પ સંકટ આવતાં, મહાન્ માની બહુ દુખી થાય છે, અને તે સમયમાં ઘણા ચીકણા કર્મોને બાંધે છે. આર્ત રૌદ્રથી એવાં તે ચીકણા કર્મોને બાંધે, કે સાગરોપમોના આયુષ્યમાં પણ ખપાવી ન શકે.

૧૯૪. ધર્મની આરાધના કરવાનો કાલ, ત્રણે અવસ્થામાં હોય છે પણ યુવાવસ્થામાં, જે સ્ફુરણાથી-બુદ્ધિબલથી બની શકે છે તેવો ધર્મ બાલ્યાવસ્થામા કે વૃદ્ધાવસ્થામા બની શકતો નથી; કારણ કે બાલ્યાવસ્થામા અજ્ઞાનતા હોવાથી જેવી જોઇયે તેવી સ્ફુરણા-લાગણી પ્રાય થતી નથી અને વૃદ્ધાવસ્થામાં, શારીરિક શક્તિ ઓછી થતી હોવાથી ભાવના મુજબ ધર્મની આરાધના અશક્ય પ્રાય બને છે. બાલ્યાવસ્થાના ધર્મના સંસ્કારો યુવાવસ્થામાં ઉગી નીકળે છે; ફલ આપનાર થાય છે; અને વૃદ્ધાવસ્થામાં તેના રસનો અનુભવ પ્રાપ્ત થાય છે. માટે યુવાવસ્થાને વિષય વિલાસોમા મુસાફરી કરવી [illegible] આરાધનામાં યોજવા સદાય પ્રયત્નશીલ બન[illegible]

૧૯૮. ઉત્સાહ-હિંમત-આશા ને આનંદ—એ એવા સાધનો છે-કે વૃદ્ધને યુવાન બનાવે છે. દીન-હીનમાં પ્રબલતા લાવે છે. નિરુદ્યમીને ઉદ્યમી બનાવે છે. મૂર્ખને પંડિત બનાવનાર જો કોઇ હોય તો, ઉત્સાહ-હિંમત વિગેરે સદ્દગુણો છે. આ સિવાય-મનુષ્યો, નિર્માલ્ય બની ઝુરી ઝુરીને પોતાનું જીવન ગુજારે છે અને સડે છે

જગત્મા ઉત્સાહ અને હિંમત આપનાર તે સદ્‌ગુણો સાચા મિત્રો છે સદ્‌ગુણો એ આધિ-વ્યાધિ અને ઉપાધિના દુખોને દૂર કરવાની સાચી દવા છે; આવી સાચી દવા લેવા દરરોજ લાગણી રાખવી.

૧૯૯. ગુણો જોવાને બદલે સામા માણસમા પૈસો પરિવાર જોનારા ઘણા મળી આવશે પણ સદ્‌ગુણોને જોનાર વિરલ હોય છે; તેથી પણ સદ્‌ગુણીનું ધોરણ હલકું મનાતું નથી. પણ ગુણોને ભૂલી પૈસા પરિવારનું ધોરણ હલકું મનાય છે. કારણકે સદાચાર-ઉત્સાહ-હિમત વિગેરે ગુણોથીજ પૈસા-પરિવારનું રક્ષણ સારી રીતે થાય છે, સંયોગો સારા મળ્યા પછી તેમાંથી લાભ ઉઠાવવો તેમાજ ડહાપણ છે.

માણુસોની શ્રેષ્ઠતા તેમજ લાયકાત, તેમની જડ સંપત્તિ ઉપરથી અંકાતી નથી અને આકી શકાય નહી. કેમકે, કોથળી ગમે તેટલી ભારે હોય પણ હૃદય હલકું જો હોય, મિલ્કત વિશાળ હોય છતા સમજણ ટુંકી હોય, અને વાણી મીઠી હોય છતાં કરણી સ્વાર્થી હોય તો આ જડ સાધનોથી શું વળે?

તમોને પૈસાઓ મેળવવામાં આનંદ પડે છે. પણ તેની

પાછળ રહેલા ભભકામાં-વૈભવમાં-અને મોજમજા માણવામાં કેટલું સુખ સમાએલ છે તેની ખબર નથી તે કેવી બેવકુફી? સાધનો મળ્યા પછી આનંદ રહેવો જોઈયે, તેના બદલે અફ્-સોસ-ચિન્તા-પરિતાપ થાય તે સાધન, ખરી રીતે કેમ કહેવાય'

હીરા રત્નો કરતાં જો સત્ય રીતિ વડે તપાસવામા આવે તો, સદ્ગુણો સદાચારો અમૂલ્ય કહી શકાય. કારણકે સદ્ગુણો સિવાય હીરા રત્નોની કિંમત અંકાતી નથી. અને આત્મોન્નતિમાં સહ-કાર ન આપતાં અહંકાર-અભિમાન ઉત્પન્ન કરે છે.

૨૦૦. સદ્ગુણોની નિર્મલ સરિતામાં જેઓ દરરોજ સ્નાન કરે છે, અગર કરશે તે મહાશયોની પરાધીનતાની બેડીઓ તૂટવાની અને સ્વતંત્રતા આપોઆપ આવીને ભેટવાનીજ; માટે દુન્યવી પદાર્થોની મમતાનો ત્યાગ કરી સદ્ગુણોને મેળવો.

આત્મવિકાસમાં-સમાજોન્નતિમા તેમજ રાષ્ટ્રોન્નતિમા વારે વારે વિઘ્નોને નાંખનાર જો કોઈ હોય તો, અજ્ઞાનતા-અહંકાર-મમકાર અને મોહ માયા છે. તેઓનો ત્યાગ કરવામાજ અવશ્ય વિકાસ સાધી શકાશે અને સંપત્તિ આવી મળશે

જગત્મા સર્વ વ્યાધિઓ-વિડંબનાઓનું કારણ, પણ જીવ પોતે છે. કારણકે સમ્યગ્જ્ઞાનને નહી મેળવતા દુન્યવી પદાર્થોમા મોહ ધારણ કરીને તેમાંજ સત્ય સુખ મનાયું અને તે પદાર્થને મેળવી રક્ષણ કરવામા જીવન વ્યતીત કરાયું.

૨૦૧. વ્યાધિ ઉત્પન્ન થયા પછી તેને ટાળવા માટે ફી ભરીને વૈદ્ય પાસે જવું, તેના કરતાં રોગ થાય નહીં તેવા ઉપાયો કરવા, તે પોતાના હાથની વાત છે મનને સ્થિર કરીને

આત્મસ્વરૂપને ઓળખવાથી વ્યાધિ થાય નહી તેવા ઉપાયો અવશ્ય હસ્તગત થશે.

૨૦૨. પોતાનું તથા પારકાનું ભલું કરવામાં દેહાધ્યાસ-વિષયાસકિતનો ત્યાગ કરવો પડે છે, તે સિવાય સ્વપરનું રીતસર ભલું થવું અશક્ય છે. દેહાધ્યાસ અને વિષયાસકિતથી અત્યાર સુધી તમો પોતાનું કે પારકાનું ભલું કરી શકયા નથી; તેથી સંસાર અટવીની મુસાફરીમાં અનેક વિઘ્નો આવી પડ્યા છે, સન્માર્ગ હાથમાં આવ્યો નથી અને જેમતેમ અટવીમાં આથડવું પડયું છે. જેથી કષાય લૂંટારાઓને સર્વસ્વ લૂંટવાનું સુગમ પડયું છે.

૨૦૩. જેને સત્ય વસ્તુને જાણવાની ઈચ્છા પણ થતી નથી, અને સ્વીકાર કરતા અહંકાર અને અભિમાન, પ્રતિષ્ઠાની હાનિ વિગેરે આવીને ઉપસ્થિત થાય છે, ત્યા સત્ય વસ્તુની સમજણ પડે કયાંથી ? અને મિથ્યાત્વ પણ ટળે કયાથી ? સત્ય અને મિથ્યાત્વને અત્યારનો વિરોધ નથી પણ અનાદિકાલનો છે.

સત્યવસ્તુને જાણવી હોય તો સર્વ ખટપટોનો ત્યાગ કરી આત્માના ગુણોમાં સ્થિર થાઓ એટલે સત્ય જરૂર જણાશે; **જાણ્યા પછી તેનો લાભ લેવા સાંસારિક સર્વ મમતાનો ત્યાગ કરીને સમત્વને આદરો** આ સિવાય સત્ય સુખનો અન્ય માર્ગ નથી. અને જો અન્ય માર્ગે ગયા તો લૂંટાયા સમજજો.

પવિત્ર આચાર વિચારોથી સત્ય વસ્તુ જાણવાની તમન્ના થાય છે. ખરાબ વિચારો અને આચારોથી કદાપિ સત્ય વસ્તુ

માલુમ પડતી નથી. ચીકણા કાદવનાં ઉંડાણમાં રહેલી વસ્તુની સમજણ ક્યાથી પડે અને દેખાય પણ ક્યાંથી!

વ્યાવહારિક કાર્યોમાં સફલતા મેળવવી, તેમાં પણ ઘણી લાયકાત–યોગ્યતા મેળવવી પડે છે તોપણ સત્ય વસ્તુની ઓળખાણ પડવી અશક્ય છે. કારણકે વ્યાવહારિક સફલતા મેળવવી તે જુદી વાત છે અને મનુષ્યભવની સફલતા મેળવવી તે જુદી બીના છે. વ્યાવહારિક કાર્યોમાં સફલતા મળી તેથી મનુષ્યભવની સફલતા જરૂર મળશે–આવો વિચાર પણ કરતા નહી કારણકે બન્નેના માર્ગો જુદા છે.

તમારી શક્તિઓને તમારે પોતાને જાણવાની તમન્ના હોય તો, તમો જાણી શકો એમ છો; તે શક્તિઓને જાણવા માટે સઘળી ખટપટોનો ત્યાગ કરીને તેમજ માયા મમતાને–અહંકારને પણ જલાજલિ આપીને મન તથા ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓને અટકાવી આત્મિક ગુણોમાં સ્થિરતા ધારણ કરો, આપોઆપ શક્તિઓ માલુમ પડશે.

અત્યાર સુધી અસ્થિરતાના યોગે આપણે આપણી શક્તિઓને જાણી નથી તેમજ તેઓનો વિકાસ પણ કર્યો નથી. આ કારણને લીધે શક્તિઓ સત્તામાં છતાં પણ નિર્માલ્ય બની આપણે જીવન પસાર કર્યું અને કાંઇ પણ સ્વલાભ મેળવ્યો નહી.

અજ્ઞાની માણસો, શરીરની શક્તિને સત્ય આત્મિક શક્તિ માની બેઠેલ હોવાથી તેઓને આત્મિક લાભ ક્યાંથી થાય? અને સાચી શક્તિઓ કેવી રીતે મળે? એ તો જ્યારે સદ્ગુરુદ્વારા તેઓને જડ ચેતનનો વિવેક જાગે ત્યારે આત્મિક શક્તિને

ઓળખવાની ઇચ્છા થાય-અને તમન્ના-લગની લાગે તો જ શક્તિ મેળવી શકે.

જડ ચેતનનો વિવેક જાગ્રત્ થાય ત્યારે જ સત્ય શક્તિની ઓળખાણ થાય છે, સર્વ મમતાનો ત્યાગ કરવાની રુચિ જાગે છે અને રુચિ પ્રમાણે આદર ભાવ વધતા વધારે પ્રયાસ થાય છે; સત્ય શક્તિ આત્માને બલિષ્ઠ બનાવે છે, તે માટે મહેનત કરો. આત્માર્થીને તો જડ ચેતનના વિવેકની પ્રથમ જરૂર રહેવાનીજ, કારણ તે વિના આગળ વધવું અશક્ય છે.

૨૦૪. તમારો કોઇ આવેશમાં આવીને તિરસ્કાર કરે, અગર ધિક્કારના વચનો બોલે અગર તાડના-તર્જના કરવા તૈયાર થાય ત્યારે શાંત રહેવાની ખાસ જરૂર છે, કારણ કે જે માણસે તિરસ્કાર વિગેરે આવેશમાં આવી કરેલ છે, તે વખતે બંધાએલ કર્મ અને પોતે જાતે કષાયના આવેશથી ઉત્પન્ન કરેલ કર્મ તેને મારશે અને બરોબર શિક્ષા કરશે. તમારે બદલો લેવાની કે ડંખ રાખવાની જરૂર નથી; આપણી તરફથી બીજી વ્યક્તિ, શિક્ષા કરતી હોય તો આપણે શા માટે આવેશ ધારણ કરવો? અને નવીન કર્મો બાધવાના કારણો સેવવાં? તમો મૌન રહેશો અગર શાંત બની કર્મોના સ્વભાવનો ખ્યાલ કરશો તો સઘળું સમજાશે, નવાં કર્મો બંધાશે નહી-અને આત્મા શક્તિમાન્ બનશે તે વખતે ઓર આનંદ આવશે.

કષાયના આવેશથી બદલો લઇ શકાતો નથી, ઉલ્ટા આપણે પણ કર્મના બંધનમાં આવવું પડે છે, તે કર્મથી ઉત્પન્ન થએલ વૈર પરંપરા ભવોભવ સાલે છે. અને ભવોભવ ચાર ગતિમાં

લટકી અસહ્ય પીડાઓના ભોગ થવું પડે છે માટે કોઇ તિરસ્કાર વિગેરે કરે તો પણ શાંત રહેવામા અત્યંત લાભ સમાએલ છે.

૨૦૫. બાહ્યાત્માઓ, જ્યારે કોઇ મરણ પામેલ હોય ત્યારે બીજાઓને પુછે છે કે તે મરણ પામેલ પોતાની પાછળ કેટલો પૈસો મૂકીને ગયો ? જમીન જાગીર-બાગ બગીચા કેટલા છે-અને પરિવાર કેટલો છે ? ત્યારે અન્તરાત્મા પુછે છે કે તેણે સંપત્તિનો સદુપયોગ કરી કેટલા સત્કાર્યો કર્યા, અને સ્વ પરના ઉદ્ધાર માટે કેટલો ભોગ આપ્યો ?

પુણ્યોદયે પ્રાપ્ત થએલ સાનુકૂલ સાધન સામગ્રી અને સંપત્તિ, જો સ્વપરના ઉદ્ધાર માટે વપરાય તો. તેના જેવો અન્ય સદુપયોગ નથી. નહિતર દુરુપયોગ છે તેમા આશ્ચર્ય નથી, કારણ કે કોઇ પ્રકારે તો તેનો ઉપયોગ થવાનો

૨૦૬. કોણ સુખી હશે ? એક રાજાને દુન્યવી સુખના સર્વ સાધનો હાજર હતા તોપણ શાંતિ થતી નહી-તેથી દિવાનને પુછયું કે, સુખી કોણ હશે ? શાથી સુખી થવાય ? દિવાને વિચાર કરીને કહ્યુ કે. કોઈ સુખી માણસનું વસ્ત્ર ધારણ કરો તો સુખી થાઓ માટે તેના વસ્ત્રને મંગાવો રાજાએ સર્વત્ર તપાસ કરાવી પણ કોઈ સુખી માલુમ પડ્યો નહી એક મહાત્મા સુખી હતા પણ રાજાના પહેરવા લાયક એક પણ વસ્ત્ર તેની પાસે હતું નહી, તેમજ તે આપી શકે, એમ નહોતા-તેથી તે મહાત્માને બોલાવીને સુખનો માર્ગ પુછયો મહાત્માએ કહ્યુ કે, તું મારા જેવો થા, ઉપાધિ રહિત બન. સ્વયમેવ સત્ય શાંતિ આવી મળશે. રાજાએ તે પ્રમાણે કર્યું ને સુખી થયો.

૨૦૭. આપો અને મેળવો; ઉદારાત્માઓ-જે પોતાની પાસે છે તે બીજાઓને આપીને શ્રીમંત બને છે, ત્યારે લોભીને લાલચુ જનો સંગ્રહ કરીને રંક બને છે. કારણ કે તે એવું મનમાં સમજે છે કે જો બધું આપી દઈશ તો મ્હને હવે મળવાનું નથી-ત્યારે ઉદાર માણસો, સમજે છે કે, આપ્યા વિના કદાપિ મળવાનું નથી, માટે જે બીજાને ખપમાં આવે તેવું આપ્યાજ કરવું-વિલંબ કરવો નહી. વસ્તુતઃ છે પણ એ પ્રમાણે કે, આપ્યા વિના કાંઈ પણ આપણને મળશે નહી અને મળ્યું પણ નથી. તો પછી શા માટે કૃપણતા રાખવી? આપણું રાખ્યું રહેવાનું નથી જ.

૨૦૮. સત્ય શક્તિ મનુષ્યોમાં તિરોભાવે રહેલી શક્તિઓ, સિદ્ધિઓ અને શુદ્ધિ, અત્યુત્તમ ભાવના ભાવવાથી જાગ્રત થાય છે અને પ્રયાસ કરતા આવી મળે છે. આ શક્તિઓ વિગેરે, ધન સંગ્રહથી તેમજ તેને સાચવી રાખવાથી મળી શકતી નથી પણ મમતાનો ત્યાગ કરીને તેનો સદુપયોગ કરવાથી તેમજ મનનો નિગ્રહ કરવાથી પ્રાપ્ત થશે; માટે મમતાનો ત્યાગ કરીને સત્ય શક્તિ વિગેરેને મેળવો.

૨૦૯. તમારા આચરણો તમો ભવિષ્યમાં કેવા થશો તેની આગાહી આપે છે. સારા આચરણો હશે તો ભવિષ્યમાં સારા-ઉત્તમ બનવાના; બૂરાથી સારા બનાય નહી માટે વર્તમાન કાલના આચરણને તપાસવાની ખાસ જરૂર છે પૈસાની જેમ વ્યવહારમા જરૂર પડે છે, તે પ્રમાણે સારા આચરણો-સદાચારોની પણ આવશ્યકતા રહેવાની જ. તે માટે પ્રથમ પ્રયાસ

કરવાની જરૂર છે; પૈસા સિવાય જેમ ચાલતું નથી તેમ સદાચાર સિવાય પણ ચાલશે નહી.

સુધારાની-તેમજ સદાચારોની સાચી કસોટી, મ્હોટા મહેલો-બાગ બગીચા-અને ગાડીઘોડા-મોટરોને દોડાવવા ઉપર નથી, પરંતુ વિપત્તિ વેળાયે સહાય કરવામાં, ધીરજ રાખી પગક્રમને ફેરવવામાં, અને એકતા સાધવામાં છે.

હીરા-રત્નોથી જડેલા સોનાના મુગટને ધારણ કરનાર અને જરીયાન વસ્ત્રોને પહેરનાર રાજા-મહારાજા અને શેઠ શ્રીમંતોની પાછળ પરિભ્રમણ કરનારા, અને સલામો ભરનાર યુવાન-અને વૃદ્ધો, પોતાની આત્મ શક્તિનો આવિર્ભાવ ક્યાથી કરી શકે?

૨૧૦. કેટલાક ભાગ્યશાલીઓ પોતાની મેળે વિચાર કરી વિવેકપૂર્વક સન્માર્ગે વળેલા હોય છે. કેટલાક મનુષ્યો સદ્ગુરુદ્વારા ઉપદેશને સાભળી સન્માર્ગે વળે છે કેટલાક હલકા મનુષ્યો વિપત્તિઓને ભોગવી સન્માર્ગે જાય છે અને કેટલાક તદન હલકા માનવીઓ વિપત્તિઓ આવે. માર ખાય તોપણ સમજે નહી અને સન્માર્ગે વળે નહી. આવા માનવોની ઓળત પણ ભયંકર છે.

૨૧૧. સાર્થકતાઃ શારીરિક અને માનસિક શક્તિઓને વિષય વાસનામા વાપનાર માણસોનુ જીવન વૃથા જાય છે. તેઓનાથી કદીપણ આત્મ કલ્યાણ સધી શકાતું નથી આત્મસત્તાને મારે આવનાર જો કોઈ હોય તો વિષય વાસનાના વિકારો છે માટે તેનો અતિચાર બહુ જોરથી નિષેધ કરવો ને મનુષ્યે

સુગમ માર્ગ; દુન્યવી સર્વ સંપત્તિઓ મળશે, પરંતુ આત્મસત્તા પ્રાપ્ત થવી તે અશક્ય છે, અને આત્મસત્તાનો લાભ થયો તો દુન્યવી પદાર્થોની આવશ્યકતા રહેશે નહી. ભાગ્યાનુસારે જે હશે તેમા સંતોષ રહેશે, પણ ઉદ્વેગ-ચિન્તા થશે નહી. માટે દુન્યવી પદાર્થોમાથી આસક્તિ અલ્પ કરીને આત્મ ધ્યાનમા રહેવા તત્પર બનવું તે સાચા સુખને મેળવવાનો સુગમ માર્ગ છે.

૨૧૨. સદ્ગુણો સાથે સોનાને અનાદિ કાલનો મેળાપ નથી. કારણ કે સુવર્ણના ઢગલાઓ હોય તો તેના મિત્રો અહંકાર અભિમાન-ઇર્ષ્યા અદેખાઇ-સુખશીલતા સાથેને સાથે રહેલા હોય છે અને તે મિત્રો, સદ્ગુણોની અને સદ્ગુણીની સોબત કરવા દેતા નથી, તેથી સદ્ગુણો તેઓનાથી દૂર રહે છે; અને જેઓને સોનાની મમતા હોતી નથી, તેમજ સોનામાં જ જેઓ સુખ માની બેઠા નથી, તેઓની પાસે તે સદ્ગુણો જઇને સુખશાંતિ આપી મોક્ષ સુધી પહોંચાડે છે.

૨૧૩. અમુક અધિકારથી કે પદવીથી માણુસાઇ આવતી નથી. તેને આવવાનો માર્ગ, સમ્યગ્જ્ઞાન સાથે નમ્રતા-સરલતા-ક્ષમા અને સંતોષાદિ સદ્ગુણો છે. અધિકાર કે પદવી નહી હોય તોપણ આ સદ્ગુણો, માણુસાઈ, દિવ્યતા અને પ્રભુતા પ્રગટ કરશો, અને અપૂર્વ પદવી તથા અધિકાર મળશે, ચિન્તાઓ રહેશે નહી.

૨૧૪. સદ્ગુણોને સદ્વિચાર અને સદ્વિવેકવડે ધારણ કરવા તે ઉત્તમમા ઉત્તમ કેળવણી છે અને અત્યુત્તમ જ્ઞાન છે; તેથી જ મનુષ્યોની શોભા વધે છે, દિવ્યતાનો આવિ-

ભાવ થાય છે, અને અહંકાર–મમકારાદિને આવવાનો અવકાશ મળતો નથી.

સુખ મળે કે ન મળે તેની બહુ ચિન્તા કરવી નહી પણ દુઃખ ઉત્પન્ન થાય નહી, તેનો વિચાર કરવો અને તેવી જાતના સાધનો મેળવવા જેથી દુઃખના અભાવમા સુખ સ્વયમેવ રહેશે

ડાહ્યા અને સમજુ માણસો પણ સુખના સાધનો મેળવવા અત્યંત પ્રયત્ન કરે છે; કદાચ ન મળે ત્યારે વારવાર ચિન્તાઓ કર્યા કરે છે, પણ દુઃખ ન આવે તેવા સાધનો મેળવતા નથી આ કેવી હુંશીઆરી ?

સુખના સાધનો મેળવવા ખાતર જેટલો પ્રયત્ન કરે છે તેટલો દુઃખ ન આવે તેવા સાધનો માટે મહેનત કરે તો સુખને માટે મહેનત કરવી ન પડે. અશક્તિની દવા લીધા કરતા અશક્તિ થાય નહી તેવો માર્ગ લેવામા કલ્યાણ છે.

સુખ દુઃખ એ કર્મની રમત છે. અને મનુષ્યો, એ રમતના સોગઠા છે, તેઓ કેટલીક વખત ભેગા રમે છે અને કેટલીક વખત વિખરાઇ જાય છે.

સુખી જનો, સુખનો ભોગવટો કરતા, દુઃખો આવે નહીં તેવા નિમિત્તો સેવે તો તો, સુખ જે મળેલ છે, તેનો વિયોગ થાય નહી. અને દુઃખ આવે નહી.

વિચાર–વિવેક અને બલ વિહીન પ્રાણીઓએ કરેલા કુકર્મો, બહોળા સુખમાં વિઘ્ન નાખે છે અને અસહ્ય યાતનાઓમાં ફસાવે છે. છતા તેઓ કુકર્મોથી પાછા હઠતા નથી તે તે.

સાગર તરીને પરમપદે પ્રતિષ્ઠિત થાય છે અને જન્મજરાના અને મૃત્યુના દુઃખો ટળે છે.

૨૨૧. જો ઉપયોગ ન હોય તો આગળ ચાલતાં ઠેશ વાગે છે અને પડી પણ જવાય છે, અને કદાચિત્ વાગે પણ એવું કે સાજા થતાં વખત લાગે. તે પ્રમાણે ઉપયોગ વિના અનેક કાર્યોમાં એવા વિઘ્નો આવે છે કે વિડંબનાઓ-યાતના વડે માનવજીવન ધૂળધાણી થાય; માટે ઉપયોગ રાખવો.

. **૨૨૨. જ્ઞાનપ્રાપ્તિની સાર્થકતા,** આચરણમાં મૂકવાથી થાય છે. આચરણ વિનાનું જ્ઞાન તે જ્ઞાન કહેવાય નહી. કારણકે તેનાથી કર્મોનાં બંધનો ટળતાં નથી અને ધર્મની આરાધનામાં આળસ આવે છે. રસવતીને માત્ર જાણવાથી પેટ ભરાતું નથી; માટે શકય આચરણમાં મૂકો-અને વિરતિનો આદર કરો. જુઓ! કેવો આનંદ રહે છે.

૨૨૩. અશુભ કર્મોદયે, અહંકારીનો અહંકાર-અભિમાનીનું અભિમાન અને ગુમાન રહેતાં નથી અને ઉદયાનુસારે વર્તવું પડે છે. માટે અહંકારાદિનો પ્રથમ જ ત્યાગ કરવો ઉચિત છે; મારખાઇને માનવું તેના કરતાં ઉપદેશ દ્વારા માનવું અતિ કલ્યાણકર છે, કે જેથી તેવા કર્મોદયે ઘણું લાગી આવે નહી અને સમતાથી સહન કરી શકાય.

૨૨૪. જેમ વસ્ત્ર, તે શરીર નથી પણ શરીર ઢાંકવાનું સાધન છે. જેમ શરીર, તે આત્મા નથી પણ તેમાં રહેવાનું ઘર છે; જેમ ઘર તે માણસ નથી, પણ તેને રહેવાનું સ્થાન છે, જેમ ક્રિયાઓ, તે આત્મધર્મ નથી, પણ આત્મધર્મને

મેળવવાનું દૃઢ સાધન છે—આ પ્રમાણે સાધન અને સાધ્યને બરોબર ઓળખીને સાધ્યને વિસારો નહી.

૨૨૫. ઉપયોગપૂર્વક આરાધેલ ધર્મ, અહંકાર-અભિમાન-વિષય કષાયની વૃત્તિને હઠાવી આત્મોન્નતિમાં અત્યંત સહકાર આપે છે. માટે ધર્મની આરાધના કરતા મન સ્થિર કરીને ઉપયોગી બનવું જરૂરનું છે.

૨૨૬. જીવન દરમ્યાન જે જે અનુભવો થાય છે તેથી આત્માનું સારી રીતે ઘડતર થાય છે. દુ ખનો અનુભવ પણ માણસો-ને સારી રીતે જાગ્રત્ કરે છે અને તેથી પાપ કરતાં પાછું હઠાય છે. પાપભીરુતા-ભવભીરુતા વિચારી દુ ખને માઠું માનવુ નહીં.

૨૨૭. અહંકાર ન કરવો. પુરુષ ઘણો સમર્થ હોય તોપણ અન્યના સહકાર સિવાય કાંઇ પણ કાર્ય કરી શકતો નથી. આહાર-પાણી અને હવાની જરૂર રહેવાની જ, પછી તે ગમે તેમ બોલે કે, મારે કોઇની જરૂર નથી, મારે કોઇની પરવા નથી—તે પ્રમાણે બોલવું તે અહંકાર અભિમાનના વચનો છે કેવટે, તેને પણ બીજાના સહકારની જરૂર પડે છે

અહંકારી, અહંકારના યોગે એવો નાસીપાસ થાય છે, કે અન્ય નિમિત્તો તેની આગળ હિસાબમા નથી એટલે બીજા નિમિત્તો કરતા અહંકાર અત્યંત નુકશાન કરે છે; માટે તેનો ત્યાગ કરવો તે આવશ્યક છે

૨૨૮. પોતાની ઉન્નતિ કરવાની ઇચ્છાવાળા માણસોએ આંખમા અમી રાખવી, દિલમા મીઠાશ રાખવી, અન્યના કથનને વિચારી ઝીલવુ; એટલુ સાચવીએ, એટલું બસ [illegible]

૨૭૪. પુણ્યને વેડફી નાખશો નહી. આવતી કાલે જેની જરૂર પડશે તે વસ્તુ આજે વાપરી નાંખવી નહી; દીર્ઘ-દૃષ્ટિથી અને સંભાળપૂર્વક જે ભવિષ્યમાં ખપમાં આવે તેને સંગ્રહી રાખવી કે જેથી ચિન્તા વિગેરે થાય નહી અને સત્ય-શાંતિ રહે. જેઓ ભાવિમા ખપમાં આવે તેવી વસ્તુ જે પુણ્ય છે, તેને વેડફી નાખે છે, તેનું ભાવિ સારૂં નીવડતું નથી.

૨૭૫. અનાજથી પેટ ભરાએલ હોય તો, બુદ્ધિ-બલ લાજ-સ્નેહ-સુખ-વિભવ-વિલાસ ગમે છે તે પ્રમાણે આત્મજ્ઞાનથી આત્મા ભરપૂર હોય તો, સારૂંએ વિશ્વ સુખરૂપ લાગે છે. રાગ-દ્વેષ અને મોહના વિકારો ઉપશાંત થાય છે અને આધિ રહેતી નથી.

૨૭૬. અવસર ગુમાવવો તે જીદંગી ગુમાવવા જેવું છે. તથા રાગ-દ્વેષ અને મોહમા જીદંગી ગુમાવવી તે આત્માને ગુમાવવા જેવો છે. અવસર જે જાણે છે તે આત્મહિત કરવા સમર્થ બને છે અને અનુક્રમે આત્મસત્તાને મેળવી મેળવી સ્વતંત્ર થાય છે.

જેને અવસરની કિંમત નથી, તે પોતાના જીવનની કિંમત ક્યાથી જાણી શકે? અને જેને જીવનની કિંમત નથી, તેને આત્માના તત્ત્વની કિંમત હોય ક્યાંથી? માટે અવસર પામીને જેઓ આળસ કરે તે મૂર્ખાઓમા પહેલા છે.

૨૭૭. રમત-ગમતમાં-વિષય વિલાસમાં જે સુખ ભાસે છે, તેના કરતાં આત્માનું લક્ષ રાખીને જે સ્થિરતા સહિત ધાર્મિક ક્રિયાઓ કરે છે, તેઓને અનંત સુખ ભાસે છે; કારણ

કે વિષયજન્ય સુખ અવિકારી અને સ્થાયી નથી, ધાર્મિક ક્રિયા-જન્ય સુખ તે વિકારી નથી અને પરિણામે પણ સુખદાયક છે.

૨૭૮. જગત્‌માં કહેવાય છે કે પુત્ર ઉત્પન્ન થયા પછી પત્નીનો તથા પત્ની આવ્યા પછી માતા તરફનો પ્રેમ-રાગ અલ્પ થાય છે અને રોગ મટ્યા પછી વૈદ્યનો તથા કાર્ય સર્યા પછી શેઠ તરફનો પ્રેમ-રાગ ઓછો. અર્થાત્ જેવો જોઈયે તેવો રહી શકતો નથી. પરંતુ આત્મજ્ઞાનથી ઉત્પન્ન થએલ રાગ-કદાપિ અલ્પ થશે નહી. અને વધતો જશે. માટે રાગ કરવો હોય તો આત્માના ગુણોમા કરો.

૨૭૯. પ્રભુ પાસે તેમજ ગુરુવર્યો પાસે અણુઘટતી માગણી કરવી નહી. માગણી નહી કરો તો પણ સેવા ભક્તિ અને ભાવ પ્રમાણે લાભ મળવાનો જ. અને ભાવપૂર્વક કરેલી સેવા ભક્તિ, જો માગણી ન હોય તો પણ ઇચ્છા અને ધારણાથી અનંત ગુણી અને અમર્યાદિત સંપતિ આપે છે.

૨૮૦. રાજા-પ્રમદા અને લતાઓ પ્રાય હમેશા જે પાસે હોય છે. તેને જ વળગે છે તે પ્રમાણે મનુષ્યોને જેવો સહવાસ હોય છે અને સંગતિ હોય છે તેવા બને છે. દુરા-ચારીના સહવાસથી દુરાચારી બનાય અને સદાચારીની સંગતિથી સદાચારી બનાય. માટે અન્યની સંગતિ અગર સહવાસમાં આવતા પૂર્ણ વિચારની જરૂર છે

૨૮૧. સદ્‌ગુરુની તેમજ સદાચારીની સોબત-સહ-વાસ [illegible]
[illegible]
[illegible]

મણિ–કામકુંભ–કામધેનુ વિગેરેને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતાં સદ્ગુરુની સંગતિની અધિક ઇચ્છા રાખવી; કષ્ટ પડે તોપણ તે ઇચ્છાનો ત્યાગ કરવો નહી.

૨૮૨. શત્રુઓ, જે દુઃખ આપતા નથી અને બહારવટીઆઓ જે દુઃખને આપતા નથી, તેવા દુઃખને અજ્ઞાનતા–મોહ–મમતા વિગેરે દુર્ગુણો, તમને દુઃખ આપીને ભવોભવ ભટકાવી પાયમાલ કરી નાંખે છે; માટે શત્રુઓ અને બહારવટીઆના કરતાં મોહ મમતા–અજ્ઞાનતાનો અધિક ભય જાણી તેનાથી ચેતતા રહેવું.

૨૮૩. જગત્‌ના ડાહ્યા–અને સમજદાર તે કહેવાય કે વ્યવહારિક કાર્યો કરતાં, રાગ દ્વેષથી લેપાયમાન થાય નહી. જીભ, બધો સ્વાદ લે છે, પણ તેને લેપ લાગતો નથી; જીભની માફક નિર્લેપ રહેવા માટે કાળજી રાખવાની ખાસ જરૂર છે.

૨૮૪. વિચાર અને વિવેક, એ જીવન રથના તોફાની અશ્વોને કબજે રાખવાની સારામા સારી લગામ છે–આ લગામ સિવાય તે તોફાની અશ્વો કબજામાં રહેશે નહી, અને કાંઇક ઉન્માર્ગે ઘસડી જશે માટે હમેશ વિચાર–વિવેકની જરૂર છે.

૨૮૫. તોફાની ઝંઝાવાત મધ્યે જીવનરૂપી નૌકાને સ્થિર રાખવાનો, ખરેખરો સઢ જો કોઇ હોય તો–સંયમ અને તપસ્યાપૂર્વક સમ્યગ્‌જ્ઞાન છે માટે પ્રથમ તેને પ્રાપ્ત કરો.

૨૮૬. રોગની માફક-દોષોની દવા કરીને તેઓને દૂર

કરવાની ખાસ અગત્યતા છે, દોષો ગયા સિવાય રોગો જવાના નથીજ માટે પ્રથમ તેઓની દવા કરવી.

રોગોની દવા કરી એટલે દોષો જશે, આમ કદાપિ માનતા નહી અને વિશ્વાસ ધારણ કરતા નહી.

૨૮૭. જનતાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપી આત્મ સત્તા-આત્મતત્ત્વની ઓળખાણ આપવી-ઉન્માર્ગેથી સન્માર્ગે વાળવા જેવો અન્ય સુંદર ઉપકાર નથી. કારણ આત્માની ઓળખાણ થયા પછી સમજુ જનો, ઉન્માર્ગે ગમન કરતા નથી અને કર્મના બંધનોને ઢીલા કરીને આત્મોન્નતિમા આગળ વધે છે.

૨૮૮. અન્યનું ભલું કરવામાં જો પોતાનો સ્વાર્થ ભૂલાય તો મારા પ્રમાણમા પોતાનું અને પારકાનું ભલુ થાય છે. આ ઉપકાર જેવો તેવો નથી. માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરી અન્યનું ભલુ કરશો તો પોતાનો સ્વાર્થ સધાશે.

૨૮૯. બાલ્યાવસ્થામાં માતાના સુખને જોવામા, યુવાવસ્થામા સ્ત્રીના સુખ જોવામા અને વૃદ્ધાવસ્થામા પુત્રોના સુખને જોવામા અવસર મળ્યો પણ આત્મિક ગુણોને જોવામા અવસર મળ્યો નહી તેથી આ સંસારમા કુટાવાનું થયું; આત્મતત્ત્વને ઓળખી તેમા રમણતા કરવાથી આધિ-વ્યાધિ રહેતી નથી.

૨૯૦ અરે મહાનુભાવ! તને કોઈ સ્તવે ? કોઈ [illegible]

અણધારી વિડંબનાઓ આવી પડતી નથી ત્યાંસુધી મનોબલ કેટલું છે તેની ખબર પડતી નથી. પણ કોઇ પ્રસંગે અનિવાર્ય ભય કે વિપત્તિ આવી પડે, ત્યારે ગુપ્ત રહેલી માનસિક શકિત પ્રકટ થાય છે, અને આવી પડેલ કષ્ટ સહન કરાય છે.

૩૨૮. માનસિક શક્તિ. આપણે અનિવાર્ય ભય સામે હિંમત રાખીને સામા ઉભા રહીયે છીએ ત્યારે માનસિક શકિત આપણી વહારે ધાય છે ત્યારે ખરેખર માલુમ પડે છે કે આપણી માનસિક શકિત અજબ છે. અરે પહેલાં જાણી નહી!

મનુષ્યોમાં એવી ગુપ્ત માનસિકશકિત સમાએલ છે કે અનિવાર્ય સંકટોના પ્રસંગે તે પ્રકટ થઈ સદાય સહકાર આપ્યા કરે છે.

તમો જેને ઉચ્ચતર શિક્ષણ કહો છો તે દ્વારા આપણને પ્રાપ્ત થએલી ખરાબમાં ખરાબ વસ્તુઓ પૈકીની એક વસ્તુ એ છે કે, વ્યાધિઓનો પ્રતિકાર કરવાની આપણી શકિત પરથી આપણી શ્રદ્ધા ઉડી ગઇ છે. જો માનસિક શ્રદ્ધા હોય તો આધિ–વ્યાધિનો ભાર છે કે રહી શકે?

જો તમોને યોગ્ય ચિન્તવન–યોગ્ય ભાવના ભાવતાં આવડે તો વ્યાધિઓની દવા લેવાની કવચિત્ આવશ્યકતા રહે. યોગ્ય ભાવના ભાવવાથી ઘણીખરી ચિન્તાઓ તથા વ્યાધિઓ–વિપત્તિઓ આપોઆપ વિલય પામે છે.

મનમાં વિપત્તિઓને દુખરૂપે ધારીએ તો ચિન્તાનો પાર રહે નહિ અને કસોટીરૂપે ધારીયે તો આનંદપૂર્વક સહન કરી

નથી. માટે મનને એવું બનાવો કે શરીરમાં વ્યાધિ થાય નહી અને ઉત્પન્ન થએલી હોય તે શાત થાય. માનસિક વૃત્તિને મૈત્રી-પ્રમોદાદિક ભાવનાથી સદાય ભાવિત બનાવો કલેશ કંકાસ-વેરઝેરના વિચારોને મૂલમાથી હઠાવવાને સારા સારા વિચારોના સંગ્રહ કરો અને વિચારો મુજબ શક્ય વર્તન કરો.

૩૩૧. જ્યારે આપણી મનોવૃત્તિ, મોજશોખમા વિષય વિલાસમા મગ્ન બને છે ત્યારે ગુલામની માફક વર્તન રાખીયે છીએ અને તે વખતે આપણું વર્તન ગુલામીમાં બહુ માને છે; તે વખતે સદ્વિચાર અને વિવેક ક્યા ખસી જાય છે તેની માલુમ પડતી નથી. માટે મનોવૃત્તિને મોજશોખમાં જોડતાં-વિષય વિલાસમા મગ્ન બનાવતાં ઘણી સાવધાની રાખજો, કે જેથી ગુલામ-દાસ બનવાનો અવસર આવી મળે નહી.

૩૩૨. રંકતા-દરિદ્રતા એટલી બધી ખરાબ નથી પણ તેના વિચારો ખરાબમા ખરાબ છે; આપણે નિર્ધન છીએ-રંક છીએ, અને એવાજ રહેવાના; આ વિચારો આપણને ખરાબ સ્થિતિમાં મૂકે છે અને આગળ વધવા દેતા નથી. આવી કંગાલ અને પામર માન્યતા, મનુષ્યોમાં રહેલી દિવ્ય શકિતના આશા-જનક પ્રોત્સાહનનું ખંડન કરે છે એટલે દિવ્ય શકિતનો આવિ-ર્ભાવ થતો નથી.

૩૩૩. માણસોએ, જીવન પર્યંત વૈતરૂ કરવા માટે અગર રંક-દીન-હીન રહેવા માટે જન્મ ધારણ કર્યો નથી. પરંતુ તેવા વિચારોનો ત્યાગ કરવા પૂર્વક આગળ વધવા માટે જન્મ ધારણ કર્યો છે, નહી કે રંકતાના-દીનતાના વિચારો કરવા માટે.

ઉપર કરીને નફો-લાભ મેળવવો તે, નફો નથી પણ નુકશાન છે, લાભ નથી પણ ગેરલાભ છે.

૩૫૮. અધિકાર-પદવી લેતાં પહેલાં જવાબદારીનો વિચાર કરજો નહીતો લીધેલ-અધિકાર કે પદની ઘંટીના પડની માફક ભારે પડશે.

જો શકિત હોય અને જવાબનો ખ્યાલ હોય તો, અધિકાર કે પદવી લેવામા શંકા-નિરાશા-ભીતિ વિગેરેને ધારણ કરવી નહી.

૩૫૯. જીવનના ભરણ પોષણ માટે તો સઘળું મળી રહે છે, અને મળી રહેશે. આ પ્રકારે વિચારોને વારંવાર કરવાથી સંતોષવૃત્તિ જાગ્રત્ થાય છે, અને સાધારણ જીવનમાં સંતોષી બનાય છે, પટારો-ખટારો, પૈસાથી ભરવામા તો ભાગ્યની જરૂર પડે છે, ભાગ્ય હોય તો ભરાય, નહીતો નિષ્ફલતા આવી હાજર થાય. પૈસાથી પટારા-ખટારા ભરીને મોજ શોખ, ભોગ વિલાસ-વિષય વિલાસ માટે આપણું જીવન નથી, પણ જીવન પૂરતા સાધનો મેળવી આત્માની સત્તા-શકિત અને સંપત્તિને પ્રાપ્ત કરવા માટે આપણું જીવન છે; માટે સંતોષી બની જીવનનો લ્હાવો લો!

૩૬૦. જયાં સુધી આપણે માનસિક અને શારીરિક આરોગ્યની પાચન ક્રિયાના શત્રુઓને હઠાવીશું નહી, ત્યાં સુધી આપણા વિચારોની શુદ્ધતા થવી અશકય છે, તથા આરોગ્ય પ્રાપ્ત થવું પણ અશકય છે. માનસિક તથા શારીરિક આરોગ્ય હોય તો જ આપણા આદર્શો ઉજ્વળ બને છે અને જલ્દી સધાય છે, અને આત્મા વિકાસ પામતો રહે છે.

અને વિભાગોમાં પોતાનો વેગ આપી રહેલ છે, એટલે તમારાં વિચારો પ્રમાણે સઘળી શરીરની રચના થાય છે માટે સાવચેત રહેજો; વિચારો વિગેરેમાં ખરાબો ન પેસે !

૩૭૦. ભય-ઉદ્વેગ, દરેક વિચાર-દરેક લાગણી કે ઇર્ષ્યા-તિરસ્કાર વિગેરે તમારા દરેક અવયવમાં દરેક અણુઓમાં-અંગોમા અથવા કોઈપણ વેર વિગેરેના વિચારોમાં અરે તમારા શરીરમાં પોતાના સ્વભાવ મુજબ અસર કરે છે; તેથીજ શરીરની શકિતને ઘણી હાનિ પહોંચાડે છે.

સમજદાર તો સમજે છે કે દરેક ખરાબ મનોવૃત્તિ, કષાયથી ભરેલી લાગણી તથા સ્વાર્થના દરેક વિચારો, અને વિષયના વિચારો આપણા શરીરના પ્રદેશોને-અંગોને વિષમય બનાવે છે, તેમજ આત્મિક વિકાસ પર આવરણ લાવીને થએલા વિકાસને દબાતો જ રાખે છે.

જ્યારે આપણને આપણા આત્માની અનંત શકિતમા સંપૂર્ણ શ્રદ્ધા થાય છે ત્યારે આવશ્યક વસ્તુઓ માટે બહાર ભટકવાની ઇચ્છા રહેતી નથી, તે જોઇતા પ્રમાણમાં મળી રહે છે. જ્યારે આપણા આત્માની અનંત સમૃદ્ધિનું બરોબર ભાન થશે, ત્યારે અસંતોષ-તથા તંગી રહેશે નહી.

૩૭૧. દુન્યવી પદાર્થોને મીટ માંડીને જોવાથી રાગ ઉપજે છે. અને તે રાગમાંથી રોગ ઉત્પન્ન થઇ માનસિક વૃત્તિમાં બગાડો થાય છે. અને માનસિક વૃત્તિમા બગાડો થતા શારીરિક આરોગ્ય રીતસર રહી શકતું નથી.

-યવી પદાર્થોના બદલે આત્માના ગુણોમાં કે સિદ્ધચક્રજીમાં

મીટ માંડીને સ્થિર રહેવાથી રાગમાં રહેલો રોગ નાશ પામે છે. અને શાંતિ-સત્ય આવીને મળે છે. શાન્તિ એવી હોવી જોઇયે કે સત્ય હણાય નહી અને ઉત્તરોત્તર આનંદપૂર્વક સત્યનું રક્ષણ થાય અને આત્મશક્તિમાં વધારો થતો રહે

૩૭૨. શારીરિક આરોગ્ય મેળવવું હોય તથા માનસિક ચિન્તાઓને દૂર કરવી હોય તથા વ્યાધિઓને હટાવીને સત્યશક્તિ-સત્તા અને સમૃદ્ધિને પ્રાપ્ત કરવી હોય તો અનંતગુણોના ભંડાર એવા આત્મા સાથે એકતા-લીનતાને ધારણ કરો

ચિન્તાઓને અને વ્યાધિઓને હટાવવા માટે વિવિધ ઉપાયો કરો છો, છતા તે હટતી નથી, અને પાછી આવીને ઉપસ્થિત થાય છે; તેનું કારણ જો કોઇ હોય તો આત્માના ગુણો સાથે સત્ય સંબંધ રાખ્યો નથી તેજ છે. આત્માના ગુણોને ઓળખી, તેઓને મેળવવા માટે પ્રયત્ન કર્યો હોત તો આવી પરિસ્થિતિમાં મૂકાવાનો વખત આવત નહી અને સત્યને શક્તિ-સત્તા-અને સમૃદ્ધિમાં વધારો થાત, જ્યાં જ્યાં તમો તમારા આત્મિક ગુણોને ભૂલી દુન્યવી પદાર્થોના સુખની [illegible] દોડાદોડી કરો છો ત્યારે જ તમોને આધિ-વ્યાધિની વેદનાઓ આવીને ઘેરી લે છે.

તેમજ વિવિધ વિપત્તિઓદાયક વિષય-કષાયાદિકના વિકારોને વશ વર્તી સુખ માની બેઠા છે. આવા મનુષ્યોને આરોગ્ય તથા સુખશાતા કયાંથી મળે ?

સુખના સાધનો ઇર્ષ્યાનો ત્યાગ-મમતાનો ત્યાગ, અહંકારનો ત્યાગ અને સુદેવ-સુગુરુ અને સુધર્મની શ્રદ્ધાપૂર્વક આરાધનામાં રહેલા છે. આ સાધનો જ, વ્યાવહારિક કાર્યો કરતા બહુ મદદગાર અને સહકારને આપવા સમર્થ બને છે. આ સિવાયના સાધનો સંતાપ-પરિતાપ જનક છે.

૩૭૪. સત્ય કાર્યોમાં, પરોપકારાદિ કાર્યોમાં સરખી રુચિવાળાઓના મંતવ્યમા ભેદભાવ હોતો નથી, તેથી જ તેઓ ધારેલા કાર્યો જલ્દી સાધી શકે છે.

જ્યારે મતભેદ હોતો નથી ત્યારે જ ધર્મ અને ધંધાની જાહોજલાલી થાય છે અને જ્યારે વિચારભેદ-મોહજન્ય મતભેદ જન્મે છે ત્યારે જ તે જાહોજલાલી હ્રાસ પામે છે, એકતામ વિષ રેડાય છે. માટે એક રુચિવાળા બનવું.

૩૭૫. પાણી એ વરાળનું અને બરફ એ જેમ પાણીનું સ્થૂલ સ્વરૂપ છે, તેમ શરીર પણ માત્ર માનસિક વૃત્તિનું બાહ્ય સ્વરૂપ છે; માનસિક સ્થિતિ તે બુદ્ધિનું સ્થૂલ સ્વરૂપ છે.

૩૭૬. તમારે આરોગ્ય-શારીરિક શકિત વધારવી હોય તો પ્રથમ માનસિક વિચારોને નિર્મલ બનાવવા માટે પ્રયત્ન કરવાની ખાસ આવશ્યકતા છે. આ સિવાય આરોગ્ય અને માનસિક શકિત માટે પ્રયત્ન કરવો તે વૃથા છે. કેટલાક મનુષ્યો માનસિક વિચારોને શુદ્ધિ કર્યા સિવાય દવા વિગેરેનો

૩૯૧. બળવાન પુરુષને નમસ્કાર કરીને જીતવા, અને નીચ-હલકા શૂરવીરને છલ-ભેદ કરીને જીતવા-તેમજ પોતાના સરખાને પરાક્રમ કરીને જીતવા ઠીક, પણ તેથી શું મળવાનું છે? શો લાભ થવાનો છે? આઠ કર્મોને પરાક્રમ કરીને સમતાપૂર્વક જીતે તોજ સત્ય લાભ મળે અને વૈર-ઝેરની પરંપરાઓ ટળે.

૩૯૨. બ્રહ્મચર્ય-અગણિત હીરા-રત્નો કરતાં મનુષ્ય શરીરની અનેક ગુણી કિંમત છે માટે તેનું રક્ષણ કરવા બલની જરૂર પડવાની. આ રક્ષણ કરવાનું બલ, બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ પ્રાપ્ત થઇ શકે એમ છે. માલમલીદા ખાવા ખપમાં આવશે નહી.

બ્રહ્મચર્યનું પાલન કરીને જે બલવાન બનેલ છે તે આગળ કર્મશત્રુઓ ભાગાભાગ કરી જાય છે અર્થાત્ તેઓ જોર ચાલતું નથી. અને ઋદ્ધિ-સિદ્ધિ-શુદ્ધિના ઝરાઓ ઉભરાય છે અને દેવતાઓ પણ પ્રણામ કરે છે.

વિષય-કષાયના વિકારો જ્યારે નાશ પામે છે અને પુનઃ ઉદ્ભવતા નથી ત્યારે આન્તરિક સ્ફુરણો રીતસર ઉત્પન્ન થાય છે, અને તે સાચા જીવનની સાક્ષી પૂરે છે-માટે વિકારોને ત્યાગવા તે સત્ય જીવનની નિશાની છે.

૩૯૩. અભિપ્રાયો-આપણે જગતના મનુષ્યોના સારા અગર ખરાબ અભિપ્રાયો સાંભળીને હર્ષ-શોક કરવા જન્મ ધારણ કર્યો નથી. પણ આત્મિક ગુણો તરફ નજર કરીને દુર્ગુણોને

દૂર કરવા અને સદ્ગુણોને મેળવવા સ્વપરાર્થે જન્મ્યા છીએ, એ ભૂલવું જોઈયે નહીં—ભૂલવાથી તો ઘણું ગુમાવ્યું.

૩૯૪. **સુજનોએ** ઘરમાં કે જગતમાં માણસો સાથે **બોલતી વખતે** ઘણો ઉપયોગ રાખવો જોઈએ. કારણ કે તેથી સંપ જળવાય છે; પ્રેમ વધે છે તેમજ વચનગુપ્તિ પાળવાની શક્તિ પ્રકટ થાય છે, અને કોઈ તેમનો પ્રતિપક્ષી થતો નથી અન્ય જનોને રીતસર સમજાવી શકાય છે. **ચીડાઈને બોલવાથી** કોઈપણ સમજતું નથી, અને બોલવામાં ઉપયોગ રહેતો નથી. ન બોલવાનું બોલી જવાય છે. પ્રાયઃ બોલવાના ઉપયોગ નહીં રાખનારા વારંવાર વઢવાડ ઉભી કરીને પોતાનું માન ગુમાવે છે

૩૯૫. **ધનાઢયો** તેમજ સત્તાધારીઓને સલામ ભરનારા, તેમની આજ્ઞા માથે ઉઠાવનારા, તેમની વાહવાહ બોલનારા જગતમાં ઘણા મળી આવશે. પરંતુ ગુણવંતોને તથા સંતપુરુષોને પ્રણામ કરનારા અને તેમની આજ્ઞા માનનારા કેટલા સદ્ગુણોના અભિલાષીઓ.

૪૨૭. નિયમિતતા-લૌકિક કિંવા લોકોત્તર વ્યવહારમાં સર્વથી પ્રથમ પગથીયું નિયમનું છે અને હોવું જોઇએ. કારણ, નિયમબદ્ધ કામ કરનારાઓ, સુગમતાએ અને સરલતાએ પોતાનું કામ સિદ્ધ કરવા સમર્થ બને છે; નિયમબદ્ધ રેલ્વે ગાડી હોવાથી તેમાં બેસનારના કાર્યો જલ્દી પાર પડે છે. રેડીઓ ટેલીફોન પણ નિયમબદ્ધ હોય છે તેથી તેઓને ઘણા પૈસાદાર શેઠીઆઓ ચાહે છે અને પોતાની પાસે રાખે છે.

નિયમબદ્ધને બધાયે મનુષ્યો વખાણે છે, સન્માને છે અને પૂજ્ય તરીકે માની ખુશી થાય છે. ત્યારે નિયમ વિનાના ભલે શેઠીયાઓ હોય કે રાજા મહારાજા હોય અને મહેલમા બાગ બગીચામા મહાલતા હોય તો, તેઓને કોઇ પૂજ્ય તરીકે માનીને સત્કારશે નહી. માટે નિયમબદ્ધ બનો.

૪૨૮. અપેક્ષા પૂર્વક વિચારણા-કરવાથી સર્વવાદ વિવાદો શાંત થાય છે. તેમજ રાગ-દ્વેષ અને મોહના ઉછાળા પણ શાત થાય છે; વાદવિવાદ-કલેશ મારામારી વિગેરે થાય છે તેમા અપેક્ષાનો અભાવ છે અપેક્ષા સહિત જે વિચારો કરતા નથી તેઓ અજ્ઞાની કહેવાય છે અને તેઓ કદાપિ ઉપ શમ ભાવને પામતા નથી.

અનેકધર્માત્મક વસ્તુમા એક જ ધર્મને પકડી કદાગ્રહ રાખે તે મિથ્યાત્વી કહેવાય, અને ધર્મોની અપેક્ષા રાખીને વાદ કરે તે સત્ય વસ્તુને જાણી શકે છે. ક્રિયાવાદી જ્ઞાનની અપેક્ષા રાખે, જ્ઞાનવાદી ક્રિયાની અપેક્ષા રાખે તો મતભેદ રહે નહી અને જ્ઞાન ક્રિયા યોગે સંસારને તરી જાય.

રસ પણ મધુર આવશે. ખરાબ વિચારો વડે મધુરતાની આશા રાખવી તે વૃથા છે.

૪૩૧. દરેક પ્રસંગે વિચારો ઉપર ઘણો ઉપયોગ રાખવો; તેથી ખરાબ અને સારા વિચારોનો ખ્યાલ રહેશે અને ખરાબ વિચારો હશે તો, તેનો ત્યાગ કરવા ઉદ્યમ થશે. અત્યાર સુધી આપણે આપણા વિચારો પર નજર રાખી નથી તેથી આપણો આત્મા ઉન્નતિપણાને પામ્યો નહી, અને ખરાબ વિચારો ટળ્યા નહી. ખરાબ વિચારો તરફ દૃષ્ટિ કરનારા જો સુધરે નહી તો ભારે કર્મી જાણવા. લઘુ કર્મી જીવો તો વારેવારે વિચારો પર નજર રાખીને થએલ ભૂલને સુધારતા રહે છે. તેના યોગે આત્મોન્નતિમા આગળ ધપતા રહી મોહરાજાની ફોજને હરાવે છે અને પોતાની સત્તા-રાજ્ય કબજે કરી અનુક્રમે અનંત સુખના ભોક્તા બને છે.

૪૩૨. વિપત્તિ વેલાએ વિડંબના થાય નહી અને કષ્ટ પડે નહી તે માટે પ્રત્યેક માનવીઓ ધનાદિકને મેળવવાની ભાવના રાખે છે અને મહેનત કરીને પણ મેળવે છે, છતાં વિપત્તિ-જન્ય વિડંબનાઓ ટળતી નથી. અને કરેલી મહેનત માથે પડે છે. **પરંતુ જો તેવી ભાવના અને તેટલી મહેનત આત્મજ્ઞાન મેળવવામાં કરેલી હોય તો વિપત્તિ વખતે વિડંબના-દુઃખોને સહન કરવાની તાકાત મળે,** અને તે વખતે આત્મ વિકાસ થાય અને આત્મિક ધન પરખાય.

મનુષ્યો આધિ-વ્યાધિ અને ઉપાધિના સંકટોને ટાળવાના જે ખરા ઉપાયો છે, તે કરતા નથી અને વિડંબનાઓ આવે તેવા ઉપાયોને ઉમંગભર કરતા રહે છે અને દુઃખ પડ્યે છતે તે

હોય, પણ તેઓને ઓળખવાનું સમ્યગ્જ્ઞાન હોય નહી તો તે સંયોગો અને સાધનોથી યથાર્થ લાભ મળે નહી અને મેળવી શકાય પણ નહી. માટે પ્રથમ તેઓને ઓળખવાની શક્તિ મેળવવી.

સંયોગો અને સાધનો, સંસારમાં પરિભ્રમણ કરતાં ઘણી વાર ઉત્તમ મળ્યા, પણ તેઓને નહી ઓળખવાથી આપણી હીનતા અને દીનતા ટળી નહી.

આબાદીમાં ઘણા મિત્રો આપણને ઓળખે છે અને આપણે વિપત્તિ વખતે તેઓને ઓળખીએ છીએ. જે સાચા-ખરા મિત્રો હોય છે. તેઓ દુઃખમાં દિલાસો આપી તેને દૂર કરવા સહકાર આપી સહાય કરે છે; બીજા ખસી જાય છે.

૪૩૬. વેશ અને વય ઉપરથી પુરુષને પારખવો તે સારા પુઠાવાળા પુસ્તકને ઉપરથી પારખવા બરોબર છે; જેથી તેમા ગુણ તથા તત્ત્વ શું છે, તેની ખબર પડે નહી. માટે વેશ-કપડાંની સાથે ગુણોને પરખવા માટે કાળજી રાખવાની જરૂર છે. સારા કપડાવાળા અને વેશવાળા ગુણવંત જ હોય તે કહી શકાય નહી. ખીસા કાતરૂ તેમજ ગુંડાગીરી કરનારના કપડાંઓ, ભભકાદાર હોય છે. ભાષણ કરીને લોક રંજન કરનારના ગુણોને પારખવાની પણ કાળજી રાખવી કારણ કે નાટક–સીનેમા પણ લોક રંજન કરનાર શું હોતા નથી?

૪૩૭. જે વ્યક્તિમાં અને તેના ગુણોમા શ્રદ્ધા અને પ્રેમ હોય છે ત્યાં શ્રમ અને પરિતાપ વિગેરે માલુમ પડતાં નથી. જગતના પદાર્થોમા પ્રીતિ છે. તેથી તેઓને પ્રાપ્ત કરતા પરિશ્રમ–પરિતાપ માલુમ પડતો નથી. તો આત્મિક ગુણોમાં

૪૪૮. ક્રોધ-માન-માયા અને લોભ, શરીરના અને મનના વેગને વધારે છે-ત્યારે મનુષ્યોને બોલવા-ચાલવાનું ભાન રહેતું નથી-અને પોતાને તેમજ પરને નુકશાન થાય-પીડાઓ થાય-અને મરણાંત કષ્ટ આવે તેવું બોલી નાંખે છે; ત્યારે તો અહંકારનો અભાવ હોય-અને માયા મમતાનો અભાવ તથા સમતાભાવ હોય તો શારીરિક અને માનસિક પીડા શાંત થાય છે, બોલવા ચાલવામાં વિવેક રહે છે, અને ગેરલાભ અટકી સ્વપરાત્માને મહાન્ લાભ થાય છે-આત્માની શક્તિનો આવિર્ભાવ થાય છે અને મોહ-મમતા તથા વિષયાસક્તિને દેશવટો મળે છે.

૪૪૯. કેટલીક વખત જનાપવાદથી તેમજ હલકા થવાના ભયથી કે લાજ શરમથી અનાચાર કરતાં અટકાય છે. પરંતુ તેથી આત્મિક લાભ થતો નથી-એ તો જ્યારે તે તે અનાચારથી ઘણા નુકશાનનો ખ્યાલ રહે, તેમજ અત્યંત દુઃખ આવી પડશે એવો ઉપયોગ રહે અને અનાચાર સેવાય નહીં ત્યારે આત્મિક લાભ થાય. અનાચારના પ્રસંગે સમ્યગ્જ્ઞાનપૂર્વક મન-વચન-અને કાયાને કબજે રાખે તો જ પાપ બંધ થતો અટકે અને પુણ્યબંધ તથા આત્મિક વિકાસ થાય.

૪૫૦. અનાચારને સેવતાં જે પાપભીરુ બને છે. તે કોઈ દિવસે તેનો ત્યાગ કરવાનો વિચાર અને પુરુષાર્થ કરે છે. પરંતુ જેઓ અનાચારને સેવીને ખુશી થાય છે અને તેમાં જ સુખશાંતિ માને છે, તે કદાપિ અનાચારોથી પાછા હઠતા નથી. અને પાપપંકમા અધિકતર લેપાતા રહે છે-તેઓને સત્ય શાંતિ કયાથી મળે ?

ધનામાં બહુ વિઘ્નો આવતાં હોવાથી રીતસર આગળ વધાતું નથી. મન અને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી આસકિત ઓછી થતી નથી, સર્વ લબ્ધિઓ અને સિદ્ધિઓ તથા શુદ્ધિ, તપસ્યાના આધારે રહેલી છે. જેટલી આધિઓ-વ્યાધિઓ તથા ઉપાધિઓ આવીને ઉપસ્થિત થાય છે તેનું કારણ જો તપાસીએ તો માલુમ પડે છે કે તપની આરાધના બરોબર કરી ન હોવાથી વ્યાધિ આવે છે. સારી રીતે તપ કરનારને વચનસિદ્ધિ આપોઆપ આવીને ભેટે છે એટલે તેઓના કથન પ્રમાણે કાર્ય બનતા રહે છે માટે તપની આરાધનામા ખામી રાખવી ન જોઇયે; તમે તપ જો નહી કરો તો પરાણે વ્યાધિઓ તમારી પાસે લાંઘણો કરાવશે એ વખતે તમોને મનમા બહુ લાગી આવશે જેથી આર્તધ્યાન થયા કરશે અને આર્તધ્યાનથી તમોને શાંતિ મળશે નહી માટે માનસિક-શારીરિક વિકારોને શાંત કરવા તપને આરાધો.

૪૬૭. ભાવના-મૈત્રીભાવના, પ્રમોદભાવના, અનુકંપા અને મધ્યસ્થ ભાવના, તથા અનિત્યાદિ ભાવના વિગેરેથી ભાવિત જનો, પોતાના વિચારોમા પરાવર્તન કરી શકે છે. અહંકાર-અભિમાન-ઇર્ષ્યા-અદેખાઇ-અને આસક્તિનો ત્યાગ કરીને માનસિક નિર્મલતાપૂર્વક આત્મિક ધર્મમા આગળ વધતા રહે છે; તેવા માણસોને સમગ્ર વિશ્વની સંપત્તિ મળે, લાખો માણસો નમસ્કારપૂર્વક સેવા બજાવતા હોય અગર કામધેનુ-કામઘટ-કલ્પવૃક્ષ-અગર ચિન્તામણી વિગેરે પાસે હોય તોપણ માયા-મમતા તેઓના ઉપર રહેતી નથી. તેમજ અહંકાર-અભિમાન દૂરથી ભાગે છે. આ ભાવનાઓમાં એટલી બધી તાકાત છે કે

અનાદિકાલીન કર્મોના સંસ્કારો વડે થએલી વાસના [illegible] [illegible]થી અને અનિષ્ટ શક્તિઓ આપોઆપ વિકસ્વર થાય છે [illegible]ના વિનાની કરેલી ક્રિયાઓ, તેવો લાભ કદાપિ [illegible] આપવા સમર્થ બનતી નથી એટલે તેવી ક્રિયાઓ તેવી [illegible] આવતી નથી અહંકાર-અભિમાન-નિન્દા ઈર્ષ્યા વિગેરે [illegible] આવવાનો માર્ગ ખુલ્લો છે અને જ્ઞાની ક્રિયાવાદિ [illegible] બતાવી વૃથા કરી મૂકે છે [illegible] અને [illegible] આત્મભાન ભુલાવી [illegible] પાપ-પુણ્ય વિષયોના વિચાર [illegible] [illegible]

છીનવી લીધી છે તેથી પરાધીન બની અસહ્ય યાતનાઓ આપણે સહી રહ્યા છીએ; તે શકિતઓને પ્રાપ્ત કરવા ધર્મની તાલીમ લેવાની આવશ્યકતા છે. **કોઇ પણ તાલીમમાં મન, વચન અને કાયાને કબજે કરવી જોઇએ એવો નિયમ છે; તે સિવાય તાલીમની સિદ્ધિ થતી નથી.** એટલે મન વચન અને કાયાને કબજે કરી, સદ્ગુરુ મોહ નૃપની પાસે રહેલી શકિતઓને પ્રાપ્ત કરવા જે તાલીમ આપે તે તાલીમ લેવી જોઇએ. ભૂખ તરસ વિગેરે પરિસહોને સહન કરવા કટ્ટીબદ્ધ થવુ તે જરૂરી છે, જેણે તાલીમ બરોબર લીધી હોય તેજ મોહ નૃપને હરાવી અનંત શકિતઓનો સ્વામી બને છે. જેટલી તાલીમ અધુરી તેટલી ખામી રહેવાની. માટે દાન-શીયળ-તપ અને ભાવનાની તાલીમ બરોબર લઈને મોહ નૃપ સામે બરોબર લડાઇ કરો, તેને હરાવી સ્વશકિત ઓને પ્રાપ્ત કરો. આ માટે ધર્મની આરાધના સદ્ગુરુઓ ફરમાવે છે. હવે કયા સુધી મિથ્યાત્વ અવિરતિ-કષાય અને યોગના ઘેનમા ઘેરાઇ પડી રહેવું છે ? આત્માના ગુણો તરફ નજર કરો અને મોહ નૃપે કરેલી બરબાદીને ખ્યાલમાં લાવો ! આમ તો અનતો કાલ ગયો અને જશે.

૪૬૯. ભાવની પૂજ્યતા તે, કાર્ય રૂપ મુખ્યતાની અપેક્ષા એ છે. દાનમા દેય વસ્તુ બાકળા હોય કે લાડવા હોય, બાકળાથી જો ભાવ હોય તો ઓછું મળે તેમ નથી. ચઢતા ભાવ હોય તો સામાન્ય બાકળાના દાનથી પણ બહુ પુણ્ય બધાય અને ચઢતા ભાવ ન હોય તો લાડવાના દાનથી, અધિક પુણ્ય બાંધે નહી **દેવાની વસ્તુ, ભાવ સાથે સબંધ**

રહેશે નહી–સ્વતંત્ર બનશો. અત્યાર સુધી શકિતઓ મેળવવાને માટે ઘણા ઉપાયો કર્યા પણ તેથી લાભ મળ્યો નહી અને આત્મા દબાતો રહ્યો. વિષય–કષાયના સેવનથી તેમજ મોજ-મજામાં મગ્ન બનવાથી કદાપિ આત્મશકિતનો પ્રાદુર્ભાવ થતો નથી, ઉલટી શકિત દબાતી રહે છે. તેથી જે સુખની અભિ-લાષા છે તે પૂર્ણ થતી નથી અને ચિન્તામાં જીવન પસાર કરવું પડે છે. જ્યારે આત્મશકિતનો આવિર્ભાવ થશે ત્યારે સુખની અભિલાષા પૂર્ણ થતી રહેશે માટે અન્યત્ર બાથોડીઆ ન મારતાં મન–વચન અને કાયાને પ્રભુના ગુણોમા અને પોતાના આત્મા-ના ગુણોમાં સ્થિર કરો. યોગથીજ સર્વ શકિતઓનો પ્રાદુર્ભાવ થાય છે અને શકિતમાનની આગળ વિષય કષાયના વિકારોનું જોર ચાલતું નથી; અનુભવમાં પણ આવે છે કે મનની પ્રવૃત્તિ અને વચનની તથા કાયાની પ્રવૃત્તિને કાબુમાં રાખ્યા સિવાય કોઈ પણ કાર્ય સધાતું નથી, તો આત્માની શકિતના આવિ-ર્ભાવ રૂપ કાર્ય કરવું છે તે મન, વચન અને કાયાને કાબુમા રાખ્યા સિવાય કયાથી બનશે ? સર્વ કાર્યોમા ઉત્તમોત્તમ કાર્ય એ છે કે કોઇ પણ ઉપાયે આત્મિક શકિતનો ભાવ પ્રગટ કરવો.

૪૭૨. **સુખની અભિલાષાથી** માણસો જે બાહ્ય પદાર્થો મેળવવા પ્રયાસ કરી રહેલ છે–તે નકામો છે. તેથી સુખની અભિલાષા પૂર્ણ થતી નથી, અધૂરીને અધૂરી રહે છે અને રહેવાની–કદાપિ વિલય પામવાની નહી. સત્ય સુખની પ્રાપ્તિ, અજ્ઞાનતાને નિવારી સમ્યગ્જ્ઞાનદશામા આવે ત્યારે થાય છે. અને જ્ઞાનપૂર્વક વર્તનમાં તત્પર બને ત્યારે સત્ય સુખનો અનુ-ભવ આવે છે, તે સિવાય માણસો પોતાને સુખી માનતા હોય

આગળ સમજ માનતા હોય તો પણ અજ્ઞાનના [illegible] નડી
અને સત્ય ગ્રંથનો અનુભવ આવતો નથી. પોતાની [illegible]
પદાર્થો મેળવે, કહ્યા કરે તો પણ સમ્યગ્જ્ઞાનપૂર્વક જ્યાં સુધી
વર્તન હોય નહી ત્યાં સુધી કદાને પણ સત્ય [illegible] અનુભવ
આવતો [illegible] મેળવેલા પદાર્થોના [illegible]
સમ્યગ્જ્ઞાની સમાન કે અને નથી તેઓ [illegible]
[illegible]
[illegible]
[illegible]

થાય ? જો નિમિત્તોની સાથે આત્માની ઓળખાણનું ધ્યેય હોય તો તે નિમિત્તો સાર્થક થાય છે. સારા નિમિત્તો મળ્યા પણ આત્માની ઓળખાણ થઈ નથી તેનું કારણ આસક્તિ છે માટે આત્માની ઓળખાણ માટેના સાધનોનો સદુપયોગ કરવો.

આત્માના ગુણોની રમણતામાં જો પ્રીતિ હોય તો સારામાં સારા સાધનો હાજર થાય છે **આત્માના ગુણોમાં એવી તાકાત છે કે સિદ્ધ દશા જ્યાં સુધી પ્રકટે નહી ત્યાં સુધી તેના સાધનોને ખેંચાઇને હાજર થવું પડેજ. માટે નિમિત્તો મળ્યા પછી તેમાં મુંઝાવું જોઇયે નહી.** જ્યારે સારા સાધનો હાજર થાય છે, ત્યારે આત્માની ઓળખાણ વિનાના માણસો તેઓને સુખ માની મુગ્ધ બનતા હોવાથી આત્મતત્ત્વથી વિમુખ બને છે, કારણકે તેઓને આત્માના ગુણોનો અનુભવ હોતો નથી. પરંતુ જ્યારે વિચાર-અને વિવેક લાવીને તપાસ કરે છે ત્યારે તેઓને માલુમ પડે છે, કે આ તો સાધનો છે-સાધ્ય બહુ દૂર છે. **માટે સાધનોમાં મુગ્ધ બનવું ન જોઇયે. પણ સાધનો દ્વારા સાધ્ય મેળવવું તે યોગ્ય છે.** આવો વિવેક કાયમ રહે તો સિદ્ધ દશાના સુખો દૂર નથી. તે તો પાસે રહેલા છે. પાસે રહેલ વસ્તુને દૂર શોધવા જતા ક્યાંથી તે વસ્તુ મળે ? અને તેને માટે કરેલો પ્રયાસ પણ ક્યાંથી સફલ થાય ?

૪૭૮. વિષય અને કષાયના વિકારો, પ્રાપ્ત થએલ સારા સાધનોને નિરર્થક બનાવે છે. એટલું જ નહી પણ પોતાને વિષયી અને પીડાજનક બનાવી મૂકે છે. માટે પ્રથમ વિકારોને શમાવવા અગર મૂલમાથી ક્ષય કરવા વિચાર અને

૪૯૪. ખેડૂતો કણસલાને ધોકો લઇને ઝુડે છે ત્યારે અનાજ છૂટું પડે છે અને પરાળ-ડૂડાઓ પણ છૂટાં પડે છે, તે પ્રમાણે ઉદયમાં આવેલ કર્મો પ્રાણીઓને ઝુડે છે, ત્યારે નિર્જરાની સાથે આત્મતત્ત્વની ઓળખાણ થાય છે.

૪૯૫. સંકટ કે વિપત્તિરૂપી ભઠ્ઠી ઘણી વખત માણસને સુવર્ણની માફક શુદ્ધ કરે છે ત્યારે માયા-મમતા અહંકાર ઇર્ષ્યારૂપી મેલ બળીને ખાખ થાય છે અને તેના યોગે માણસ પરમપદ-મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે. પોતાની જાતને એટલે આત્માને ઓળખવો તે સહેલું કાર્ય નથી, ઘણું કઠિન કાર્ય છે. બીજાઓની ભૂલો કાઢવી તે સહેલું કામ છે

૪૯૬. બીજાઓના દોષો જોવાની ટેવને દૂર કરવી તે બહુ કઠિન વાત છે. પણ પોતાના દોષોને દેખી તેઓને દૂર કરવા તે સ્વાધીન અને સહેલ બીના છે. તે ક્યારે બને, કે મન અને પાચ ઇન્દ્રિયોની વૃત્તિને અંતરમા વાળે ત્યારે.

બીજાઓના દોષોને જોવાની ટેવને દૂર કર્યા સિવાય અન્તર્મુખ બનાતું નથી અને પોતાના દોષો તરફ નજર પડતી નથી અને દોષોને દૂર કર્યા સિવાય આત્મોન્નતિ સધાતી નથી; પ્રથમ પોતે નિર્મલ થવું.

આપણા શત્રુઓનાં કે પ્રતિકૂલવર્ગનાં છિદ્રો જોવામા જેટલો વખત લાગે છે તેટલો વખત. તેઓના ગુણો જોવા માટે વખત દ્યો તો ઘણા પાપથી બચી શકાય; ઇર્ષ્યા-અદેખાઇ રહે નહી અને ગુણાનુરાગ થાય.

બીજાઓના દોષો તરફ નજર પડતાં તે દોષો આપણને

[illegible] બાબતની [illegible] વર્ણવે છે [illegible]
[illegible] બાબત હોય તો, [illegible]
[illegible] બાબત હોય તો [illegible]

૮૯૭. [illegible] બાબતુ કે [illegible] બાબત [illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

ળાઇ ખસતી નથી, અને નબળા મન વડે-અસ્થિરતાના યોગે કોઇપણ કાર્યની સિદ્ધિ થવી અશકય છે માટે વિષયાસકિતનો ત્યાગ કરવા બલને ફોરવવું જોઇએ.

કર્મમા એવી તાકાત છે કે જેવા વિચારો કરશો તેવી વસ્તુઓ તમને આપશે. સારા વિચારોથી કર્મરાજા, ખરાબ વસ્તુ આપશે નહી, અને બૂરા વિચારોથી સારી વસ્તુ મળશે નહી.

૪૯૯. છિદ્રો જોવાં નહી. આપણા મનની શાન્તિ માટે અગર પ્રસગે પ્રસગે સહકાર આપવા તૈયાર થાય તે માટે આપણા સગાં-વહાલા તેમજ મિત્રોના તથા કોઈ અનુયાયીના છિદ્રો જોવાં નહી, અને બીજાઓને કહેવા નહી.

આકાશ ઉપર ગુસ્સો કરવાથી તેમજ પત્થર વિગેરે જડ પદાર્થો ઉપર કોપાતુર થવાથી તેઓને કાઇપણ અસર થતી નથી. ક્રોધ કરનાર પોતાને જ નુકશાન થાય છે, તે પ્રમાણે જડ જેવા અજ્ઞાની માણસો ઉપર કોપ કરતા પોતાને જ નુકશાન થાય છે, અજ્ઞાનીને અસર થતી નથી. માટે કલાયુકિતથી તેઓને શિખામણ આપવી

૫૦૦. ક્ષમા ધારણ કરવામાં શારીરિક શકિતનો ખપ પડતો નથી, પરંતુ તેમાં ઇચ્છા અને વિચાર બલની જરૂર છે, ક્ષમા ધારણ કરનારને અપરાધી વખત જતા આપોઆપ નમતો આવે છે, માફી માગે છે અને સુધરી જાય છે એટલે તેમા સ્વપરનુ હિત રહેલ છે

૫૦૧. શિક્ષા કરીને અગર વૈર લઇને દુશ્મનાવટ વધારવી તેના કરતા ક્ષમા ધારણ કરી મિત્રતા કરવી તેમા ડહાપણ

હોય તો આનંદથી પોતાનું જીવન પસાર કરે છે, અને સુખી રહે છે. પરંતુ ધનપતિઓ ધનસંપત્તિવાળા હોય અને મોજમજામાં મગ્ન રહેતા હોય છતા જો ઉદ્યમવંત તેમજ સદાચારી ન હોય તો આનંદપૂર્વક સ્વજીવન વ્યતીત કરવામાં બેનસીબ બને છે.

૫૧૬. **અધિકાર અને ધનાદિક સંપત્તિ,** ભયકર વસ્તુ છે. જો વાપરતા ન આવડે તો શસ્ત્રોની માફક સ્વપરને હાનિકારક બને છે. તદન હલકી કોટીમા અધિકારીને તથા ધનાઢ્યને મૂકી દે છે; માટે તેમને ન્યાયનીતિની જરૂર છે.

૫૧૭. **આજની આવક** ખર્ચી નાંખવા કરતા ગઇ કાલની બચત ઉપર ગુજરાન ચલાવવું તે ડહાપણુ ભરેલુ છે. પણુ આજના ગુજરાનનો આધાર આવતી કાલની પેદાશ ઉપર રાખવો તે મૂર્ખતા છે. “**આગળ કમાઇશું**” આમ વિચાર કરીને, આશા રાખીને આજની જરૂરીઆતો માટે દેવું-કરજ કરવું તે નિર્ધનતા લાવવા જેવું છે; આજનો ઉડાઉ ભવિષ્યનો નિર્ધન બનીને ઉડાઉગીર બને છે.

૫૧૮. **શાન્તિના સમયે** દુન્યવી વસ્તુઓ યથેચ્છ હોતે પણુ ચિન્તા થાય, તે ઘોર ચિન્તા કહેવાય. તેનું કારણુ જો કોઇ હોય તો અજ્ઞાનતા મોહ અને મમતા છે. માટે દુન્યવી સર્વ બાબતોની અનુકૂલતા હશે તોપણુ જ્યાંસુધી અજ્ઞાનતા મોહ મમતા ટળ્યાં નથી, ત્યાસુધી ચિન્તાઓ તો રહેવાની જ, માટે તેઓને દૂર કરવા ઉપાય કરો.

૫૧૯. **આત્મા અને કર્મોનો ઉંડો અભ્યાસ કરવાથી દીનતા અને હીનતા ભાસતી નથી. સદાય આનંદમાં**

કૈવલ્ય છે; ને આનંદને [illegible] રહેવાનો છે [illegible]
નથી માટે આત્મા અને દેહોનો અભ્યાસ [illegible]

૫૬૯. [illegible]
[illegible]

શુદ્ધ કરવાનો હોવો જોઇયે. મનની શુદ્ધિ થયા પછી સ્વર્ગાદિ સમૃદ્ધિ આપોઆપ આવીને મલે છે માટે જે સ્વયં અને આનુષંગિક આવી મળતી હોય, તેને માટે કોણ પ્રયત્ન કરે?

૫૩૪. માણસો ઉઘાડાં પાપો કરે છે તેના કરતા માનસિક પાપો અધિક પ્રમાણમા કરે છે; તે પાપોનો જો સરવાળો કરવામા આવે તો પાર આવે નહી અને આત્મા ક્ષણે ક્ષણે તે પાપથી લેપાતો રહે. તેથી જીવની ગતિ સારી થતી નથી અને અચિન્ત્ય આફતના ભાગી બનવું પડે છે માટે માનસિક પાપોને દૂર કરવા ક્ષણે ક્ષણે સાવધાન રહેવાની જરૂર છે.

૫૩૫. તમો જાતે સત્ય રીતે સુખી નહી હો, અગર બળવાન નહી હો તો, અને બીજું સત્યજ્ઞાન નહી હોય તો અન્ય-પ્રાણીઓનુ રક્ષણ કેવી રીતે કરી શકશો અને આત્માને બળવાન કેવી રીતે બનાવી શકશો? આવેલા વિઘ્નો કેવી રીતે નિવારી શકશો? માટે આત્માને બળવાન અને જ્ઞાનવાન બનાવો; પછી શરીર વિગેરેની સંભાળ રાખો.

૫૩૬. માણસો, નિર્ધન હોય તોપણ જો સદાચારી અને સંતોષી હોય તો તે સદા સુખી અને નિર્ભય જીવન ગુજારવા સમર્થ બને છે માટે ધનાદિક કરતા સંતોષ–સદાચાર વિગેરે ગુણોની અત્યંત કિંમત છે. જો તમો સંતોષી નહી હો તો, કરોડોની સંપત્તિ મળે અગર દેવલોકની સાહ્યબી હાજર થાય તોપણ કદાપિ શાંતિ થવાની નથી. ઉલટી ઇચ્છા–તૃષ્ણા વધી જવાની માટે પ્રથમ સદાચારાદિ ગુણોને મેળવો.

૫૩૭. ઉતાવળ ધનુષ્યમાંથી છૂટેલ બાણ જેવી છે અને

ધીરજ હાથમાં રહેલ તરવાર જેવી છે. ફેંકેલું બાણ પાછુ હાથમાં આવતું નથી અને હાથમાં રહેલી તરવાર કાંઈપણ કામ આપે નહી તો પણ શોભાસ્પદ બને છે.

૫૩૮. તારા ઘોડાઓને—અને સારથિને એટલા તોફાની બનાવ નહી કે તારા કબજામા ન રહે અને સ્વચ્છદી બનીને નુકશાન કરી ન બેસે કે જેથી સંસારમાં મુસાફરી કરવી સુગમ અને સરલ થાય.

૫૩૯, અજ્ઞાનીઓ, દુખોનું મૂલ પાપ સમજતા નથી, તેથી દુખને ટાળવા પાપારંભો કર્યે જાય છે. ત્યારે સમ્યગ્-જ્ઞાનીઓ-દુખનું કારણ પાપ સમજતા હોવાથી તેને નિવારવા ધાર્મિક કાર્યોમા તત્પર બને છે.

૫૪૦. ધર્મીઓને. આ લોકની મુંઝવણ હોતી નથી અને પરલોકની ફીકર હોતી નથી-કારણકે તેઓને પૂર્ણ વિશ્વાસ છે કે સત્કાર્યો કરતાં દુખ આવતું નથી-તેમજ મુંઝવણ પણ આવતી નથી.

૫૪૧. તમારી ગુપ્તવાતોને તેમજ પરની ગુપ્તવાતોને જાણ્યા પછી. બીજાઓને કહેતા બરાબર વિચાર કરજો જે વ્યક્તિની આગળ ગુપ્તવાત કહેવાની છે—તે વ્યક્તિને રીતસર તપાસી જો જો. નહીતર ચિન્તાનો પાર રહેશે નહી, કારણકે—જેને તેને કહેવામા, કહેલી વાતનું ધાગ્ર બનાવી કહેનારને પણ સંકટમાં આવવું પડે છે, માટે સંયમી—અનુભવી—અને જ્ઞાનીને વાત કહેજો.

૫૪૨. દુન્યવી સુખવાળાને દેખી આપણે દાઝીએ, અને

ખરા મિત્રે સ્નેહીના તેવા વિકટ પ્રસંગે કાન ઉઘાડવા ચૂકવું નહી. તેઓએ એકાંતમા હિતકારી વચનો કહીને સમજાવવા જોઇએ; પણ સમાજમા બેઆબરૂ થાય તેવું જાહેરમા મૂકવું જોઇએ નહી, જેથી સ્નેહી સાથે મિત્રતા ટકે છે, અને સ્નેહીઓ સુધરે છે.

૫૫૨. **એકાંતમાં કે જન સમુદાયમાં** જેનું મન સ્થિર રહે છે, એટલે સ્વાધીન છે તે મહાત્મા–અને શૂરવીર ગણાય. આવા મહાત્માઓને દરેક પ્રસંગે અનુકૂલતા–કે પ્રતિકૂલતાના પ્રસગે વ્યાકુલતા થતી નથી.

૫૫૩. **જ્યાં સુધી મનમાં ઇચ્છા**–આશા અને તૃષ્ણા ઉભરાય છે. ત્યા સુધી ભલે દેવોની દેવતાઇ મલે તો પણ કદાપિ સંતોષ થાય નહી; માટે વસ્તુઓના સ્વરૂપનું જ્ઞાન કરી ગુણ–દોષને જાણવાની જરૂર છે

૫૫૪. **દિવ્યસ્વરૂપ કહેતાં**–આત્મગુણોનો સબંધ શાથી છૂટે છે કે જ્યારે પરસગમા અત્યાસક્તિ હોય છે, અને તેમાં સુખની આશા હોવાથી આત્મિક ગુણો તરફ પ્રેમ રહેતો નથી, જ્યારે પૌદ્ગલિક સુખની આશાનો ઇચ્છાનો ત્યાગ થશે ત્યારે આત્મગુણોમા પ્રેમ થશે.

૫૫૫. **આત્મગુણોથી વિમુખ બનવું**–તે પ્રથમ અધઃપતન છે અને સંસારના વિષય–કષાયની વૃત્તિમા સન્મુખ બનવું તે ઉત્તરોત્તર અધિક પતન હોઈ આત્મિક શક્તિઓને ગુમાવવા જેવું થાય છે, માટે આત્મિક ગુણો તરફ વિમુખ ન બનતાં સન્મુખ બનો.

૫૫૬. સ્વાર્થી અને હલકી-ઇચ્છાઓ, આપણા મનને અને તનને ગુંગળાવી નાખે છે, એટલે મનને અને તનને સુખ શાતા રહેતી નથી તેથી વિવિધ દુર્ગુણોને આવવાનો અવકાશ મળે છે અને ઘર કરી બેસે છે.

૫૫૭. તમોને વિવિધ પ્રકારના બંધનોમાં નાંખનાર જો કોઇ હોય તો આશા અને તૃષ્ણા છે. એમના બંધનોથી બંધાએલ પ્રાણીઓ ત્રણેય જગતમાં પરિભ્રમણ કરે છેઃ અને મુક્ત થએલા એક સ્થાનકે. સ્થિર થાય છે.

૫૫૮. આત્મસ્વરૂપમાં મગ્ન રહેનારને કોઇ પણ વિક્ષેપ કરી શકે એમ નથી જેટલી અસ્થિરતા-ચંચળતા તેટલો વિક્ષેપ આપોઆપ આવે છે, અને સુખ-દુઃખની કલ્પનાઓ થયા કરે છે, જ્યારે આત્મસ્વરૂપમા સ્થિરતા થશે ત્યારે વિક્ષેપ અને કલ્પના ખસવાની અને સત્ય સુખનો આવિર્ભાવ થવાનો.

૫૫૯. તમોને વિપત્તિઓમાં ફસાવવા માટે તેમ જ નુકશાન કરવા માટે જે માણસો, ઇરાદો રાખે છે અને લાગ જોઇ રહ્યા છે, તેઓના તરફ પ્રેમ ધારણ કરો અને સદ્ભાવના રાખો કે જેથી તમોને નુકશાન થાય નહી અને પરસ્પર સહકાર આપવાની તાલાવેલી જાગે.

૫૬૦. દુર્ગુણો આવવાનું કારણ અને તેથી વિવિધ વિપત્તિઓ આવવાનું મૂળ અજ્ઞાનતા અવિવેક અને અહંકાર–

અભિમાન છે. આ દુર્ગુણોથી સમાજોન્નતિમાં, આત્મોન્નતિમાં માનનારાઓ મ્હોટી થપ્પડ ખાઈ દરેક બાબતોમાં પાછા પડે છે અને વિવિધ વિડંબનાઓ આવીને વળગે છે; અહંકારાદિ દોષો વડે કદાપિ ઉન્નતિ સધાતી નથી.

૫૬૧. જગતની દૃષ્ટિએ જે ફત્તેહ દેખાય છે તે તો માનસિક કલ્પના અને ઇન્દ્રિયોનો ભ્રમ છે; વસ્તુતઃ આપણી ફત્તેહ ઇન્દ્રિયોના નિગ્રહમાં અને માનસિક વૃત્તિઓને સ્થિર કરવામાં રહેલી છે, માટે તેમાં જ ફત્તેહ માનો.

૫૬૨. તમોને ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિયોના બંધનમાં કોણે નાંખ્યા? બંધનમાં નાખીને તમારી અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિને કોણે કબજામાં લીધી? તેનો ખ્યાલ છે? આશાએ-તૃષ્ણાએ તમારી અનંત શકિતઓને દબાવી છે અને માયા–મમતાએ છીનવી લીધી છે.

૫૬૩. જ્યારે તમો દુન્યવી પદાર્થોને પ્રાપ્ત કરવા માટે અન્તઃકરણમાં તીવ્ર ભાવના રાખો છો, ત્યારે તમારી આત્મિક શક્તિના ઉપર આવરણ આવે છે, તેનો ખ્યાલ તમોને ક્યાંથી આવે? અને આવરણ આવ્યા પછી આત્મવિકાસ રૂંધાય તેમાં આશ્ચર્ય નથી; માટે ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે.

૫૬૪. પોતાના દોષોની તપાસ કરીને–તે તે દોષોને દૂર કરવા પોતે જ પોતાના આત્માને શિખામણ–ઉપદેશ આપવા તત્પર બનવું આવશ્યક છે. પોતે જ પોતાને શીખામણ–ઉપદેશ આપવો તે અત્યંત શ્રેયસ્કર છે.

૫૬૫. મન પવિત્ર થયા સિવાય, જ્ઞાનનો તેમજ ઉપદેશનો રંગ, બરાબર લાગતો નથી. મલિન વસ્ત્રો ઉપર મન-ગમતો રંગ ક્યાંથી ચડે ? નિર્મળ-સ્વચ્છ હોય છે ત્યારે રંગ સારી રીતે ચઢે છે અને વસ્ત્ર દીપી ઉઠે છે; તે પ્રમાણે મન પવિત્ર હોય ત્યારે આત્મિક સુખનો સ્વાદ આવે છે, માટે મનને પવિત્ર રાખવા સદા મૈત્રી-ભાવનાઓ ભાવવી જોઇયે.

૫૬૬. તેલ, બત્તી ઉપર ચઢતાં પ્રકાશરૂપ બને છે, તેમ પ્રાપ્ત થએલી શક્તિનો વ્યય, નીચલા ભાગમાં થવા ન દેતાં ઉપલા ભાગમાં થવાથી આત્મપ્રકાશ ઝળહળી ઉઠે છે અને આત્મબલ વધે છે.

આત્મબલને પ્રાપ્ત કરવામાં બ્રહ્મચર્યના પાલનની ખાસ અગત્યતા રહેલી છે. બ્રહ્મચર્ય સિવાય આત્મશક્તિનો આવિર્ભાવ થવો અશક્ય જ છે તેલ વિના પ્રકાશ થતો નથી. તેમ બ્રહ્મ-ચર્ય સિવાય આત્મ પ્રકાશ થતો નથી.

૫૬૭. ધનાદિક, રાખી મુકવા માટે મેળવતા હો તો પથ્થર અને સોનું સરખું જ છે કારણ રાખી મૂકવાથી કાંઈ લાભ થતો નથી પરંતુ મોહ-મમતા વધે છે; અને તેનાથી રાગ-દ્વેષના બંધનોમાં બંધાવું પડે છે

૫૬૮. પેટમાં ભરાએલા મળને દૂર કર્યા સિવાય શાન્તિ મળતી નથી. તે પ્રમાણે અહંકાર-અભિમાન-અજ્ઞાનને દૂર કર્યા વિના આત્માને સત્ય શાન્તિ મળતી નથી. પેટના મળને દૂર કરો, પણ અહંકારાદિકનો કયારે ત્યાગ કરશો ?

૫૬૯. એકાગ્રતા થતાં જ્યારે મનનો વિલય થાય છે, એકેય કલ્પનાનો વિચાર આવતો નથી ત્યારે પ્રકાશનો પ્રાદુર્ભાવ, અન્તરમાં થાય છે અને પ્રકાશ થતા જ રહેલાં આવરણો આપો આપ ખસવા માંડે છે.

૫૭૦. મનની ઉચ્ચ સ્થિતિ થતાં એકાગ્રતા જામે છે, અને બરોબર એકાગ્રતા થવાથી દુન્યવી કલ્પનાઓ અને વિચારોની અનુક્રમે મંદતા થતાં જ્યારે એકપણુ વિચાર આવતો નથી ત્યારે આત્માનો અનુભવ સ્વયમેવ આવે છે.

દુન્યવી કલ્પનાઓએ એકાગ્રતાને દબાવી દીધી છે અને પોતાનું સુખ હણી નાંખ્યું છે તેથી સત્યસુખની સમજણુ પડતી નથી. જેમજેમ કલ્પનાઓ ઓછી થાય તેમતેમ એકાગ્રતા આવતી રહે છે; માટે કલ્પના અલ્પ કરવી

૫૭૧. સ્વાદ અને સ્વાર્થવૃત્તિ. વ્યવહારના સંબંધોને અને કાર્યોને ખરાબ કરનાર જો કોઈ હોય તો સ્વાદ અને સ્વાર્થવૃત્તિ છે. સ્વાદ અને સ્વાર્થે ઘણું નુકશાન કર્યું છે. સ્વાદથી શારીરિક શક્તિને હાનિ પહોંચી છે અને સ્વાર્થે આત્મિક શક્તિને હણી છે.

૫૭૨. આત્મિક ગુણો જેટલા પ્રમાણુમાં વિકસ્વર થયા હશે, તેટલા પ્રમાણુમા તેવા ગુણોવાળા મહાત્માઓ તમારી પાસે આવતા રહેશે અને તમો તેઓને ઓળખી શકશો.

૫૭૩. ઉત્સાહને ભંગ કરનારી તેમજ શ્રદ્ધાનો ત્યાગ કરાવનારી ટીકાઓ કરવા કરતાં, ઉત્તમ કાર્યોની ટીકાઓ

કરતાં, આશાજનક સ્નેહ ભરેલો ઉપદેશ આપવો-સૂચના આપવી તે સ્વપર અતિહિતકર છે; કારણકે, ગટરનો બધો કાદવ રસ્તા પર પાથરવાથી હિતકારી પરિણામ નહી આવે-બીજાના દોષો તરફ કરડી નજર રાખી ઉપદેશ દેવાથી લાભ થતો નથી.

લોકનાયક થવાને જેઓ લાયક છે-તે માણસો પોતાના અનુયાયી વર્ગને "મૂર્ખ ઢોર જેવા" કહેતા નથી, પરંતુ ભૂલ થતા તેઓને સુધારે છે, પણ કોપ કરીને પોતાના આત્માને દુભાવતા નથી. ભૂલોને સુધારવાથી સ્વપરનું ભલુ થાય છે. માટે ગભીર બની કોપ કરવો નહી, પણ ભૂલ સુધારવી.

૫૭૪. વસ્તુઓના નામ ઉપરથી નહી પણ તેના ગુણ-દોષની પરીક્ષા કરો, નામથી કામ સરતુ નથી પણ ગુણથી કાર્ય સરે છે. માટે નામમા મોહ પામો નહીં અને ગુણોને ગ્રહણ કરીને ગુણવાન બનો.

૫૭૫. પોતાની પ્રસિદ્ધિ થાય, જનતામા નામના રહે, તે માટે ધનાઢ્યો ધન વાપરે છે, તેના કરતા મમતાને દૂર કરવા જે ધન વાપરવાની ઇચ્છા રાખે અને તે ઇચ્છા પ્રમાણે ધન વાપરે તો તેઓને બમણો લાભ થાય, એક તો આસક્તિનો નાશ થાય અને તેની પાછળ નામના તથા પ્રસિદ્ધિ જરૂર આવે; એટલે તે માટે પ્રયાસ કરવો પડે નહીં. માટે જે ધનનો વ્યય કરાય તેમા કોઈ પ્રકારની કામના રહેવી જોઈયે નહીં

૫૭૬. ક્રૂર થવું અને કારમો કેર વર્તાવવો. તેમજ નિરપરાધિઓ ઉપર સ્વસત્તા સ્થાપન કરવા માટે દબાણ કરવું. મારઝુડ કરવી. તર્જના આક્રોશાદિક કરવાં તે

આ લોકમાં અને પરલોકમાં દુઃખી થવાની નિશાની છે. માટે અપરાધિઓ ઉપર દયાભાવ રાખવો, તેઓનું કલ્યાણ થાય એવી ભાવના રાખવી તે પોતાને પણ સુખી થવાનું સાધન છે.

જગત્‌ની નીતિના પાયાઓને હચમચાવનાર તેમજ પરમ સુખના સાધનોને નષ્ટ કરનાર અને ભવોભવની પરંપરાને વધારનાર જો કોઈ દુષ્ટમાં દુષ્ટ હોય તો હિંસક ભાવ અને અહંકાર છે, માયા અને લોભ તેઓના સાથીદારો છે, માયા અને લોભના કરતા ક્રોધ બહુ હાનિ કરતો નથી, કારણકે તે બહાર દેખાવમા આવે છે પણ માયા અને લોભ તો ગુપ્ત રહીને મધુરતા ધારણ કરવાપૂર્વક જાણવામા ન આવે તેવી કાતીલ છરી ચલાવે છે, માટે માયાવી અને લોભી કરતા ક્રોધી બહુ નુકશાન કરવામા અશક્ત હોય છે; મૂલમાથી સમ્યગ્‌જ્ઞાન-દ્વારા માયા અને લોભનો ત્યાગ થાય તો ક્રોધ અને માનને રહેવાને માટે તેમજ આવવાને માટે અવકાશ મળતો નથી; માટે પહેલા અહંકાર-માયા અને લોભનો ત્યાગ કરવો.

લોભીના હાથમાં ગુપ્ત માયારૂપી તલવાર-ખંજરાદિ શસ્ત્રો રહેલા છે અને ક્યારે લગાવશે તે કહી શકાય નહી; કારણકે આ શસ્ત્રો દેખાવમાં મધુર અને મનોહર દેખાય છે, તેથી ફસાતાં વાર લાગતી નથી.

ખુલ્લાં શસ્ત્રોવાળાને દેખીને દૂર ખસાય છે, અને ગુપ્ત શસ્ત્રોવાળા પ્રત્યે તે શસ્ત્રો નહી દેખાતા હોવાથી વિશ્વાસ ધારણ કરીને માર ખાવો પડે છે; માટે આવા માયાવીથી સદા દૂર ખસવુ તેમા આનંદ રહેલો છે. અગ્નિ વિષ અને શીકારી પ્રાણીઓ

કરતા પણ માયાવીઓ અત્યંતભયકર હોય છે તેઓ, બીજાઓને ફસાવવા માટે ધાર્મિક વિવિધ વાર્તાઓ કહે છે, બહારથી ખોટું લાગે નહી. તે માટે બોલવામા બહુ ચતુરાઇ રાખે છે તેમજ સ્વાર્થ સાધવા ખાતર પૂરેપૂરી અનુકૂલતા સાચવે છે, માટે તેઓનાથી ફસાતા નહીં.

૫૭૭. વૈભવ વિલાસોમાં જે સુખ ભાસે છે તે સુખ નથી. પરંતુ દુઃખનો ક્ષણિક પ્રતિકાર છે, તે પ્રતિકારને સુખ કેમ મનાય? સુખ તે કહેવાય કે જે ક્ષણિક હોય નહી, અને પ્રાપ્ત થએલ નષ્ટ થાય નહી વૈભવ વિલાસમા જે સુખ ભાસે છે તે ભ્રમણા છે અનાદિકાલથી વૈભવ વિલાસોમા સુખની માન્યતા હોવાથી તેમાં જ વાસના દૃઢ થએલ છે. પરંતુ વસ્તુત પરિણામે તે દુઃખરૂપે છે.

વૈભવ વિલાસમાં જ ભય-શંકા-ખેદ-શોક અને પરિતાપાદિ શમ ભરેલા છે, માટે તેમા સુખની આશા રાખવી તે વૃથા છે

સુખની આશા રાખીને તે સુખને મેળવવા માટે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના ગુણો છે તેમાજ રમણતા કરો. તેઓની આરાધનામા જ સત્ય સુખ અને શાંતિ સમાએલ છે આ સુખ શાંતિમા આધિ-વ્યાધિ અને ઉપાધિ બીલકુલ રહેલ નથી, અને જન્મ જરા અને મરણના સંકટો નાશ પામે છે

જ્યારે આપણને ક્રોધ-માન-માયા અને લોભના કારણે અત્યંત સંકટ-પીડા અને યાતનાઓ બરોબર સમજાય ત્યારે જ તેઓને હટાવવાની ઈચ્છા તથા પ્રયાસ થાય અને સમ્યગ્જ્ઞાનને પામવાની અવશ્યકતા જણાય.

જ્યારે આપણે મોહ મમતાનો ત્યાગ કરીને આત્માના ગુણોમાં શ્રદ્ધા તથા પ્રેમ ધારણ કરીશું ત્યારે મન-વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિ ઉપર કાબુ મેળવવાને માટે ભાગ્યશાલી બનીશું, અને આત્મશક્તિ કેટલી છે તેનો અનુભવ થશે. મોહ મમતા અહંકારાદિકના જોરથી આત્મશક્તિનો અનુભવ આવતો નથી અને માનસિક ચંચલતા ઓછી થતી નથી બલ્કે અધિક વેગમા આવે છે. માટે વ્યાવહારિક કાર્યોમા અહંકાર-મમતા માયાને હઠાવવા વિચાર અને વિવેકથી પ્રયાસ કરવો આવશ્યક છે.

૫૭૮. ચાર સંજ્ઞાઓ. આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓમાં સુખની માન્યતા હોવાથી કષાય-વિષયોના વિકારોને અત્યાર સુધી આપણે પોષણ આપી રહેલા છીએ, આવા પોષણથી જ આત્મિક શકિતમાં ઘટાડો થએલ છે અને સત્ય આત્મિક તત્ત્વને ઓળખવામા વિઘ્નો આવેલ છે; વારેવારે વિઘ્નો આવતાં અનંતભવમાં પરિભ્રમણો કર્યા છતાં સત્ય સુખ શાંતિનો લેશ પણ પ્રાપ્ત થયો નથી, અને હજી પણ પોષણ આપતા રહીશું તો સત્ય સુખ મળશે કયાંથી? જયાંસુધી સુવર્ણ માટીમાં મળેલ હોય છે ત્યાંસુધી સુવર્ણ પરખાતું નથી અને હસ્તગત થતું નથી; તેની માફક **કર્મમલથી આત્માનું સ્વરૂપ લિપ્ત થએલ છે ત્યાંસુધી** તેનું સ્વરૂપ-સત્તા અને શકિતઓનો અનુભવ આવશે નહીં તેમજ હસ્તગત થશે નહીં; માટે બરાબર સમજીને અત્યાર સુધીની માન્યતાને દૂર કરીને કર્મમલને દૂર કરવા અત્યંત પ્રયાસ કરો. ભય-શંકા-નિરાશાને સ્થાન આપશો નહીં; સાહસ કરવું હોય તો કર્મમલનો ત્યાગ કરવામાં કરો; જેટલે અંશે

કર્મમલ દૂર ખસશે તેટલે અંશે આત્મિક શક્તિનો આવિર્ભાવ થશે, સાથે સત્તા-શક્તિનું ભાન થશે અને અચંબો થશે કે આવી શક્તિ અને સુખ કદાપિ અનુભવમા આવેલ નથી. **વસ્ત્ર, પાત્ર, ઘર વિગેરે જો મલિન હોય તો તમોને ગમતા નથી; તેથી તે વસ્તુઓને સુંદર મનોહર બનાવવા માટે કમ્મર કસો છો તો મલિન માનસિક વૃત્તિ, તમોને કેમ પસંદ પડે છે?** પસંદ પડવી ન જોઇયે છતા તમે જેમ તેમ ચલાવે રાખો તો ઇચ્છા પ્રમાણે શાંતિ મળે ક્યાથી? શરીર મલિન થતા તથા આરોગ્ય નષ્ટ થતા તરત દવા લેવા માટે કાળજી રાખો છો અને ગમન કરીને વૈદ્યની પાસે ફી ભરીને દવા લો છો, વૈદ્યે કહેલી પરેજી પાળો છો, ત્યારે આરોગ્ય પ્રાપ્ત થાય છે. મલિનતા-ઉદાસીનતા અને દીનતા રહેતી નથી, તે પ્રમાણે મનના મેલને દૂર કરવા મહાવૈદ્ય પાસે દવા લેવાની ખાસ જરૂર છે

૫૭૯. **દરરોજ અધિકમાં અધિક જરૂર આત્મનિરીક્ષણની છે.** આત્મનિરીક્ષણ સિવાય આત્મવિકાસમા આગળ વધાતુ નથી. પારકાને જોનારા કે પારકાના દોષોને શતમુખે જાહેર કરનારા હજારો પંચાતીઆ મળી રહે છે, પણ પોતાની જાતને અને પોતાના દોષોને જોનારા કેટલા? પારકાની પંચાયત કરવાની કુટેવોએ પોતાના ઘરમા-શેરી-મોહલ્લામાં, કે જ્ઞાતિ-સમાજમા વિવિધ પ્રકારના કલહો ઉત્પન્ન કર્યા છે અને કરશે.

સર્વ દોષોનું મૂલ તપાસીએ તો પારકાના દોષોને જોવાનુ છે અને આત્મવિકાસનુ મૂલ, આત્મનિરીક્ષણમાં છે.

વિકાસના અર્થીઓ તો પરના દોષોને જોવામાં અંધ જેવા હોય છે અને પરની પંચાત કરવામા પંગુ જેવા અને મૂક જેવા હોય છે.

૫૮૦. જગત્માં સારો દેખાવ કરવામાં જે લાગણી અને પ્રયાસ કરો છો, તેના કરતાં સારા બનવા માટે અધિક તમન્નાપૂર્વક પ્રયત્ન કરો !

સદાચારનું પાલન કરીને સારા બનશો તો દેખાવ કરવાની જરૂર રહેશે નહી; આપોઆપ પ્રયત્ન કર્યા સિવાય સારા દેખાશો. દેખાવ, કાયમ રહેતો નથી. કારણ કે તે ક્ષણવિનાશી છે

અન્ય જનોને મૂર્ખાઓ કહેતા પોતાની મૂર્ખાઇની તપાસ કરો; તમો વિષય વિકારોનો ત્યાગ કરીને તથા કષાયોને મૂલમાથી હઠાવીને કેવલજ્ઞાની વીતરાગ કાઇ બન્યા નથી. બીજાઓની મૂર્ખાઇને શોધતા તથા જાહેર કરતા તમારી મૂર્ખાઇને શોધવાનું રહી જશે અને મૂર્ખાઓમા ગણના થશે.

૫૮૧. શરીરાદિકની સુંદરતા કરતાં માનસિક સુંદરતા અત્યંત કીંમતી અને ગૌરવવાળી છે. માનસિક વૃત્તિની સુંદરતા હશે તો જ શારીરિક સુંદરતા સ્વયમેવ આવી મળશે; તેને માટે અધિક પ્રયાસ કરવો પડશે નહી. માટે માનસિક સુંદરતા માટે લગની લગાવો.

૫૮૨. સાત પ્રકારે પુરૂષો ધર્મવિહીન બને છે— ૧ સંયમનો ત્યાગ કરીને ઘેર આવનાર, ૨ મોસાળમાં આશા અધિક રાખીને પડી રહેનાર, ૩ દેવનાં નૈવેદ્ય ખાનાર, ૪

ગુરુ સામે બોલનાર તથા દરેક બાબતોમાં સામો પડનાર, ૫ દેવગુરુ અને ધર્મના અવગુણ બોલનાર, ૬ માતપિતાને મ્હોટા થયા પછી પ્રહાર કરનાર, ૭ અનાચારથી ઉત્પન્ન થએલ સંતાન- આવા મનુષ્યોમા ધર્મના સંસ્કારો પ્રાયઃ પડતા નથી

૫૮૩. લક્ષ્મી આવ્યા પછી, પ્રાયઃ સાત વસ્તુઓ પર અભાવ થાય છે. પ્રથમની સ્ત્રી, મિત્ર, ઘર, શય્યા, વસ્ત્ર. પાત્ર અને આહાર વિગેરે લક્ષ્મીવાનોને ગમતા નથી. એટલે નવા વસાવવાની અભિલાષા થાય છે

૫૮૪. સાત વસ્તુઓને જાહેર કરનાર, અગર સ્વજન વર્ગને કહેનાર સમાજમાં હાંસીપાત્ર બની મૂર્ખ કહેવાય છે. ૧ અન્ય વડે છેતરાએલ માણસ બીજાને કહેનાર, ૨ સ્વસ્ત્રીની ખાનગી વાત બીજાને કહેનાર ભલે પછી મિત્ર હોય કે સ્વજન વર્ગ હોય, ૩ કોઇ ગુપ્ત વાતને જાણ્યા પછી જાહેર કરનાર, ૪ પોતાના અપમાનની વાત અન્ય આગળ કહેનાર, ૫ દરિદ્રતા તથા પોતાની હાનિની બીના કહેનાર, ૬ અનર્થ થાય, કલહ-કંકાસ વિગેરે થાય એવી વાત કહેનાર ૭ પોતાના ઘરની છાની વાત કહેનાર તથા બીજી પેટીમા રૂપયા જમે મૂકીને તગાજો કરનાર.

૫૮૫. પાંચ ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓ ઉપર કાબુ મેળવાય નહી, ત્યાંસુધી સ્વતંત્ર તમો બન્યા છો તે કહેવાશે નહી. કારણ કે તેઓના તમો સ્વામી નહી પણ ગુલામ છો માટે સ્વતંત્ર બનવું હોય તે ઇન્દ્રિયો અને મનના વિકારોને જીતવા માટે પ્રયાસ કરો.

તમો જેવા થવા ઇચ્છા ધરાવો છો તેવી જો તમારી તીવ્રેચ્છા હોય તો તમે તેવા બનશો અને આત્મશ્રદ્ધા જેટલી વધશે તેટલી તમારી શકિત પણ સાથે જ વધવાની જ; માટે ઇચ્છાની સાથે આત્મશ્રદ્ધા રાખો.

આત્મશ્રદ્ધા વિનાના ઘણાએ માણસો, શરીરે શક્ત હોય તોપણ નાના કાર્યોમાં જીવનની પૂર્ણાહુતિ કરે છે.

૫૮૬. પોતે દુર્ભાગી છે, અને નશીબ, હમેશાં પોતાની વિરુદ્ધ છે એવા વિચારને પોતાના મગજમાં પ્રવેશવા દેવો, એ મનુષ્યની સૌથી વિશેષ અહિતકારી વસ્તુઓમાની એક વસ્તુ છે. આપણી પોતાની શ્રદ્ધા બહારની ભાગ્ય જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ જ નથી. આપણે પોતે જ સદ્વિચારના આધારે તથા શ્રદ્ધાના આધારે આપણું ભાગ્ય તૈયાર કરીએ છીએ.

આત્મશ્રદ્ધા વિના લોકો જ્યારે એવા પોકારો પાડે છે કે અમોને અમારૂં ભાગ્ય બરોબર નથી તેથી તેમને કોઇ પ્રકારનો સહારો મળતો નથી, ત્યારે શ્રદ્ધાવાન્ સ્વશક્તિમા વિશ્વાસપૂર્ણ હોવાથી હિંમત–ધૈર્યપૂર્વક કાર્યને કરતાં ભાગ્યને વધારે છે, અને અનેક પ્રકારની તેને મદદ મળે છે, એટલે તેઓ ભાગ્ય વિરૂદ્ધમાં છે, તેવી વાત પણ કોઇને કરતા નથી પણ પુરૂષાર્થ કરીને ભાગ્યને ઉત્પન્ન કરી તેમાં વધારો કરતા રહે છે, ઉદ્યમથી જ ભાગ્ય જન્મે છે અને વધતું રહે છે.

૫૮૭. કેટલાક માણસો, અમારા જન્મમાં અમે કાંઈ પણ સત્કાર્ય કરવાને સમર્થ થનાર નથી, અમારા

ધર્મને પ્રાણોથી પણ અધિક માની તેનું રક્ષણ કરે અને વ્રતોનું રક્ષણ કરવા નિત્ય ઉપયોગ રાખે; પ્રાણો મળશે પણ વ્રતો મળશે નહી-આમ માને ।

૫૯૧. ધન વૈભવાદિક પ્રાપ્ત થાય તોપણ અભિમાન-મમતા ધારણ કરે નહી પણ તેનું સ્વરૂપ વિચારીને તેનો ઉપયોગ કરતો રહે.

પામ્યા પછી થાય છે, તથા તેની સાર્થકતા–સમકિતપૂર્વક વ્રતની આરાધનામાં છે; સમ્યકત્વ સિવાય મનુષ્ય ભવની ગણના થતી નથી; અને વ્રતોની આરાધના વિના મનુષ્ય ભવની સાર્થકતા થતી નથી.

સમકિતપૂર્વક વ્રતની આરાધના, વિષય કષાયોના વિકારોને હઠાવી સમત્વને ધારણ કરવાથી સારી રીતે થઇ શકે છે. જિનેશ્વર મહા પ્રભુજીની આજ્ઞાને માથે ઉઠાવી સમત્વને ધારણ કરીને આત્માને પરમાત્મા બનાવો ! જિનેશ્વરોની આજ્ઞા આત્માને પરમાત્મારૂપ બનાવવાને માટે છે.

૫૮૯. જે પોતાને ડાહ્યા માનીને બીજાઓને ઉતારી પાડે છે, હલકા માને છે, તે ગાંડા સમજવા. ડાહ્યા તો હલકાને ઉચ્ચ સ્થિતિમાં લાવી મૂકે, તિરસ્કાર ન કરતા હલકાને સમજાવે; હૃદયમાં સમજાવવાની અભિલાષા પણ હોય એટલે તેઓ પ્રાપ્ત થએલું જ્ઞાન પચાવી શકે છે તેમ ગણાય.

મતિકલ્પના તે ધર્મ નથી. પરંતુ વીતરાગે કથન કરેલ આજ્ઞાનું પાલન કરવું તે જ ધર્મ છે, આરાધનાથી ધર્મ થાય, પણ કલ્પનાથી થાય નહી.

૫૯૦. સુજ્ઞ મનુષ્મ નિર્ધનતા હોતે પણ પરદ્રવ્યને ઇચ્છે પણ નહી. યુવાવસ્થા હોતે ઇન્દ્રિયોને વશ બને નહી પણ તેના વિષયોના વિકારોને કબજે કરે.

સંયોગોને વશ થાય નહી પણ સંયોગોના સ્વામી બને અને કારણ આવે તોપણ અસત્ય, માયા, પ્રપંચ કરે નહી;

વારેવારે ભ્રમણાના યોગે ભૂલો થયા કરે છે, અને ધાર્મિક ક્રિયાનો જોઇએ તેવો લાભ દુઃશકય બને છે. પ્રથમ મિથ્યાત્વ મોહનીય માર્યા વિના અન્ય પ્રકૃતિઓના વિકારો અને વિચારો પણ ખસતા નથી; વિકારોથી વિચારો ખરાબ થાય છે એટલે પ્રથમ વિષયની ક્ષણભંગુરતાને જાણી–વિચારીને સમ્યગ્જ્ઞાનપૂર્વક મિથ્યાત્વ મોહને દૂર કરો; તેમાંજ સાચી બહાદુરી અને બુદ્ધિમત્તા છે. એક સામંત રાજા બહુ ગુમાનમાં આવીને મહારાજાને ખંડણી ભરતો નહીં, અને સભામા પ્રણામ કરવા પણ આવતો નહી. તેથી મહારાજાએ લશ્કરને તે સામંત રાજાનો પરાજય કરવાની આજ્ઞા આપી, અને કહ્યું કે ખંડણી સાથે તેને બાંધી અહીંઆ લાવો. લશ્કરે તેના ઉપર ચઢાઈ કરી. તે સામંત પણ સામે યુદ્ધ કરવા મેદાને આવ્યો. સેનાધિપતિને આગળ કરીને સામંત નૃપે લડાઇને આરંભી, પરંતુ લશ્કરની સંખ્યા અલ્પ હોવાથી યુદ્ધમા શિથિલતા આવી તેવામાં એક બહાદુર શૂરવીરે સામે લડવા આવેલ સેનાનાયકનું મસ્તક શસ્ત્ર દ્વારા ઉડાવી દીધું. બીજા સૈનિકને પછી જોર આવ્યું અને શસ્ત્રવડે તેના પગો ઉડાવી દીધા. એટલે સામે આવેલ સામંત નૃપની સેના ભાગાભાગ કરવા લાગી. મહારાજાના સેનાધિપતિએ સામંતનૃપને હરાવી ત્રણગણી ખંડણી લઇને તેને બરાબર બાંધી મહારાજાની પાસે હાજર કર્યો. સામંતે ગર્વને મૂકી દયા માગી; તેથી રાજાએ તેને મુકત કર્યો. મહારાજાએ સૈનિકોને અભિનંદન અને શિરપાવ આપવાની તૈયારી કરી, તેવામા જેણે સામા સેનાનાયકના બે પગને ઉડાવી દીધા છે તે પોતાની બહાદુરી અને શૂરવીરતાને બતાવતા કહેવા લાગ્યો કે મેંજ તેના પગોને કાપી નાંખ્યા છે

એટલે પ્રથમ મ્હને શિરપાવ મળવો જોઈએ. મહારાજાએ કહ્યું, કે તેનું પ્રથમ મસ્તક ઉડાવી દેવું જોઈએ. ત્યારે પેલા બહાદુરોને બતાવતાં કહેવા લાગ્યો કે તેનો પ્રથમ સેનાધિપતિએ [illegible] ઉડાવી દીધું હતું; સૈનિકો હાસી કરવા લાગ્યા વાહ ત્હારી બહાદુરી! અને શૂરવીરતા! મહારાજાએ પણ હસતાં કહ્યું કે અરે ભલા સૈનિક! પગ પહેલા મસ્તક કાપવું જોઈએ તેમાજ શૂરવીરતા છે, માથું કપાયા પછી તો સામાન્ય સૈનિક પગને કાપી શકે છે, માટે અભિનંદન અને શિરપાવ તો સેનાનાયકને ઘટે. તેથી તેમને આપવામાં આવે છે. આ પ્રમાણે [illegible] મોહનૃપના સેનાનાયક મિથ્યાત્વને ઉડાવી દે તેને જ અભિનંદન ઘટે છે: પછી મોહ નૃપનું જોર ચાલતું નથી અને આપોઆપ કબજામાં આવે છે, ત્યારબાદ તેની પાછળના સૈનિકો ભાગાભાગ કરે તેમાં આશ્ચર્ય નથી. એટલે અનન્તાનુબંધી કષાયને પ્રેરણા આપનાર-ઉશ્કેરણી કરનાર મિથ્યાત્વને મારો! સર્વ સંપત્તિ સ્વયમેવ આવીને હાજર થશે. આ સિવાય સાચી સંપત્તિ-સત્તા આવી મળશે નહી. માટે ધાર્મિક [illegible] કરનારા ધાર્મિકોએ મોહના વિકારોને મારવા માટે મિથ્યાત્વને ટાળવા માટે ખાસ વિચારોમાં પરાવર્તન લાવીને સમ્યક્ત્વને કેળવવું તે આવશ્યક છે.

અને તેથી દેખાદેખીએ-દેખાવમાં [illegible] ધાર્મિક ક્રિયાઓ કરશો તો મોહના [illegible] [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મોહ જોર [illegible]

પણ વિલંબ કરવા લાગ્યો; જ્યારે પાણી લઇને આવ્યો ત્યારે ઠંડા પવનના આધારે કાંઈ ચેતનવાળો કોચરને જોઇને બેચરને ધ્રાસ્કો પડ્યો; કોચરે તેને કહ્યું કે ભાઈ પાણી લાવ્યો? બેચરે જવાબ આપ્યો નહી અને છરીથી ઘા કરીને તથા સર્વ મિલ્કત લઇને ચાલ્યો ગયો. કોચરે કહ્યું કે મને છરી મારીને નાશી જા નહી; મેં તારૂં કોઇ પ્રકારે બગાડયું નથી પણ કોલેરા પ્રસંગે તારી સારી રીતે સાર સંભાળ રાખેલ છે; આ વનવગડામાં કોઈ મારો બેલી નથી; ધન જોઈતું હોય તો ધન લે; આ મુજબ કહ્યા છતાં પણ દુષ્ટ વિચાર અને આચારવાળા બેચરને દયા આવી નહી અને સઘળું ધન લઇને જંગલમાં નાશ્યા કરે છે; એ અરસામા દીલ્હીના સુલતાનના સુબા અલીઇબ્રાહીમની દીકરી જે હૃદયમા દયાળુ હતી તે અશ્વ ઉપર બેસી સેવકો સાથે તે માર્ગે થઇને ચાલી રહેલી છે, તેણીની દૃષ્ટિ કોચર ઉપર પડી; તરત ઘોડા ઉપરથી નીચે ઉતરી જે ઘા વાગેલો હતો તે ઉપર પાટો બાંધી ઔષધિ લગાવી આશ્વાસન આપીને પુછ્યું કે તને કોણે છરી મારી? કયા કારણે મારી? કોચરે સઘળી બીના કહી; જીસ્કા સુબાની દીકરીએ જંગલમાં ભૂલા પડેલ અને નાશ ભાગ કરતા બેચરને પકડી કબજામાં રાખ્યો, સોનાના દાગીના, ઝવેરાત વિગેરે કોચરને પાછું અપાવ્યું, અને સીપાઇઓ સાથે મોકલી તેના ગામમાં પહોચતો કર્યો; બેચરની બુરી હાલત થઈ. ગામમાં ગયા પછી કોચરે જીસ્કાના પિતા અલી ઈબ્રાહિમને ખુશી કરી બેચરને કેદમાથી મુકત કરાવ્યો; ત્યાર બાદ બહેચરાજી માતા આગળ બકરાં—ઘેટા વિગેરેની જે હત્યા થતી હતી તેને સુબાની પરવાનગી લઇ બ્રાહ્મણો તથા અન્ય

જનોને સમજાવી બંધ કરાવી. સૂબાગો બાર ગામ કોગરને [illegible] બાર ગામ-
બક્ષીસ આપ્યા તેથી તે એક હજાર જેટલો થયો તેથી [illegible] બકરા-પાડાની
મા કોઈ પણ માતાની આગળ બલિદાન નિમિત્તે [illegible]
[illegible] નહી, તેથી આજ્ઞા ફરમાવી પોતાની પ્રજાને [illegible]
મુક્ત બનાવીને સુખી કરી પોતે સુખી થયો અને પ્રજાને [illegible]
આત્મા વાળી પુણ્યવતી અને સુખી કરી [illegible]
[illegible] કે જીવન પર્યંત પાળતો [illegible]
[illegible] ભાજન બન્યો. માટે આ લોકમાં [illegible]
અને પરલોકમાં સુખશાંતિમાં [illegible]
[illegible] પોતાના વિચારો અને [illegible] પ્રથમ [illegible]
બનવા માટે પ્રયત્નશીલ બનવું તે [illegible]

૨૯૫. શુભવિચાર-ઉચ્ચાર અને આચાર [illegible]
આગળ ભલે જગતમાં આગળ [illegible] પણ [illegible]
અને તેનામાં તત્ત્વ નથી. [illegible] અને [illegible]
તત્ત્વ શુભ વિચાર-ઉચ્ચાર અને આચારના [illegible]
[illegible] શુભ વિચાર અને [illegible]
[illegible]

ખોળીઆની પુદ્ગલની–દેહગેહની કિંમત શી ? દેહગેહની સાર્થકતા અને સફલતા કરવી હોય તો ધર્મની મર્યાદાને કષ્ટ સહન કરીને પણ સાચવો; કે જેથી ધર્મના માર્ગનું સોપાન મળી આવશે, ઉત્તરોત્તર સોપાનોમાં આગળ વધતા આત્મોન્નતિ થવા પૂર્વક આત્મવિકાસ સધાશે, પ્રાપ્ત થએલ પ્રતિષ્ઠાનું રક્ષણ થશે અને હાસી પાત્ર બનાશે નહી; સ્ટેશનના માસ્તરોની માફક-કોઇ એક ગામમા ધનાઢ્ય હરિજન–ઢેડ રહેતો હતો તેનો વૃદ્ધ પિતા મરણ પામ્યો પછી સ્વપુત્રના લગ્નનો પ્રસંગ આવ્યો, તેથી પોતાની મહત્તા–આબરૂ અને પ્રતિષ્ઠા જામે તે માટે પાંચ પકવાનો તૈયાર કર્યા અને લગ્ન વીત્યા પછી પોતાના જ્ઞાતિલાઓને સારી રીતે જમાડ્યા; જમાડ્યા પછી વધેલું પકવાન્ન ગામની બહાર અન્ય ગામમાં રહેલા પોતાના જ્ઞાતિજનોને માટે મોકલવા તેના કરંડીયાઓ ભરીને રેલ્વે પાર્સલ કર્યું. આ પાર્સલ સ્ટેશને ઉતર્યું તેવામાં સ્ટેશનના માસ્તરોએ ભેગા થઇને પકવાન્નથી ભરેલા કરંડીયાઓને તોડી તેમા રહેલ પકવાન્નને ખુશી થઇને ખાધું અને વધ્યું તે પોતાને ઘેર મોકલાવ્યું; એ અરસામાં જે હરિજનો ઉપર પકવાન્નનું પાર્સલ મોકલ્યું છે તે હરિજનો રસિદ લઇને આવ્યા અને તેને છોડાવવા માટે તે રસિદ આપી, તેમનું નામ દેખીને માસ્તરો ઝંખવાણા બન્યા; સ્વાદને લઇ ઢેડાનું પકવાન્ન જમ્યા, હવે શો જવાબ આપવો ? માસ્તરો ઢેડનું પકવાન્ન ઉડાવ્યા પછી અને તે કરંડીઆઓને હતા તેવા કરવામાં તૈયાર થતાં, તે હરિજનો આવેલ હોવાથી અને ખાલી દેખવાથી માંહીમાહી માસ્તરોનું અપમાન કરવા પૂર્વક હાંસી કરવા લાગ્યા કે અરે માસ્તરો અમારૂં !

[illegible] આ ફકીરીઆઓમાં [illegible]
પણ તમો સુઝતા નથી. આ [illegible] પડી [illegible]
[illegible]ને મોહેલું અને જગ્યા [illegible] ગયા. [illegible]
ને તમો બધા ભેગા થઈને ખાઈ ગયા. [illegible]
કરતી હતી ને! તમો તો આ રીતે પાદશાનો માલ [illegible]
પાણી પેટને બળતા લાગો છો! આ પ્રમાણે તમે [illegible]
શાહુકોનો માલ ખાઈ ગયા હશો? તમારા ધર્મ [illegible]
અને તમારી જવાબદારીનો પણ તમોએ ખ્યાલ [illegible]
આ ગરીબ શાહુકો તમોને અધિક [illegible]
જવાબદારી અને ધર્મની મર્યાદા તમારા [illegible]
જાળવવી જોઈએ. તેના બદલે સ્વાર્થ અને સ્વાર્થની [illegible]
[illegible] આ પ્રમાણે કહીને તે [illegible]
[illegible] પોતાના સ્થાને ગયા [illegible]
[illegible] અધિક [illegible]
[illegible] વિશ્વાસ રહ્યો નહીં

૯૯૦. માટે શાસ્ત્રકારો કહે છે કે [illegible]
સ્વાર્થનો ત્યાગ કરીને પોતાના ધર્મની [illegible]
જવાબદારીનું રક્ષણ કરતા [illegible]
[illegible]

વામાં તથા સ્વકલ્યાણ સાધવામાં જે સફલ કરવાનું છે, તેને બદલે અપકાર–સ્વાર્થમાં વેડફાઇ વૃથા જાય તે અતિ ખેદકારક છે. મનગમતી મ્હોટાઇ મેળવવામાં અને આબરૂને વધારવામા તથા આત્મકલ્યાણ સાધવામા જો તમોને પ્રીતિ હોય તો સ્વાદ અને સ્વાર્થનો ત્યાગ કરી નિસ્પૃહ બનો; જો નિઃસ્પૃહ નહી બનો તો સ્વાદ અને સ્વાર્થ આવી હાજર થશે; અનાદિકાલથી ચાર ગતિમા પરિભ્રમણ કરતા પ્રાણીઓને શુભ નિમિત્તો દ્વારા શુભ વિચારોના યોગે સમકિત થાય છે એટલે દેવ ગુરુ અને ધર્મમા શ્રદ્ધા બેસે છે અને શ્રદ્ધાના યોગે શુભ વિચાર વિવેક અને આચારથી નિઃસ્પૃહ બને છે ત્યારે સ્વાદ અને સ્વાર્થ ખસતો જાય છે; સત્ય આત્મતત્ત્વની ઓળખાણ થતા અપૂર્વ આનંદનો અનુભવ આવતો રહે છે; અને મહત્તા વિગેરે ઇષ્ટ વસ્તુઓ આપોઆપ ઉપસ્થિત થાય છે; માટે સ્વાદ અને સ્વાર્થનો ત્યાગ કરવાનો અભ્યાસ કરો અને સ્વપરનું કલ્યાણ કરો

૬૩૧. **આશાઓથી ઝકડાયા પછી મનુષ્યો, આશાઓને પૂર્ણ કરવા દશેય દિશાઓમાં પરિભ્રમણ કરે છે,** છતાં જ્યારે આશાઓ પૂર્ણ થાય નહી ત્યારે એવો વલોપાત કરે છે કે, શારીરિક માનસિક અને સાથે સાથે આત્મિકશક્તિ જે ઘવાતી હોય છે તેનું પણ ભાન રહેતું નથી, પછી નિર્માલ્ય જેવા બને છે; માટે આશા ઉપર અંકુશ રાખવાની ખાસ જરૂર છે ભાગ્યોદયે પ્રયાસ કરતા એક આશા પૂરી થઈ પણ તેમાથી હજારો આશાઓ ઉત્પન્ન થાય છે; માટે આશાઓને અંકુશમાં રાખવાની ખાસ અગત્યતા છે કે જેથી સંતોષના યોગે શારીરિક માનસિક અને આત્મિક શક્તિઓ દબાય નહી

અને આત્મિક વિકાસમાં આગળ વધાય, મનોવ્યાપ્તિના યોગે
સ્વજીવન નવજીવન બને છે અને માણસાઈ-દિવ્યતાનો આવિ-
ર્ભાવ થાય છે. પોતાના-અને પરિવાર પુરતું ધનાદિકનું સાધન
હોય તોપણ અધિક ધનાદિકનું ઉપાર્જન કરવા આડા [illegible]
પકડાએલ માનવીઓ માત્ર રોટી અર્થી આટો તે માટે વિવિધ
આરંભો કરવામાં પાછા પડતા નથી, પણ પોતાના આત્મ
તત્ત્વને ગુમાવતા હોવાથી શાન્તિ ક્યાંથી મળે? અને પા[illegible]
અશાન્તિને પકડી રાખેલા છે, અજ્ઞાન [illegible]
ખ્યાલ આવતો નથી, તેથી હાય વરાળ કરતા [illegible]
સદ્ગુરુ સમજાવે તો પણ તે ઉપદેશ [illegible]
વિરહ કરે છે કે. તમો તો સાચવી, [illegible]
નથી: અમો તો સંસારી છીએ [illegible]
ધનાદિકની જરૂર પડે કદાચિત વ્યાપાર [illegible]
સાથે રાખેલ ખપમાં આવે. સંતોષ [illegible]
[illegible] પર

નાર તમો મુસાફીર છો; તેથી સાથે રાખેલા કંચન-કામિની વિગેરે ખાતર કંકાસ-ઝગડો કરો નહી, તથા આસક્તિને ધારણ કરો નહી; આ તો સાધન છે, સાધ્ય નથી. સાધન સાથે સારી રીતે મિલન રાખવાથી સાધ્યને પહોચી વળાય છે અને તેને માટે કરેલો પ્રયાસ વૃથા જતો નથી; તમારૂં સાધ્ય, અનંત જ્ઞાન દર્શન અને ચારિત્રને પ્રાપ્ત કરવાનું જો હોય તો, એને અનંત અવ્યાબાધ સુખને મેળવવાનું હોય તો, વિષય કષાયાદિના વિકારો અને વિચારોથી દૂર રહો; કારણ તે વિષનું કાર્ય કરશે અને ચારે ગતિમા વારે વારે વિઘ્નો ઉપસ્થિત કરશે માટે વ્યાવહારિક કાર્યોમા પણ સદાય સાવધાની રાખીને કષાય વિષયના આવેશોને નિવારવા પ્રયત્નશીલ બનવું તે હિતકર અને શ્રેયસ્કર છે; આ પ્રમાણે વર્તન કરવાથી સુખશાન્તિને મેળવવાની ઈચ્છા સફલ થશે અને ધાર્મિક ક્રિયાઓમાં દૃઢતા સ્થિરતા થશે.

૬૪૦. જે માણસો, કેફી પીણામાં કે સાત વ્યસનોમાં આસક્ત બનેલ હોય છે, તેઓ નિર્માલ્ય બનેલ હોય છે; એટલે તેમાં ધૃતિ, મતિ, કીર્તિ કાંતિ, બુદ્ધિ, પ્રજ્ઞા વિગેરે સદ્‌ગુણોને આવવાનું સ્થાન મળતું નથી અને જે ધૈર્ય વિગેરે હોય છે તે નાશ પામે છે, તેમ જ આત્મઘાતક અવગુણોને રહેવાનું સ્થાન મળે છે. કેફી પીણા તેમ જ સાત વ્યસનોનો સ્વભાવ એવો છે કે જે સદ્‌ગુણો હોય છે તેઓને રહેવા દેતા નથી; માટે સાવધાની રાખી તેઓનો સ્વભાવ વિચારી દૂર રહેવું જોઇએ; રાજા-મહારાજા-શ્રીમંત-શેઠીઆઓ વિગેરે જે નષ્ટ ભ્રષ્ટ થયા છે તે સાત વ્યસનોમાં આસકત બનવાથી જ.

પોતાનું કલ્યાણ નહીં સમજનાર માણસો જ આવા સાત

વ્યસનમાં પાગલ બની તેમ જ અનર્થને વધારી બરબાદ થાય છે; પછી તેઓનું પાપ વધવાથી કોઈ પણ મદદે આવતું નથી. અને દુર્ગતિના પાત્ર બની વિવિધ અગાધ યાતનાઓને સહન કરતા સ્વજીવન પૂર્ણ કરી પાપોના ભડકાઓને લઈ નર્ક ગામી દુર્ગતિના ભાજન બને છે, માટે દુર્ગતિના ભાજન બનવું ન હોય અને યાતનાઓ ભોગવવી ન હોય તો પ્રબલ વ્યસનને નિવારી પ્રભુ પંથે વળો અને સુખના સ્વામી બની, કલ્યાણની તથા ધર્મ-શાંતિ વિગેરેની પ્રાપ્તિ કરો."

૬૪૧. બળવાન મલ્લને જીતવા માટે આગળથી વિવિધ વ્યાયામ કરે છે તેમ જ પ્રયત્ન કરો; [illegible] મોહમલ્લને જીતવા માટે કાંઈ પણ પ્રયત્ન કરતા નથી અને પોતાને બહાદુર માની મનમાં મલકાય છે, પણ [illegible] મોહમલ્લ કેવી બળવાન [illegible] તેની [illegible] પરવા નથી અને મોહમલ્લને પાપા [illegible] બળવાન [illegible] વ્યાયામ કર્યા વિના [illegible] નહિ-[illegible] પરંતુ [illegible] મોહમલ્લ [illegible] નથી [illegible]

સુધી તમોને તે ક્ષણુમાત્ર પણુ જંપીને બેસવા દેશે નહી અને પુણ્યોદયે પ્રાપ્ત થએલ સત્તા–સંપત્તિ–સાહ્યબી–બળ બુદ્ધિને નુકશાન કર્યા કરશે; તેથી ઉચ્ચસ્થિતિ, ઉચ્ચસંપત્તિ, ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ આવી મળશે નહી, માટે મહા મોહમલ્લને જીતવા માટે પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. માનો કે, તમોએ વ્યાયામાદિક કરીને અખાડામાં બલવાન્માં બલવાન્ મલ્લને હરાવ્યો, વિજયપતાકાને મેળવવાપૂર્વક પ્રસિદ્ધ બન્યા અને અનેક ચંદ્રકોને મેળવ્યા પણુ શું! તેથી તમારી ચિન્તા નષ્ટ થઇ? પરિતાપ ઓછો થયો? અને આત્મિક શુદ્ધિને મેળવી કે નહી? તેનો પ્રત્યુત્તર આપવામા મૌન ધારણુ કરશો, અગર કાંઇક બાનુ કાઢીને ખસી જશો; આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય નહી તે માટે તમારી સમીપે રહેલ અને દૃષ્ટિગોચર ન થતા એવા મોહમલ્લને જીતવા માટે જ્ઞાનપૂર્વક પ્રયાસ કરો; દુન્યવી મલ્લને જીતવા માટે પ્રયાસ કરશો નહી–તોપણુ મલ્લ તો શું, પણુ સર્વ જગત્‌ને જીતાશે અને સાચી ઋદ્ધિ સિદ્ધિ–સમૃદ્ધિ અને સત્તા–શુદ્ધિ આપોઆપ આવીને મળશે; પછી તમો સામાન્ય સ્થિતિમાન્ હશો તોપણુ ચિન્તા–સંતાપાદિ રહેશે નહી અને સદા–સર્વથા અને સર્વત્ર આનંદમા ઝીલ્યા કરશો; તમારે જગવલ્લભ બનવું હોય અને પુણ્યોદયે પ્રાપ્ત થએલ મનુષ્યભવની સાર્થકતા તથા સફલતા મેળવવી હોય અને મહામહેનત–પાપારંભ કરીને પણુ મેળવેલા પૈસાથી કાંઇક સુખને મેળવવું હોય તો તથા આરાધેલ ધર્મનું સાક્ષાત્ ફળ મેળવવાની ભાવના હોય તો આત્માના સત્ય સ્વરૂપને સમ્યગ્ પ્રકારે ઓળખી તેનુંજ લક્ષ રાખી અહંકાર–મમતા–અદેખાઇ નિવારો.

બહારથી ગાય-ભેંસ લાવ માટે પણ દૂધ તો બહારથી [illegible]
મુજબ આપતી હોય તો તેને કોઈ કાંઈ કહેતું નથી પણ, [illegible]
હોય અને દૂધ [illegible] મુજબ આપતી ન હોય તેને કેમ, [illegible]
બહેક? [illegible] મૂકે કે-આગળ વેચી નાખે? [illegible]
આવી વાતો [illegible] કાર્ય કરવું કે-વહિવટ-અધિકારીઓ [illegible]
[illegible] થાય; કામ [illegible] થતું તેને હોય તો [illegible]
[illegible] પણ કામ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કરે; કઠોર વચનોને બોલી કામ સારૂં કરશો, પણ વડીલોની ચાહના થશે નહી અને પોતાનું કામ પતાવવા ખાતર સહન કરશે, એટલે ના છૂટકે પોતાનું કામ પોતાનાથી બનતું નહી હોય ત્યારે તે કામ તમોને સોંપશે; અને ઉપર ઉપરથી રાજીપો દેખાડશે પણ તેઓ મનમાં કચવાટ ધારણ કરતા હશે; માટે કટુક વચનોને બોલવાની ટેવને સદા દૂર કરો-અને મધુર વચનો સાથે સુંદર કાર્યોને કરો કે આત્મવિકાસ સધાય અને વડિલોની ચાહના વધે.

૬૫૦. વ્યાવહારિક કાર્યોને કરવાની ઉતાવળ કે તમન્નાવાળાએ આગમવાણીને-સદ્‌ગુરુના વચનોને પ્રથમ શ્રવણ કરવાની સાચી ભાવના રાખવી.

સદ્‌ગુરુનો ઉપદેશ-વચનો શ્રવણ કર્યા સિવાય તમો વ્યાવહારિક કાર્યો તો કરશો પણ તેમા વિવિધ દોષોને અવકાશ મળશે, અને આત્મિક લાભ મળશે નહી. ચિન્તા-આશા-તૃષ્ણાનો વધારો થતો રહેશે, કારણ કે તે તે કાર્યો કરતા તમોને પાપ-પુણ્યનો ખ્યાલ રહેવો અશકય છે; પાપસહિત કરેલ કાર્યો, કદાપિ ચિન્તાઓ તથા શોક પરિતાપાદિને હઠાવી શકતા નથી, અને ચિન્તા શોક વલોપાતાદિ કદાપિ સુખ શાંતિ આપવામાં સમર્થ બનતા નથી, પરંતુ જો વ્યવહારના કાર્યો કરતા પ્રથમ આગમવાણી-સદ્‌ગુરુનો ઉપદેશ શ્રવણ કર્યો હશે તો પાપ-પુણ્યનો ખ્યાલ રહેશે અને કાર્યો કરતા પાપભીરુ બનીને તેવા પાપ-વાળા કામોથી પાછા હઠશો અને તેવા કામો કરશો નહી; કારણ, સદ્‌ગુરુના ઉપદેશના સસ્કારો, તમો સુખી થવાની ચાહનાવાળા

હોવાથી એકદમ છૂટી જતા નથી, માટે તે સંસ્કારોના યોગે પાપો ઓછાં બંધાય તેવાં કાર્યો કરજો; સુખી બનવાની અભિલાષા તો છે ને? સુખી બનવાની સાચી ઇચ્છા હોય તો ભગવાનના ઉપદેશને ભૂલો નહી અને સદાય સાંભળવા [illegible] લાગો; પાપ અલ્પ બંધાય અને પોતાનું કાર્ય સધાય, એનો ઉપાય એ છે કે આગમ-શાસ્ત્રોના વચનામૃતોનું શ્રવણ [illegible] [illegible]

૨૫૦. સ્વભાવને ફેરવી શકાય. જગતમાં [illegible] કે, પરંતુ સ્વભાવનું ઔષધ નથી, [illegible], "સ્વભાવોऽત્ર દુરતિક્રમઃ" પરંતુ સ્વભાવ [illegible] [illegible]

દેખવામાં આવે છે, લાલ આંખો પણ કરતા નથી તો માણસો શુભ સંસ્કારના યોગે સુધરી વેર ભાવનો ત્યાગ કરે તેમાં શી નવાઈ! માટે ખરાબ સ્વભાવ તેમજ ક્રૂરતાનો ત્યાગ કરવો હોય અને ઐક્યનો લાભ લેવો હોય તો શુભ સંસ્કારોને પાડવા અને પડેલા ખરાબ સ્વભાવને ટાળવા સદાય સદ્ગુરુનો ઉપદેશ શ્રવણ કરવો.

૬૫૨. તમો એમ માનતા હશો કે, અનીતિથી તેમજ પાપારંભોને કરીને મેળવેલ ધનાદિક કાયમ રહેશે, મરણ પર્યંત સાથે રહેવા પૂર્વક પરલોકે સાથે આવશે અને તે દ્વારા ઇષ્ટ સુખને પ્રાપ્ત કરી સર્વેચ્છા-આશાને પૂર્ણ કરીશું, કોઈ પ્રકારે આધિ-વ્યાધિ વિડંબના વિગેરે રહેશે નહી અને આવવાનો પણ તેઓને અવકાશ મળશે નહી, પણ આવી માન્યતામા મ્હોટી ભૂલભૂલામણી અને ભ્રમણા રહેલી છે. કાયમ રહેનાર અને સાથે ને સાથે અને સમીપમા સમીપ રહેનાર તથા વિવિધ ચિન્તાઓ-વિવિધ વ્યાધિ અને અનેક વિડંબનાઓને હઠાવી, મનોવાછિત સુખને અર્પણ કરનાર કર્મોને દૂર કરનાર જો કોઈ હોય તો ધર્મધ્યાનના યોગે આત્મામા પડેલા શુભ અને શુદ્ધ સંસ્કારો છે અને તે જ સકળ સુખોને અર્પણ કરી કૃતાર્થ બનાવશે; માટે ધનાદિકને પ્રાપ્ત કરતાં પહેલાં ધર્મને પ્રાપ્ત કરવા, તેના સ્વરૂપાદિને સમજવા પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે, ધર્મના સંસ્કારો સિવાય મહાકષ્ટે મેળવેલાં સત્તા-સંપતિ અને સાહ્યબી-પરિવારાદિક સુખદાયક બનશે નહી, ઉલટી ચિન્તા-શોક-પરિતાપાદિકની વિપત્તિ સહન કરવી પડશે; કારણ કે ધનાદિક પદાર્થો સંયોગે કરીને મળ્યા છે, તેનો

અને સંકલ્પોનો ત્યાગ કરી આરંભ સમારંભનો શક્ય **ત્યાગ કરવો તે છે.** તમોને સાંસરિક સુખની અનુકૂલતા હશે તોપણ વિકલ્પો અને સંકલ્પો દૂર ખસશે નહીં; કારણ કે સાસારિક સુખમા તેઓને ઉત્પન્ન થવાનું કારણ છે, જ્યાં **સુધી કારણ છે ત્યાં સુધી કાર્ય થવાનો સંભવ છે.** તમારે તો વિકલ્પ સંકલ્પ રહિત સાચી શાતિ મેળવવાની તમન્ના છે તે વિકલ્પ–સંકલ્પોથી ક્યાથી મળશે ? માટે પ્રથમ જેનાથી વિકલ્પ સંકલ્પો ઉત્પન્ન થાય તેવી સાંસારિક સુખની આસકિતનો ત્યાગ કરવો આવશ્યક છે, આસક્તિ ઓછી થતા આરંભ સમારંભના કાર્યો ઓછાં થતા જશે, સંપૂર્ણ રાગ જ્યારે ટળે ત્યારે તો કોઇપણ સંકલ્પ વિકલ્પ થવાનો નહી. સંકલ્પ એટલે માનસિક વિચાર–ઇચ્છા, તેનાથી વિકલ્પો ઉત્પન્ન થાય છે તેથી કોઈ પ્રકારના પ્રાણીઓને સત્ય સુખનો અનુભવ આવતો નથી; સ્થિરતા પણ સંકલ્પ વિકલ્પો ખસવાથી વધે છે અને સ્થિરતાના ચોગે આત્મિક ગુણોનો આવિર્ભાવ થાય છે, જો સકલ્પ અને વિકલ્પોથી સાચા સુખનો અનુભવ આવતો હોય તો સંસારી મનુષ્યોને ઘણા ભવ પરિભ્રમણ કરવાના રહે નહી, અને તે ભવમા મોક્ષ સુખનો અનુભવ કરે; પણ તેમ બનતું નથી અને બનશે પણ નહી. મોક્ષ સુખ તો સંકલ્પ વિકલ્પનો જ્યારે સંપૂર્ણ ત્યાગ થાય અને સમત્વ–સ્થિરતા આવે ત્યારે જ પ્રાપ્ત થાય.

૬૬૬. તમારી ગમે તેવી સુખ મેળવવાની તીવ્રેચ્છા હશે, અને જીવન પર્યંત આરંભ–સમારંભ કુડ–કપટ કરશો તોપણ પુણ્યોદય પ્રમાણે સપત્તિને મેળવી શકાશે, પુણ્યબધના કારણોને સેવતા હશો, તોપણ જો પાપો-

[illegible] હોય તો લાભ મળતો નથી ત્યારે [illegible]
વિપત્તિઓ આવી પડે ત્યારે [illegible]ક્રિયાઓના લાભે [illegible]
કર્મોના પૂર્વકૃત કર્મોના ઉદય [illegible]
નાશ કરતો નથી, ત્યારે આવા [illegible] થતાં [illegible]
હોય કે, આપણાંથી [illegible]
કે તેનો જરૂર ઉદય થવાનો: [illegible]
[illegible] કર્મોનો અનુભવ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

બુદ્ધિવાળાનું મન, એવું હોય છે કે, જેણે બગાડયું તેનું બગડેલ છે, આપણે તેનું બગાડવું નહી, પણ સુધારવું કે જેથી આપણુ પણ સુધરે

જેઓ, પ્રત્યક્ષ સુખાદિકને માને છે અને પરલોકમા પોતાના આચારો વિચારો અને ઉચ્ચારોથી સુખ–દુઃખાદિ મળતું નથી તેમ માનનારા સ્થૂલ મતિવાળાઓ મ્હોટી ભૂલો કરતા રહે છે, અને અનાચારોને સેવતાં પકડાઇ ન જવાય તેનું શિક્ષણ લે છે, તથા સાવધાની રાખે છે.

કૃતજ્ઞતા અને નમ્રતાના ગુણે જે રંગાએલ છે તે દેવ ગુરુ તત્ત્વને તથા ધર્મતત્ત્વને રીતસર ઓળખી આદર કરે છે. અને પોતાનામા અહંકારવૃત્તિનો ત્યાગ કરવા સમર્થ બને છે; મમતાનો ત્યાગ કરી નિર્લેપતાએ વ્યાવહારિક કાર્યોમાં વર્તી શકે છે, પણ જેઓમા કૃતજ્ઞતાનો તથા નમ્રતાનો ગુણ નથી તેઓ પછી સંપત્તિમાન હોય, તોપણ વ્યાવહારિક કાર્યોમા રાગ-દ્વેષ અને મોહથી બદ્ધ બની પોતાની સંપત્તિ–શક્તિની સફળતા કરી શકતા નથી.

૬૭૦ સારાસારનો, એટલે હેય જ્ઞેય-ઉપાદેયનો જિનેશ્વર વીતરાગના વચનો મુજબ વિચાર કરવાથી અને વિવેક કરવાથી સમ્યકત્વ પ્રગટે છે; સમ્યકત્વનો આર્વિભાવ થયા પછી જ આત્મિક ગુણોમા શ્રદ્ધા બેસે છે, શ્રદ્ધાના યોગે કષાય વિષયના વિકારો ઓછા પ્રમાણમાં થાય છે કષાય વિષયના વિકારો અલ્પ થવાથી પ્રશમ સંવેગ–વૈરાગ્ય અનુકંપાના વિચારોને આવવાનો માર્ગ મળે છે. અને સાથે સાથે ભવભીરુતા-

પાપવૃત્તિના–આસક્તિની આદતના [illegible]
[illegible] ગુણોને પ્રાપ્ત કરવા હોય તો [illegible]
પ્રતિમાઓના સત્કાર સન્માનપૂર્વક પૂજન કરો [illegible]
આત્માઓને [illegible] અનાદિકાળના [illegible]
[illegible] આસક્તિને [illegible]
[illegible]

આધારે છે તથા લક્ષ્મીની સાર્થકતા-દાન દેવામાં સમા-એલ છે-તેમજ દાનની સફલતા સુપાત્રમાં રહેલી છે. પુરુષ, જો સદાચારી ન્યાયવાન્ હોય તો પોતાના આત્માની ઉન્નતિ કરવાપૂર્વક-સ્વજાતિ કુલગૃહ અને ગામની શોભાને વધારી તેમની આત્મોન્નતિમા રીતસર સહકાર આપે છે; તેથી આત્માનો તથા જાતિ-કુલાદિનો દ્રવ્યથી અને ભાવથી વિકાસ સાધે છે, અને પ્રશંસાપાત્ર બને છે, પરંતુ પુરુષ જો સદાચારી અને નીતિ-ન્યાયવાન્ હોય નાહી તો સ્વાત્મા વિગેરેની અવનતિ કરવાપૂર્વક વિકાસને રૂંધે છે; માટે પ્રથમ મનુષ્યે સ્વાત્માનો-તેમજ પુત્ર પરિવારાદિકનો તથા સમાજનો વિકાસ કરવા માટે ન્યાય-નીતિ-માન્ બનવા ખાસ અગત્યતા છે અને ન્યાય નીતિમાન્ પુરુષ, ધર્મની આરાધના કરવા સમર્થ બને છે, જો કે દુરાચારી, કોઇ એક સજ્જનની પ્રેરણાથી તેમજ સદ્ગુરુના ઉપદેશ દ્વારા ધર્મની આરાધના કરવા તત્પર બને છે, પણ તે જો અનીતિ અન્યાયનો ત્યાગ કર્યા સિવાય ધર્મની આરાધના કરે તો તે-અસદાચારી પાછો પડે છે, અગર ફળ મેળવવામા નિષ્ફળ થાય છે માટે **નીતિ ન્યાયવાન્ બનવાપૂર્વક જે ધર્મની આરાધના કરે છે, તે પુરુષ પોતાના આત્માની તથા પોતાના કુલ-જાતિની-સમાજની ઉન્નતિ કરવા સમર્થ બને છે,** અને ભૂષણરૂપ બનીને શોભાને વધારે છે; એટલું જ નહી પણ સમગ્ર પૃથ્વીનું આભૂષણ બને છે; માટે કષ્ટ વેઠીને પણ નીતિમાન્ બનો; ન્યાય નીતિમાન્ પુરુષને વ્યાવહારિક કાર્યોમા ડગલે અને પગલે લક્ષ્મીની જરૂર પડે છે, લક્ષ્મી વિના જગત્ના વ્યવહારમાં ઘણી મુશ્કેલી આવી પડે છે તેથી તે ભલે નીતિમાન્ હોય

કે હું પણ આપણાના [illegible] માંથી [illegible]

ગયા તે તપાસ કરતો નથી. અને [illegible]

[illegible] આવ્યો અને નિર્ણયોમાં [illegible]

[illegible] કર. કે તેવા [illegible]

[illegible]

ઉચ્ચાર અને આચારો સમ્યગ્જ્ઞાનીઓ કહે છે તે પ્રમાણે શુભ છે કે અશુભ છે ? આ પ્રમાણે બે ઘડી પણ જગત્માં ભ્રમતી વૃત્તિઓને અન્તરમા વાળી તપાસ કરવામાં આવે તો અનુક્રમે તે વૃત્તિઓ કાબુમા આવે અને કબજામા આવ્યા પછી તે મન વચન અને કાયાની વૃત્તિઓ શુભ થતા આત્મોન્નતિમાં રીતસર સહકાર આપવામા સમર્થ બને; માટે **ઉત્તમ આલંબનોને ગ્રહણ કરવાપૂર્વક દુનિયામાં પરિભ્રમણ કરતી વૃત્તિઓને અન્તરમાં વાળવા માટે ટેવ પાડવાની આવશ્યકતા છે;** આવી અન્તરમાં વૃત્તિઓને વાળવાની ટેવ પાડવાથી તે વૃત્તિઓમાં ચંચલતા ઓછી થતા સ્થિરતાને આવવાનો અવકાશ મળે છે, ત્યારે **આન્તર જ્યોતિ ઝળહળે** છે અને ધાર્યા પ્રમાણે શુભ કાર્યો પાર ઉતરે છે એટલે શુભ માનસિક કામનાઓ સફળ થાય છે; શુભ કામનાઓ ફલવતી બનતાં જનસમુદાય, તે વૃત્તિઓને વાળવા પ્રયત્નશીલ બની સત્ય ધર્મનો સ્વીકાર કરીને આત્મવિકાસ સાધે છે-**જિનદાસની કન્યા હાંસીની માફક**-કોઈ એક નગરના શેઠ જિનદાસ, ન્યાય નિપુણ હતા, તથા ધાર્મિક ક્રિયામાં ચુસ્ત હતા; તેથી તેમના સંતાનોમા ધર્મના શુભ સંસ્કારો હતા, તેમના સંતાનો પૈકી એક હાસી નામે કન્યા-દીકરી હતી; તે પણ સારા સંસ્કારોથી સંસ્કારી બની; માતપિતાને પગે લાગવું, ઘરમાથી જોઈતી વસ્તુઓ ન મળે તોપણ કંકાસ-કજીઓ કરવો નહી. પાઠશાલામાં રીતસર ધાર્મિક અભ્યાસ કરવા જવું, પ્રભુ-પ્રતિમાનું પૂજન કર્યા સિવાય જમવું નહી અને કોઇની સાથે વિકથાની વાતો કરવી નહી; ખરાબ માણસોની સોબત કરવી

વિચારોને આવવાનો માર્ગ મળતો નથી; અશુભ વિચારોથી પાપબંધનો જરૂર બંધ પડે છે અને તેની અસર શરીર ઉપર થાય છે; માટે શોક-સંતાપાદિ કરવો તે પણ આત્મિક ઘાત છે. પરોપકાર કરીને અભિમાન કરવો તે પણ સમજુ મનુષ્યોને શોભાસ્પદ નથી, ઉલ્ટું અપયશ કરનાર છે, સામાન્યપણે કહીએ તો આમ જ કહી શકાય કે, **અભિમાન, આભવમાં અને પરભવમાં દરેક બાબતમાં નુકશાન કરનાર છે;** ઇન્દ્ર વિગેરેએ તથા શ્રીમંતોએ કરેલું અભિમાન તેમને પદભ્રષ્ટ કરી નાખે છે. અધમ હોય તે અભિમાન કરે; સુજ્ઞજનો તો સાહ્યબી-વૈભવ હોતે પણ નમ્રતા ધારણ કરે; માટે તમારા જેવા શ્રીમંતોએ અભિમાનનો ત્યાગ કરવાપૂર્વક નમ્રતા ધારણ કરવી તે અગત્યની છે.

૬૮૧. **અભિમાની શ્રીમંતો, સાધુઓ પાસે આવતાં પણ શરમાય છે અને સ્વજન વર્ગમાં જો કોઈ ગરીબ હોય તેની પાસે વાતચીત કરતાં તેઓને શરમ આવે છે;** તેમની સ્થિતિ કોઇ શ્રવણ કરાવે તો બધિર જેવા બને છે, તથા કોઇ તપાસ કરવાનુ કહે તો મને વખત નથી, આ પ્રમાણે કહીને ઉપેક્ષા વૃત્તિ ધારણ કરે છે. આવા દુઃખદાયી અભિમાનને ધર્મીજનો તો કદાપિ ધારણ કરતા નથી; જનસમુદાયમાં ઉપકાર કરીને તેનો બદલો લેવાની અભિલાષા રાખવી તે ઉપકાર કરવાનું ફલ નહી-પણ લેતી દેતી કહેવાય; ઉપકાર તો એવો હોવો જોઇએ કે જેમાં બદલો લેવાની વૃત્તિ હોય નહી, અને જેના ઉપર ઉપકાર કરેલ હોય તે અપકાર કદાચિત્ કરે તો પણ દયાભાવનો ત્યાગ કરે નહી; એક સજ્જનના ઘરમાં ઘણા

પાછા હઠે છે. અરે તેઓને હઠાવવા માટે કોઇ પણ ઉપાય લેતા નથી તો પછી તે ભય ખસે કયાંથી ? સાત ભયોને મૂળ- માંથી ટાળવા હોય તો બીજીવાર જન્મ ધારણ કરવો પડે નહી તેવા ઉપાયો લેવામા ખામી રાખો નહી; એટલે વિષય કષાયના વિકારોને બળ ફોરવી તેના મૂળોને બાળી નાંખો એટલે જન્મ ધારણ કરવો નહી પડે અને નિર્ભય બનશો.

૬૮૬. માણસો, કમાણી કરવા માટે સાચા જાઠાં વિવિધ **પ્રકારો કરીને** અઢારેય પાપસ્થાનકોને સેવી વિડંબનાઓ અને વિપત્તિઓના કારણોને ઉભા કરે છે, દુઃખને આપનાર એવી કમાણી તે કમાણી કહેવાય નહી. એવી કમાણી કરવી કે આ ભવમા અને પર ભવમાં સુખ-આરોગ્યને આપે આવી કમાણી કરવાને તમોએ વિચાર કે કાર્ય કર્યા છે ? કે આધિ-વ્યાધિ અને ઉપાધિને વધારનાર કાર્યો કર્યાં છે ? તમો ડાહ્યા હો, પ્રવીણ હો, તો ચિન્તાઓને તથા દુઃખોને પાપોને હઠાવે એવી કમાણી કરો. વિચાર અને વિવેક લાવવો ! તે સત્ય કમાણી છે.

૬૮૭. ક્રોધ-માન-માયા-લોભ અને વિષયના વિકારો- નું શિક્ષણ હોતું નથી; એતો અનાદિકાલના કર્મોના અભ્યા- સથી અને સંસ્કારો હોવાથી સ્વયમેવ જોડાય છે. શિક્ષણ લેવાનું હોય તો ખરાબ વિચારો અને વિકારો કેવી રીતે દૂર થાય તે લેવાનું હોય છે, અને લેવું જોઇએ, કારણ, વિષય કષાયના વિકારોએ પ્રાણી માત્રને પોતાના પાસમાં પકડીને ફસાવી નાખ્યા છે માટે તેઓને દુર કરવાનું શિક્ષણ લીધા વિના ચાલી શકે એમ નથી. તે વિકારોને હઠાવવાનું શિક્ષણ લેશો ત્યારે તમારી પ્રતિબદ્ધતા-પરાધીનતા દૂરે ખસવાની-તે સિવાય મુકત નહી થવાય.

માલુમ પડે છે કે, રાગ-દ્વેષ તેજ સુખના અને દુઃખના મૂળ કારણો છે અને તેનાથીજ સુખ-દુઃખની કલ્પના જન્મે છે.

૬૯૦. સંસારરૂપી મહેલના બે મ્હોટા થાંભલા છે એક રાગ અને દ્વેષ અને તેઓથી ઉત્પન્ન થએલ મમતા અને અને અહંકાર છે. આનાથી વિવિધ પ્રકારની કલ્પનાઓ જન્મે છે અને અજ્ઞજનો તેને જ સુખ દુઃખ માની બેસે છે. કોઈ બળવાન માણસે પોતાના શત્રુને મારી નાખ્યો; તે મરણ પામ્યા પછી તે મરનારની પત્નીના પેટે અવતર્યો, દશ બાર દિવસ પછી પોતાનો પુત્ર માની ઉત્સવ કરીને મનગમતું નામ રાખ્યું. શત્રુ હતો તે હવે પુત્ર બન્યો અને તેને પોતાની મિલ્કતનો સ્વામી બનાવ્યો આમાં કલ્પના સિવાય અને સંયોગ સિવાય અન્ય કારણ કયું છે ?

૬૯૧. આજીવિકા માટે અને વ્યાધિઓની પીડાઓને દૂર કરવા માટે મનુષ્યો ઘણી ચિન્તાઓ પૂર્વક પ્રયાસો કર્યા કરે છે. આજીવિકાના સાધનો સિવાય તથા વ્યાધિઓને હઠાવ્યા વિના સુખ મળવાનું નથી, આમ સમજી સઘળું જીવન તેમાં જ પૂર્ણ કરે છે, પણ જન્મ મરણની પીડાઓની તેઓને યાદી આવતી નથી; તે પીડાઓને હઠાવવા માટે જો પ્રયત્ન કરવામાં આવે તો આજીવિકાની તથા વ્યાધિઓની પીડાઓ ટળવા માંડે. મૂળ કારણને ખસેડયા વિના નિમિત્ત કારણ ખસતું નથી અને ચિન્તા તથા વ્યાધિઓ ખસતી નથી માટે જેઓ જન્મ જરા મરણની પીડાઓને મૂળમાંથી દૂર કરવા માટે પ્રયાસ કર્યા કરે છે તથા ચિન્તા રાખે છે તેજ સાચા

[illegible] અને [illegible]
[illegible] વ્યાધિઓને ટાળવા માટે દવા [illegible]
[illegible] ગુણમાંથી [illegible]
[illegible]
[illegible] નથી [illegible]
[illegible]
[illegible] ગુણમાંથી [illegible] નથી [illegible]
[illegible]

ટાળવાની તેમાં તાકાત નથી અને ટાળવા સમર્થ પણ નથી. આવા પ્રતિકારને સત્ય સુખનું સાધન માનનાર-અને મનાવનાર, બાળકો સમજવા. **બાળકો, જે ખાવાથી વ્યાધિ થતી હોય તે વસ્તુને ખાવા માટે તલપાપડ** થાય છે. માતપિતાની પાસે વારે વારે તેની માગણી કર્યા કરે છે. જ્યારે તે વસ્તુ આપે નહી ત્યારે રડવાનું ચાલુ કરે છે અગર ધમપછાડ કરવા મંડી પડે છે-તે પ્રમાણે જે ભોગોપભોગથી વ્યાધિઓ થઈ છે-તેઓની ઈચ્છા રાખે છે, ભોગોપભોગ ચાલુ રાખીને પોકારો કર્યા કરે છે, પાપોદયે તે વસ્તુઓ નહી મળતા દેવ-ગુરુ અને ધર્મમાંથી શ્રદ્ધાનો ત્યાગ કરી જેમ તેમ બકવા મંડી પડે છે-આવા જીવોને સુખ મળે ક્યાથી? અને વ્યાધિઓની પીડાઓ હઠે ક્યાથી? મનુષ્યો, દુન્યવી વૈષયિક સુખમા મુગ્ધ બનેલ છે, પણ તેજ મુગ્ધતા તેઓને મારે છે-દગો દઈ પરિભ્રષ્ટ કરી મૂકે છે; એક માણસને વિષય સુખ ભોગવતા શારીરિક વ્યાધિ થઈ, દિવસે દિવસે શક્તિ ક્ષીણ થવા લાગી. પરંતુ વિષય સુખ ભોગવાતા નહી હોવાથી તે ઘણી ચિન્તા કરવા લાગ્યો; હજારો રૂપિયા તે વ્યાધિને દૂર કરવા કચવાતા મને પણ ખર્ચ્યા, પણ ભોગોપભોગના સાધનો દૂર કરવા પડ્યા-ત્યારે થએલ વ્યાધિ શાત થઇ-શારીરિક શક્તિ આવી. ત્યારબાદ ભોગવેલા સુખની મુગ્ધતા હોવાથી તેમા પાછો રાચી માચી રહેવા લાગ્યો પાછો વ્યાધિ લાગુ પડ્યો. આ પ્રમાણે વર્તન રાખવાથી તેની વ્યાધિ કદાપિ ખસશે?

૬૯૩. આનંદ અને વિનોદ ખાતર, માનવો, જગં-

એકદા શ્રેણિક નૃપના પિતા પ્રસેનજિત, અન્ય રાજાઓ સદાય કબજામાં રહે અને કદાપિ ઉદ્ધત બનીને માથું ઉંચકે નહી અને સામા પડે નહી તે માટે સૈન્ય સાથે તૈયારી કરી રહેલ છે. સૈન્ય-આયુધો તપાસી રહેલા છે અને સાથે સાથે તેઓને ઉત્તેજિત કરી રહેલા છે. તે અરસામાં શ્રી બુદ્ધદેવ ત્યા આવ્યા અને કહ્યુ કે, કયે સ્થલે જવાની તૈયારી કરી રહેલ છો? નૃપે કહ્યું કે સામંત રાજાઓ માથું કદાપિ ઉચકે નહી અને સદાય કબજામા રહે તે માટે તૈયારી કરીને પ્રયાણ કરૂ છું. બુદ્ધદેવે કહ્યુ કે તે રાજાઓ ઉપર વિજય મેળવીને શું કરશો? નૃપે કહ્યું કે, સુખશાતિમાં રહીશ. ચિન્તાઓ થશે નહી. બુદ્ધદેવે કહ્યુ કે સાચો વિજય મેળવવાનો, તેઓને કબજે કરવાનો અને ચિન્તાઓને દૂર કરવાનો તથા સત્યસુખ શાંતિ મેળવવાનો આ સત્યોપાય નથી, આ વિજય અપૂર્ણ રહેવાનો જ, માટે હે રાજન્ કષાય અને વિષયોના વિકારોને હઠાવવા-મૂળમાથી નાશ કરવા માટે તૈયારી કર-અને તેઓને મૂલમાથી ઉખેડી નાખવા માટે પ્રયાસ કર-તેથી જ સાચો વિજય મળશે અને સાથે સાથે આધિ-વ્યાધિ અને ઉપાધિઓની વિડબનાઓ ટળી જશે, તેમજ આવા પ્રકારના વિજયમાં અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ મળવાપૂર્વક અનંતસુખનો ખજાનો ઉપલબ્ધ થશે અને જન્મ-જરા-મૃત્યુના મહાસંકટો મૂળમાથી નાશ પામશે; નૃપ પાછા વળ્યા. વિકારોને ટાળવા માટે ધર્મધ્યાનાદિક કરવા લાગ્યા આ દૃષ્ટાન્તથી આપણે પણ ધડો લેવો જોઇએ કે વિષય-કષાયના વિકારોને ટાળવામા સાચો વિજય છે-સાચી મહત્તા છે. અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ-સુખનો ભંડાર, આ પ્રકારના વિજય-

ગ્રાહકોનું મન મનાવી કાપડ ફાડીને આપતો અને પૈસા લઈને ખુશી થતો. કાપડ ફાડવાના સંસ્કારો પડેલા હોવાથી એકદા રાત્રીમાં સ્વપ્નું આવ્યું અને એક ગ્રાહક, કાપડ લેવા આવેલ છે, ગ્રાહક ઓછી કિંમતે માગણી કરે છે–અને કાપડીઓ–અધિક કિંમત કહે છે. ગ્રાહકનું મન મનાવીને કાપડ ફાડવા જાય છે તેવામા પહેરેલ પોતાનું પોતીયું જ ફાડી નાખ્યું; તેનો અવાજ સાભળી પાસે સૂઈ રહેલી સ્ત્રી જાગી ઉઠીને કહેવા લાગી, અરે આ શું કરો છો? ઉંઘમા જ તમે તમારૂં થેપાડું કેમ ફાડી નાંખ્યુ? તેણે કહ્યું કે–નિદ્રામા એક ગ્રાહકને દેખ્યો–તેને મનાવી કાપડને ફાડતાં મેં મારૂં પોતીયું–ધોતીયું ફાડી નાખ્યું; કાપડ ફાડવાના સંસ્કારો ઉંઘમા પણ જંપવા દેતા નથી સુખશાતિ મળતી નથી–ઉલ્ટું નુકશાન કરી નાખે છે–આ પ્રમાણે વિકારો પણ દરેક વખતે સતાવ્યા કરે છે, માટે તેઓનો ત્યાગ કરવાની અગત્યતા રહેલી છે, તેનો ત્યાગ કરશો ત્યારે સત્યશાતિ મળશે.

૭૪૦. સદ્વિવેકીની દયા, સર્વ પ્રાણીઓ ઉપર હોય છે, શકયતાએ પાલન પણ કરે છે. જલચર–સ્થલચર–ખેચર પ્રાણીઓ ઉપર પણ દયા રાખવાનું ભૂલતા નથી; તે પ્રમાણે અત્યત દુઃખી અને સીદાતા મનુષ્યો ઉપર અગર તેવા દેવાદાર મનુષ્યો ઉપર પણ દયા કરવાનું ભૂલે નહી, તોજ તેમની દયા શોભાસ્પદ બને. કેટલાક એવા પણ દયાળુ હોય છે કે પશુ–પંખીને કસાઇખાનેથી છોડાવી પાંજરાપોળમાં મુકી આવે અને દુઃખી માણસો તરફ દુર્લક્ષ રાખે, વ્યાપારાદિકમાં ગ્રાહકોની સાથે છળકપટ કરીને અગ્યારમા પ્રાણરૂપ પૈસાઓને અધિક પ્રમાણમા પડાવે તથા દેવાદારના ઉપર જુલમ કરી ઘરવખરીને

કપડા દેખી વિચાર કરે છે–કે અમારા ગુરુની પત્ની આવા સામાન્ય કપડા પહેરીને અહીંઆ આવેલ છે, તે ઠીક નહી–લાવ સારા આભૂષણો–અલંકારો પહેરાવીને તેની શોભામા વધારો કરૂં. રાણીએ દાસી દ્વારા આભૂષણ-અને અલંકારો મંગાવી ભેટ તરીકે મૂકી પહેરવાની આજીજી કરી. ગુરુ પત્નીએ કહ્યું–કે અમોને સાદાઇમાં રહેવાથી જે આનંદ પડે છે તે આનંદ અલંકારો દ્વારા આવતો નથી, તથા વિશેષ આનંદ વ્રતનિયમોને પાળવામાં આવે છે, માટે અલંકારો વિગેરેને પાછા લઇ લો ! રાણીએ કહ્યું કે ભેટ તરીકે આપેલ આ અલંકારો પાછા લેવાય નહી–માટે મહેરબાની કરી તમો પહેરો તે સિવાય મને આનંદ પડશે નહી. રાણીનો આગ્રહ હોવાથી આભૂષણ–અલંકારોને પહેરી પાલખીમા બેસી સ્વગૃહે આવે છે. શાસ્ત્રી તો મનુસ્મૃતિના મનનમાં મગ્ન બનેલ છે, કોઇ આવેલ જાણી બંધ બારણાને ઉઘાડી બહાર જુએ છે ત્યારે અલંકારવાળી સ્વપત્નીને દેખી કહે છે કે, તમે કોણ છો ? અમારી ધર્મપત્ની આવી હોય ? સાદાઇમા તે તો આનંદ માને છે અને રહે છે, માટે તમે તેવા નથી. સ્વપતિના આશયને જાણી પાછા જઇને સઘળી બીના કહીને અલંકારાદિકને પાછા આપીને ઘેર આવ્યા. શાસ્ત્રીએ કહ્યું કે હવે તું ધર્મપત્ની બરોબર કહેવાય; સુખે ઘરમાં આવો. આવા દંપતી પોતાના ઘરના વ્યવહારને તથા આત્માને સુધારી જીવનની સાર્થકતા કરવા સમર્થ બને છે અને અનુકરણીય બને છે.

૭૪૩. દેવગુરુ અને ધર્મની આરાધના કરી ફરજો પોતાના દોષોને ઢાંકવાં–દોષો જાહેરમાં ન આવે તથા વાહવાહ

છે, તે દેખીને પેલી ઇર્ષ્યાખોર રાણીઓ રાજાને કહેવા લાગી કે, તમે જેના પર અત્યંત પ્રેમ રાખો છો અને તેના આવાસે દરરોજ જાઓ છે તે રાણી તો દરરોજ તમારા કાર્મણ-વશીકરણના જાપના જપે છે. અમોએ સુખી થવા માટે તમોને કહ્યું. આ રાણી તો બડી ઠગારી દેખાય છે; માટે જો જો તેના પર વિશ્વાસ રાખતા નહીં. રાજાએ છાની રીતે તપાસ કરી. વશીકરણના જાપના બદલે **નમ્રતા, સરલતા અને સંતોષપૂર્વક આત્મભાવનાને ભાવતી દેખી અતિ રાજી થયો** અને અધિક સન્માન કરવા લાગ્યો. તે રાણીની નિન્દા કરનાર પેલી રાણીઓને બહુ ઠપકો આપ્યો કે તમો તેણીની નિન્દા કરો છો અને તે રાણી આત્મનિન્દા કરે છે, તમારા બેમાં કોણ કુશળ ? માટે આત્મનિન્દા કરી શુદ્ધતાને ધારણ કરો.

૭૫૦. કામરાગ;–મુગ્ધ મનુષ્યો કામરાગને સાચો પ્રેમ તથા સુખ માનતા હોવાથી સાચા પ્રેમને તથા સત્ય સુખને પ્રાપ્ત કરવા સમર્થ બની શકતા નથી. તેમજ માનસિક-શારીરિક શક્તિને વૃથા ગુમાવે છે. કામરાગ-તે અગ્નિ સરખો હોવાથી પ્રાણીઓના હૃદય બાળતો રહે છે કેટલાક મૂઢ માણસો જે જે મર્યાદા છે તેને દૂર કરીને ભમતા ફરે છે. તેઓને જે શાન્તિ હોય છે તેપણ ખસતી જાય છે. **કામરાગને પ્રેમ માનવો તે પાપનો ઉદય છે.** કારણ કે આત્મોન્નતિ અને શારીરિક-માનસિક શક્તિઓને ખતમ કરનાર જો કોઇ હોય તો કામરાગ બલવાન યોદ્ધો છે. જગતમા હજારોને હરાવનાર-શીકારી પ્રાણીઓ, સિંહ જેવાઓને વશ કરનાર પણ કામરાગની આગળ પરાજય પામે છે, અને તેની આધીનતા સ્વીકારે છે.

સ્વપત્ની માટે નવીન વસ્ત્રો, મીઠાઇ, મેવો ખરીદીને પોતાના ઘેર આવતા હતા, તેવામાં ગલીમા, સતાઇ રહેલા બે ગુંડાએ તે શેઠની પાસેથી સઘળું પડાવી લેવા માટે રીવોલ્વર તૈયાર કરી, પણ તે વખતે વર્ષાદ પડ્યો તેથી લીધેલ મેવા, મીઠાઈ તથા વસ્ત્રો ભીંજાઇ ગયા. શેઠ ચિન્તા-અફસોસ કરવા લાગ્યા અને એક જગ્યાએ બેસી, સાફ કરવા લાગ્યા. તે ગુંડાઓ શેઠની પાસે આવીને કહેવા લાગ્યા કે શેઠ ! કેમ ચિન્તા-શોક કરો છો ? વર્ષાદ વરસ્યો તેથી તો તમો બચી ગયા, નહી તો અત્રે મરણ પામત; કારણ કે તમારી પાસેથી બધી વસ્તુઓ પડાવી લેવા અમોએ રીવો- લ્વર ભરીને તૈયાર કરી પણ વર્ષાદથી તે ભીંજાઇ ગએલ હોવાથી ફુટી શકી નહી અને તમો બચી ગયા. માટે આનંદના પ્રસંગે શોક કરો નહી. શેઠે પણ ચિન્તા મૂકી પોતાના ઘરે આવીને વાત કહી.

પત્ની-પુત્રાદિક પણ ખુશી થયા, સારૂ થયું કે વર્ષાદ થયો, અને તમો બચી ગયા. વસ્ત્રાદિક તો બીજીવાર મળી આવશે. આ પ્રમાણે પુનઃ પુનઃ પ્રતિકૂળતા તો આ સંસારમાં આવવાની જ, તે પ્રસંગે પ્રતિકૂળતાને કસોટી માનીને સારા વિચારો કરવા તે હિતકર છે.

વિડંબનાઓ વિઘ્નો તથા વિપત્તિઓ જે આવી પડે છે તે મૂઢતા-આસક્તિઓને દૂર કરવા માટે આવે છે અને જાગ્રત્ કરવા આવે છે; આમ સમજી વલોપાત કરો નહી અને ચીકણા કર્મો બંધાય નહી તે માટે ઉપયોગ રાખો. વલો- પાત કરવાથી વિડંબના વિગેરે કષ્ટો ખસતા નથી, ઉલ્ટા વધે છે. અને વિચાર અને વિવેક પૂર્વક સહન કરવાથી અપૂર્વ

રહેશે નહી; પરંતુ તમારે તો સંયોગે મળેલા નશ્વર પદાર્થોમાં સત્ય સુખ મેળવવું તે કયાથી મળી શકે? માટે તેમાં મુગ્ધ બનતા નહી શાશ્વત સુખના સાધનો મેળવવા લગની લગાડો. આરોપિત-બનાવટી સુખ, તમોને કદાપિ સત્ય સુખ આપશે નહી. કલ્પનાજન્ય અને કલ્પનાતીત સુખમા ઘણો તફાવત છે. કયા સરસવ અને કયા મેરુ પર્વત? કયા બિન્દુ અને ક્યાં સમુદ્ર? તમોએ કલ્પનાજન્ય સુખનો તો અનુભવ કર્યો અને અદ્યાપિ કરી રહેલ છો. કહો તે સુખમા પરિણામે તમોને દુઃખનો અનુભવ થયો કે સુખનો? ઇચ્છાઓ-આશાઓ ટળી કે વધી? પરિતાપ અલ્પ થયો કે વદ્યો? તેવા સુખમાં આધિ-વ્યાધિ ઉપાધિ-વિઘ્નો દૂર ખસતા નથી પણ વધતા રહે છે અને પરિતાપનું જોર અલ્પ થતુ નથી સુખને ખાતર અધિક ચિન્તા કરશો તો મગજ, ચગડાળે ચઢી ચક્રમ્ બનશે. વિષયોમાં અધિક આસક્ત બનશો તો શારીરિક માનસિક અને આત્મિક શકિતને ગુમાવી બેસશો, માટે તેવા સુખમા મૂઢ ન બનતાં આત્મિક સુખના નિમિત્તો ઉપર પ્રેમ રાખવાપૂર્વક આદર કરો!

સુખની ખાતર, પાપ સ્થાનકોને સેવી મેળવેલા જે પદાર્થો છે, તે જ્યારે તેની ખાસ જરૂર પડે છે. ત્યારે જ ખસી જાય છે, અને અત્યંત પરિતાપને ઉપજાવે છે આવા પદાર્થોમા કોણ મુંઝાય? સમજુ માનવગણુ તો તેમાં મુગ્ધ બનતા નથી. અને તેઓની પરાધીનતામાં સપડાતા નથી

૭૫૪. લોભ, રાગના ઘરનો હોવાથી રાગની માફક અનેક પ્રકારના પાપોને કરાવે છે; ક્રોધ-માન અને માયા વિગેરે દુર્ગુણો પણ લોભ જન્ય છે. આવા દુર્ગુણો અને

દિક ભવોમાં પણ મળવા અશકય છે. દેવભવમાં પુણ્યનો ભોગવટો મળશે પણ વિષય કષાયના વિકારોને હઠાવવા સાધન સામગ્રી મળશે નહી.

૭૬૫. **ધન-સત્તા-સાહ્યબી અને પ્રભુતાથી બનેલ જોરાવરના જુલમનો તથા કરેલા અપરાધોનો ન્યાયાધીશો પણ ન્યાય બરોબર આપી શકે નહી,** તોપણ મનમાં ચિન્તા-શોક-પરિતાપ કરશો નહી. ભલે તમોને દોષિત ઠરાવ્યા હોય કે બરોબર ન્યાય આપ્યો હોય નહી તોપણ તેઓએ કરેલ કર્મોનો ન્યાય બરોબર આપવા તેમના કર્મો જ સમર્થ છે. બરોબર શિક્ષાઓ આપી ન્યાય આપશે. પરંતુ **જોરાવરે કરેલા જુલમના વખતે તમો શાંત દાંત બન્યા હશો તો** જ તેમના કર્મો, બરોબર ન્યાય આપી શકશે, અન્યથા નહી જ. માટે તેવા પ્રસંગે પોતાનો લાભ વિચારીને શાન બનવું તે જરૂરનું છે. જો તેવા પ્રસગે તમો સામા ધસી ગાળા ગાળી પૂર્વક સામે ઝગડો-લડાઇ કરશો તો ન્યાય મળશે નહી અને તમો પણ શિક્ષાપાત્ર બનશો કારણ કે તેવા પ્રસગે તમો શાત બન્યા નહી અને જ્ઞાનપૂર્વક સહન કર્યું નહી ને સામે ધસ્યા. તમે પણ શિક્ષા પાત્ર બન્યા **કર્મરાજા તો શાંત સહન કરનારને સાહ્યબી સંપત્તિ આપે છે, અન્યથા શિક્ષા કરે છે.** એટલે જુલમ કરનારને બરોબર શિક્ષા અપાવવી હોય તો શાત બનો અને સમ્યગ્જ્ઞાન પૂર્વક સહન કરો અને શિક્ષા પાત્ર બનવું હોય તો સામે પડો; પ્રથમ જુલમીને સારી રીતે નમ્રતા ધારણ કરીને સમજાવો, ન સમજે તો મૌન ધારણ કરી કર્મોના વિપાકોનો વિચાર કરવા પૂર્વક ધર્મધ્યાનમાં

ત્યાગ કરીને આશાવાન્ બનો. આશા મુજબ મળી આવશે.

૭૮૧. ઉત્તમ પુરુષોની બીન હયાતીમાં તેઓના સદ્દગુણોના વારંવાર યાદ આવે છે અને તેમની કિંમત સમજાય છે પણ, તેમની હયાતીમા બરોબર તેમના સદ્ગુણોની કદર થતી નથી, તેનું કારણ એ છે, કે તેમના સદ્ગુણોને જાણનાર પ્રાય ઓછા હોય છે અને કદર કરનારા અજ્ઞાની હોય છે. સહરાના રણુમાં પાણીનો અભાવ હોવાથી તેનું વારંવાર સ્મરણુ થાય અને તેના ગુણોની કદર થાય છે, માટે જ્યારે ઉત્તમ પુરુષોનું અસ્તિત્વ હોય ત્યારે તેઓના સદ્ગુણો તરફ લક્ષ રાખવામા આવે તો ઘણો આત્મિક લાભ થાય, અને વિઘ્નોના પ્રસંગે ધૈર્ય અને સહનશીલતા આવી હાજર થાય માટે પ્રથમ સામાન્ય માણસોમાંથી પણ ગુણ ગ્રહણ કરવાની તેમજ અનુમોદન કરવાની ટેવ પાડવી જોઇએ કે જેથી ઉત્તમ પુરુષોના સદ્ગુણોનુ ગ્રહણ થાય અને અનુમોદનાપૂર્વક પોતાનામા તેવા સદ્ગુણોનો નિવાસ થવાથી સદ્ગુણી બનાય અને ઉત્તરોત્તર આત્મોન્નતિનો સત્ય લાભ લેવાય; માટે દોષોને જોવાની જે કુટેવ અનાદિ કાળથી પડી છે તેને હઠાવી ગુણોને ગ્રહણ કરો જેથી દોષોને ગ્રહણ કરવાથી જે પાપ બધાય તે બધાશે નહી. સદ્ગુણોને ગ્રહણ કરવાથી તથા અનુમોદના કરવાથી દરેક પ્રાણીઓ પર મૈત્રીભાવના થશે. અને ઉત્તમ પુરુષોના સદ્ગુણો દેખી પ્રમોદભાવના હાજર થશે અને અધમમા અધમ પ્રાણીઓ પર દુષ્ટ વિચારો આવશે નહી. આ ઉત્તમ થવાનો માર્ગ છે દરેક પ્રાણીઓમા ચેતના હોવાથી સુદર યોગ્ય સાધનો મળતાં ઉચ્ચ સ્થિતિ આવીને ઉત્તમ બને છે. અધમ રહેતા નથી. માટે મૈત્રી

૭૮૮. **આત્મા સાથે ખીરનીર માફક કરેલી પ્રીતિ, જગતના સર્વે પ્રાણીઓ ઉપર મૈત્રી ભાવનાના મધુર આસ્વાદનો અનુભવ કરાવે છે** તેથી તેઓના તરફ પ્રીતિ રહે છે અને જન્મ પર્યંત તેઓના પર દ્વેષ થતો નથી, કદાચ એવા પ્રસંગને પામી દ્વેષાદિક થાય પણ લાંબો કાળ ટકતો નથી; તાપાદિકથી સુકાય તોપણ આત્મા અને તેના ગુણોમા પ્રગટેલો પ્રેમ કદાપિ નાશ પામશે નહી. કવિ કહે છે કે, "વૃક્ષ સાથ લાગી રહી, વેલ તણી જે પ્રીત; સુકે પણ મૂકે નહી, એ પ્રીતિની રીત." આ પ્રમાણે જો બરોબર આત્માના ગુણોમાં પ્રેમ લાગ્યો હશે તો આત્મવિકાસની સાથે જગતના જીવો ઉપર પ્રેમ રહેશે. **આત્મગુણોનો એવો સ્વભાવ છે કે તે દરેક પ્રાણીઓમાં તેઓના આત્મા તરફ લક્ષ દેવરાવે છે. નામરૂપ** ગમે **તેવા હોય તેના તરફ લક્ષ રહેતું નથી,** માટે તમારા સ્વજન વર્ગમા કરેલો પ્રેમ તથા સમાજ અને રાજ્ય-દેશ સેવામા કરેલો પ્રેમ સદાય નીભાવવો હોય તો, આત્માના ગુણોમાં અનન્ય પ્રીતિ ધારણ કરો જેથી દરેક પ્રાણીઓ પ્રત્યે પ્રીતિનો પ્રાદુર્ભાવ થશે અને કડવાશ, અરુચિ, અભિમાનાદિ દુર્ગુણો, અનાદિકાળથી જે ઘર કરીને રહેલા છે, તે નાસવા માડશે, સદ્ગુણોને આવવાનો અવકાશ મળશે અને આવીને સ્થિરતા ધારણ કરશે તમો જે જે સંબધો કરો છો અને પ્રીતિને ધારણ કરો છો તે સુખ શાતિને માટે જ. છતા કડવાશ બોલાબોલી ઇર્ષ્યા, અદેખાઇ વિ. કેમ થાય છે? તેનું કારણ તમો જાણો છો છતા સ્વાદ-સ્વાર્થને લીધે ભૂલી જાઓ છો માટે તમોને યાદી આપવામાં આવે છે કે તમોએ અદ્યાપિ તમારા આત્માને

સંતાપાદિક ખસતા નથી, માટે આ સાચો ઉપાય નથી પણ ધર્મની બરોબર આરાધનાપૂર્વક આત્મવિકાસ કરવો તે સાચો માર્ગ છે. જન્મ-જરા-મરણુજન્ય આધિ, વ્યાધિ અને વિડંબનાઓને ટાળવા માટે ઉત્તમ પુરૂષોએ બીજા ઉપાયોને કરેલ નહી હોવાથી અને ધર્મની આરાધનાપૂર્વક આત્મોન્નતિ કરેલ હોવાથી તે તે દુ:ખો વિડંબનાઓને મૂળમાંથી પણ નષ્ટ કરેલી છે. તમો પણ આ માર્ગને અનુસરશો તો જ દુ:ખોને હઠાવી સાચા સુખના સ્વામી બનશો. આ સિવાય સાચા સુખનો બીજો ઉપાય નથી. સત્તા-સંપત્તિ-યૌવનાદિક હોય ત્યાંસુધી ધર્મની આરાધના કરી આત્મિક વિકાસ સાધી લો-અન્યથા તે કાયમ રહેશે તેવો વિશ્વાસ રાખવો નહી. વિશ્વાસ રાખે છે, તેઓ જ મહા સંકટના ભોક્તા બને છે અને પોતાની શક્તિનો અપવ્યય કરતા રહે છે આત્મવિકાસ સધાતા સર્વે અનુકૂળ સામગ્રી મળી રહેશે.

૭૯૧. હાથપગ તેમજ શરીરની શુદ્ધિ કરવા માટે વિચારપૂર્વક ચોકખું પાણી લાવીને શુદ્ધિ કરી તેથી સમજતા નહી કે માનસિક શુદ્ધિ થઈ; શારીરિક શુદ્ધિથી માનસિક શુદ્ધિ થાય છે અને થશે તે ભ્રાન્તિ છે. માનસિક શુદ્ધિ તો સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રનું પાલન કરવાથી બની શકે છે; માનસિક શુદ્ધિ થતા, કાયિક શુદ્ધિ થતા આધિવ્યાધિ વિપત્તિઓનું જોર ચાલતું નથી અને આત્માના જે ગુણો પર દબાણુ છે તે ઓછું થતું જાય છે. શારીરિક શુદ્ધિવડે ચિન્તા-પરિતાપાદિક ઓછા થતા નથી માટે માનસિક શુદ્ધિ માટે પ્રભુની પૂજા કરવાપૂર્વક આજ્ઞા મુજબ વર્તન રાખો, તેથી અપૂર્વ આનંદ આવતો રહેશે. અત્યાર સુધી શારીરિક શુદ્ધિ પાણી દ્વારા કરી

ધારણ કરવાપૂર્વક તેઓના ઉપર દ્વેષ ધારણ કરતા નથી અને પ્રેમ ધારણ કરે છે; હલકા માણસો પ્રતિપક્ષ કે શત્રુઓ નમતા આવે ત્યારે અધિક ક્રોધાતુર બની વિવિધ દુખોને દેવાનું ચુકતા નથી. અગર લાગ જો ન હોય તો હૃદયમાથી દ્વેષને મૂકતા નથી.

ઉત્તમજનો, નમન કર્યા પછી તેને ખુશ કરીને ઉત્તમ માર્ગ બતાવી મદદ કરે છે પણ નીચ માણસો મનમા ડંખ રાખી તેવો વખત આવી મળતા તે સજ્જનોને દુ:ખ-પીડા ઉત્પન્ન કરવામાં પાછી પાની કરતા નથી, તેથી તેઓ પોતાની હલકાઇ-નો ત્યાગ કરતા ન હોવાથી ઉત્તમ વિચારો ઉચ્ચારો અને આચારોને પ્રાપ્ત કરવામાં બેનસીબ બની નીચ વિચારોને નીચ ગતિને આવવાનો માર્ગ ખુલ્લો કરી આપે છે. માટે ઉત્તમ ગુણોને તથા ઉત્તમ સ્થાન-ગતિને પ્રાપ્ત કરવી હોય તો ઉત્તમ વિચાર-ઉચ્ચાર ને આચારને કષ્ટ સહન કરીને પણ પ્રાપ્ત કરો **ઉત્તમ આચારો વિના ઉત્તમ વિચારોને કરશો અગર ઉત્તમ ઉચ્ચારો કરશો તોપણ લાંબો વખત ટકી શકશે નહી.** કારણ કે પ્રતિકૂળ નિમિત્તો અગર સયોગો આવી મળતાં આચાર વિના તે વિચારો અને ઉચ્ચારોનું પરિવર્તન થયા સિવાય રહેતું નથી. ઉત્તમ વિચારો અને ઉચ્ચારો સાથે જ આચારો હશે તો જ ઉત્તમ સંયોગો-ઉત્તમ નિમિત્તોની સાથે ઉત્તમ ગતિ પણ મળી આવશે. ઘણા માણસોના વિચારો ઉત્તમ વિચારો અને મધુર વચન હોય છે છતાં આચારમા ઘણી ખામી દેખાતી હોવાથી તેમના વચનો ઉપર વિશ્વાસ રખાતો નથી તેમની સાથે પરિચયમાં આવતા તેમજ વ્યાવહારિક કાર્યો કરતાં શંકા

આવતાં તેઓની ઉપેક્ષા કરવી તે અધિક લાભદાયક છે. કદાચ લાભ દેખાતો હોય અને મળતો હોય તો પરિણામે તેની દોસ્તી નુકશાનકારક નીવડે છે. બુદ્ધિ તો જરૂર બગડે છે અને સદ્ભાવના-સદ્વિચારમાં બગાડો પેસે છે. માટે **દોસ્તી કરતાં વિચાર કરશો. દોસ્તને-મિત્રને પસંદ કરવામાં ઉતાવળા બનો નહી, ધીમા થાઓ અને મિત્ર બનાવ્યા પછી તેનાથી છૂટા થવામાં તેથી પણ વધારે ધીમા થાઓ.** અન્યથા ભયંકર શત્રુને ઉત્પન્ન કરવામા તમો કારણ બનશો. **મિત્ર બનાવ્યા પછી ક્લેશ કંકાસ વેર કરીને છૂટા થશો નહી.** નહીતર વિશેષ વિઘ્નોમા સપડાવું પડશે. તે વખતે ઘણો પરિતાપ થશે. માટે દોસ્તી બાધતાં સારી રીતે પરિચયમાં આવી તેના વિચારો, ઉચ્ચારો અને આચારોનું શક્ય નિરીક્ષણ કરવું તે હિતાવહ અને શ્રેયસ્કર છે. કેટલાક એવા હોય છે કે પરિચય કર્યા વિના લોભ અને લાભ દેખી મિત્રતા કરવા ઉતાવળથી સંબધ બાધે છે, પણ લાભ ન મળતાં ક્લેશ કંકાસ કરીને છૂટા પડે છે, તેથી પરસ્પર વેર વિરોધ થતાં ઘણી નુકશાની વેઠવી પડે છે અને ધાર્મિક ક્રિયાઓમાં પણ સ્થિરતા રહેતી નથી. પરંતુ **સારા વિચારો-ઉચ્ચારો અને આચારો, જેઓના હોય, તેની સાથે મિત્રતા કરવી તે લાભનું કારણ છે.** તેથી ચિત્તની શુદ્ધિ થાય અને સુંદર આચારોમાં પણ દૃઢતા થાય. ઉત્તમ પુરુષોને ચાહવાથી હૃદય ખાલી થતું નથી પણ શુભ ભાવનામાં વધારો થાય છે. તેઓને સહારો આપવામાં પણ કોથળી ખાલી થતી નથી પણ પુણ્ય

મારા જ આધારે મારો અનુયાયી વર્ગ છે, નોકરો–ચાકરો તથા સ્વજનવર્ગ–પુત્ર, પત્ની વિગેરે જે પરિવાર છે તે સર્વે મારાથી પોષાય છે અને પોતાના જીવનમા લહેર કરી રહે છે, નહીતર ભૂખે કકળતા પરિભ્રમણ કરી મહાદુઃખી થાય. આવા વિચારો પણ કરવા ઉચિત નથી. કારણ કે **સર્વ પ્રાણીઓ ભાગ્યાનુસારે અને કર્માનુસારે સુખ અને દુઃખ ભોગવે છે. હું માત્ર નિમિત્ત તરીકે છું.** આવા વિચારો કરી ગર્વને ટાળવો તે જ મળેલી સંપત્તિની સાર્થકતા છે. પણ હું મહામહેનત કરીને કમાણી કરૂં અને બીજા બેઠા બેઠા ખાય? આવા વિચારો પણ સંપત્તિમાનને કરવા લાયક નથી. પણ જે બેઠાખાઉ હોય તેને શાતિપૂર્વક સમજાવીને ધંધે જોડવા તે હિતકર છે. વ્યાપારમા જોડેલાને પણ તમે આજ્ઞા વિના બીજે સ્થળે કેમ ગયા, તમે મૂર્ખશિરોમણી છો, મારા સિવાય ભૂખે મરશો, આ પ્રમાણે કહી આક્રોશ કરવો તે પણ ઉચિત નથી. પરંતુ સમજાવવા પ્રયત્નશીલ બનવું કે, જેથી નોકર–ચાકરો–પુત્રપરિવારને આનદ આવે અને પ્રેમભાવના વધતી રહે. કેટલીવાર ગર્વના વચનો સાભળી અનુયાયી વર્ગ તેમ જ સ્વજન વર્ગ વિગેરે વિરોધી બની વેર રાખીને જુદા થાય છે. તેથી જોઇએ તેવો સંપ રહેતો નથી. ઐક્ય તો નષ્ટ થાય છે.

એક શેઠની પાસે શારીરિક તથા ધન–પુત્ર પરિવારની સંપત્તિ સારા પ્રમાણમા હતી. તેમ જ ગર્વ–ગુમાનાદિક પણ સારા પ્રમાણમાં હતા. તેથી વાતચિત્તમાં દરેક સગાં–વહાલાઓની તથા નોકર–ચાકરોની સહજ ભૂલ થતા આવેશમાં આવી બોલવામાં બાકી રાખતો નહી અને કહેતો કે મારા વિના તમારી કિંમત

+ ૮૦-૮૧ જૈનધર્મ અને ખ્રીસ્તિ ધર્મનો મુકાબલો
તથા જૈન ખ્રીસ્તિ સંવાદ 1-0-0

+ ૮૨ સત્યસ્વરૂપ. ૦-૬-૦
+ ૮૩ ધ્યાનવિચાર. ૦-૮-૦
૮૪ **આત્મશક્તિપ્રકાશ** (આ. ૨) ૦-૧૪-૦
૮૫ **સાંવત્સરિક ક્ષમાપના** (આ. ૩) ૦-૮-૦
૦ ૮૬ આત્મદર્શન(મણિચંદ્રજીકૃત સજ્ઝાયોનુંવિવેચન)૦-૪-૦
૦ ૮૭ જૈનધાર્મિક શંકાસમાધાન. ૦-૪-૦
૦ ૮૮ કન્યાવિક્રયનિષેધ. ૦-૬-૦
+ ૮૯ આત્મશિક્ષાભાવનાપ્રકાશ. ૦-૭-૦
૯૦ **આત્મપ્રકાશ** (ત્રીજી આવૃતિ) ૫-૦-૦
૦ ૯૧ શોકવિનાશક ગ્રંથ ૦-૧-૦
+ ૯૨ તત્ત્વવિચાર. ૦-૬-૦
૯૩-૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ ૫ ૧-૦-૦
૦ ૯૮ જૈનસૂત્રમાં મૂર્તિપૂજા. ૦-૩-૦
+ ૯૯ શ્રી યશોવિજયજી નિબંધ ૦-૬-૦
૧૦૦ ભજનપદ સંગ્રહ ભાગ ૧૧ ૦-૧૨-૦
૧૦૧ ભજનપદ સં. ભા. ૧, ૨ (આ. ૪ થી) ૨-૮-૦
૦ ૧૦૨ ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત. ૧-૪-૦
૧૦૩-૪ શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર
તથા દેવવિલાસ ૦-૧૨-૦
૧૦૫ મુદ્રિતજૈન શ્વે. ગ્રન્થગાઇડ ૧-૮-૦
૧૦૬ કક્કાવલિ-સુબોધ. ૧-૪-૦
+ ૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહિત) ૦-૧૦-૦

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રકટ થયેલ ગ્રન્થો મળવાનાં ઠેકાણાં.

(૧) શ્રી બુદ્ધિસાગરજીસૂરિ જૈન જ્ઞાનમંદિર
શ્રી. વિજાપુર (ગુજરાત)

(૨) શ્રી. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ
ઠે૦ ૩૪૭ કાલબાદેવી રોડ-મુંબઇ ૨

(૩) શ્રી. મેઘરાજ પુસ્તક ભંડાર-ઠે૦ ગોડીજીની ચાલ-
ફીકાસ્ટ્રીટ મુંબઈ ૨

(૪) શ્રી. અમૃતલાલ શકરચંદ હીરાચંદ-શ્રી અમદાવાદ-
ઠે૦ ઝવેરીવાડ-આંબલીપોળ ઉપાશ્રય પાસે.

(૫) શ્રી. સોમચંદ ડી. શાહ. પાલીતાણા (સૌરાષ્ટ્ર.)



+ ૮૦-૮૧ જૈનધર્મ અને ખ્રીસ્તિ ધર્મનો મુકાબલો તથા જૈન ખ્રીસ્તિ સંવાદ ૧-૦-૦
+ ૮૨ સત્યસ્વરૂપ. ૦-૬-૦
+ ૮૩ ધ્યાનવિચાર. ૦-૮-૦
૮૪ **આત્મશક્તિપ્રકાશ (આ. ૨)** ૦-૧૪-૦
૮૫ **સાંવત્સરિક ક્ષમાપના (આ. ૩)** ૦-૮-૦
૦ ૮૬ આત્મદર્શન(મણિચંદ્રજીકૃત સજ્ઝાયોનું વિવેચન) ૦-૪-૦
૦ ૮૭ જૈનધાર્મિક શંકાસમાધાન. ૦-૪-૦
૦ ૮૮ કન્યાવિક્રયનિષેધ. ૦-૬-૦
+ ૮૯ આત્મશિક્ષાભાવનાપ્રકાશ. ૦-૭-૦
૯૦ **આત્મપ્રકાશ (ત્રીજી આવૃતિ)** ૫-૦-૦
૦ ૯૧ શોકવિનાશક ગ્રંથ ૦-૧-૦
+ ૯૨ તત્ત્વવિચાર. ૦-૬-૦
૯૩-૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ ૫ ૧-૦-૦
૦ ૯૮ જૈનસૂત્રમાં મૂર્તિપૂજા. ૦-૩-૦
+ ૯૯ શ્રી યશોવિજયજી નિબંધ ૦-૬-૦
૧૦૦ ભજનપદ સંગ્રહ ભાગ ૧૧ ૦-૧૨-૦
૧૦૧ **ભજનપદ સં. ભા. ૧, ૨ (આ. ૪ થી)** ૨-૮-૦
૦ ૧૦૨ ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત. ૧-૪-૦
૧૦૩-૪ શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ ૦-૧૨-૦
૧૦૫ મુદ્રિતજૈન શ્વે. ગ્રન્થગાઇડ ૧-૮-૦
૧૦૬ કક્કાવલિ-સુબોધ. ૧-૪-૦
+ ૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહિત) ૦-૧૦-૦

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રકટ થયેલ ગ્રન્થો મળવાનાં ઠેકાણાં.

(૧) શ્રી બુદ્ધિસાગરજીસૂરિ જૈન જ્ઞાનમંદિર
શ્રી. વિજાપુર (ગુજરાત)

(૨) શ્રી. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ
ઠે૦ ૩૪૭ કાલબાદેવી રોડ-મુંબઇ ૨

(૩) શ્રી. મેઘરાજ પુસ્તક ભંડાર-ઠે૦ ગોડીજીની ચાલ-
કીકાસ્ટ્રીટ મુંબઈ ૨

(૪) શ્રી. અમૃતલાલ શકરચંદ હીરાચંદ-શ્રી અમદાવાદ-
ઠે૦ ઝવેરીવાડ-આબલીપોળ ઉપાશ્રય પાસે.

(૫) શ્રી. સોમચંદ ડી. શાહ. પાલીતાણા (સૌરાષ્ટ્ર.)

